અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

07 MARCH-2026 SATURDAY | Vol. : 17 | Issue : 243 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ


» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પનો નવો ડ્રામા: આંખ બંધ કરીને બેઠા રાષ્ટ્રપતિ, પાદરીઓએ હાથ પકડ્યો

4

માણસોના લોહીમાં કાર્બન ડાયોક્સાઈડનું સ્તર વધી રહ્યું છે

6

સેમિ ફાઈનલ બાદ ભાવુક થયો સંજુ સેમસન, સંઘર્ષના દિવસો યાદ કરી કહ્યું - 9 મહિના કપરાં હતા

7

સેન્સેક્સ 500 પોઈન્ટ ઘટીને 79,500 પર ટ્રેડિંગ: નિફ્ટીમાં 150 પોઈન્ટનો ઘટાડો, 24,600 પર પહોંચ્યો

## આસામમાં વાયુસેનાનું સુખોઈ ફાઈટર જેટ ક્રેશ: બંને પાઈલટનાં મોત

### જોરહાટથી 60 કિમી દૂર અકસ્માત, એરફોર્સે મૃતકોના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી





**નવી દિલ્હી, તા.06**

આસામના કાર્બી આંગલોંગ વિસ્તારમાં ટ્રેનિંગ દરમિયાન રડાર પરથી ગુમ થયેલું ભારતીય વાયુસેનાનું સુખોઈ Su-30MKI ફાઈટર જેટ ક્રેશ થઈ ગયું છે. આ દુર્ઘટનામાં બંને પાઈલટ સ્ક્વોડ્રન લીડર અનુજ અને ફ્લાઈટ લેફ્ટનન્ટ પૂર્વેશ દુરાગકરનું પણ મોત થયું છે. ભારતીય વાયુસેનાએ બંને પાઈલટના મૃત્યુ પર ભારે શોક વ્યક્ત કરતા તેમના પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે.

વાયુસેનાએ ગુરુવારે મોડી રાત્રે 1 વાગ્યાને 9 મિનિટે ક્રેશની પુષ્ટિ કરી હતી. શુક્રવારે સવારે 9.14 વાગ્યે એક અન્ય X પોસ્ટમાં બંને પાઈલટના મૃત્યુની જાણકારી આપી. સેના મુજબ, શોધખોળ અભિયાન ચાલુ છે. જ્યારે આ દુર્ઘટના થઈ ત્યારે ફાઈટર જેટ નિયમિત ઉડાન કે મિશન પર હતું. આ દરમિયાન તેનો ગ્રાઉન્ડ કંટ્રોલ સાથે સંપર્ક તૂટ્યો હતો.

વાયુસેના મુજબ, રડાર સાથે સંપર્ક કપાયા થયા પછી વાયુસેનાએ તરત જ એલર્ટ જાહેર કરીને ઘટનાની તપાસ માટે IAF ટીમને આસામ રવાના કરી. હાલમાં વિમાનની ચોક્કસ સ્થિતિ અને સંપર્ક તૂટવાનું કારણ શોધવામાં આવી રહ્યું છે.

સુખોઈ Su-30MKI ભારતીય વાયુસેનાના સૌથી અદ્યતન અને શક્તિશાળી ફાઈટર પ્લેનમાંથી એક માનવામાં આવે છે. આ બે એન્જિનવાળું મલ્ટીરોલ ફાઈટર જેટ છે, જેનો ઉપયોગ હવાઈ સંરક્ષણ, લાંબા અંતરની સ્ટ્રાઈક અને દેખરેખ જેવા મહત્વપૂર્ણ મિશનોમાં થાય છે. ભારતીય વાયુસેનાનું SU-30MKI જેટ ટ્રેનિંગ ઉડાન પર હતું. ઉડાન દરમિયાન ટેકનિકલ ખામી સર્જાતા વિમાન નાસિક નજીક ખેતરમાં પડી ગયું. બંને પાઈલટોએ સમયસર ઈજેક્ટ કરી લીધું અને સુરક્ષિત બચી ગયા.

ગ્વાલિયરથી ટ્રેનિંગ મિશન પર ઉડેલા બે ફાઈટર પ્લેન SU-30MKI અને Mirage-2000 હવામાં ટકરાઈ ગયા. SU-30ના બંને પાઈલટ સુરક્ષિત બહાર નીકળઈ ગયા, પરંતુ મિરાજ-2000ના પાઈલટનું મૃત્યુ થયું હતું.

તેજપુર એરબેઝ પરથી ઉડાન ભર્યાના થોડા સમય પછી વિમાનમાં ટેક્નિકલ સમસ્યા સર્જાઈ હતી. પાઈલટોએ વિમાનમાંથી ઈજેક્ટ કરી લીધું. બંને સુરક્ષિત બચી ગયા.

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) ના ટેસ્ટ પાઈલટ SU-30MKI ની ટેસ્ટ ઉડાન કરી રહ્યા હતા. આ દરમિયાન વિમાન ક્રેશ થઈ ગયું. બંને પાઈલટ સમયસર બહાર નીકળી ગયા અને સુરક્ષિત રહ્યા.

તેજપુર એરબેઝ પરથી ઉડાન ભર્યા પછી SU-30MKIનો સંપર્ક તૂટી ગયો. પછીથી અરુણાચલ પ્રદેશના પહાડી વિસ્તારમાં વિમાનનો કાટમાળ મળ્યો. આ દુર્ઘટનામાં બંને પાઈલટોના મોત થયા. ટ્રેનિંગ મિશન દરમિયાન વિમાન ક્રેશ થયું. બંને પાઈલટ સુરક્ષિત બહાર નીકળી આવ્યા. આ દુર્ઘટનામાં જમીન પર હાજર ત્રણ લોકો ઘાયલ થયા.

પુણે નજીક ટ્રેનિંગ ઉડાન દરમિયાન SU-30MKI દુર્ઘટનાગ્રસ્ત થયું. બંને પાઈલટોએ સમયસર વિમાનમાંથી નીકળી ગયા અને સુરક્ષિત રહ્યા.

વિમાને તેજપુર એરબેઝ પરથી ઉડાન ભરી હતી, પરંતુ થોડા સમય પછી ટેકનિકલ ખામી સર્જાઈ. પાઈલટોએ ઈજેક્ટ કર્યું અને સુરક્ષિત બચી ગયા.

## બંગાળ SIR- મમતા બેનર્જી કોલકાતામાં ધરણા પર બેઠા: મમતાએ કહ્યું- ચૂંટણી પંચે જે મતદારોને મૃત જાહેર કર્યા, હું તેમને સામે લાવીશ



**કોલકાતા, તા.06**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ શુક્રવારે કોલકાતામાં મતદાર યાદીમાંથી નામ હટાવવા સામે ધરણા શરૂ કર્યા. તેમણે આરોપ લગાવ્યો કે પોસ્ટ-SIR પ્રક્રિયા પછી મતદાર યાદીમાંથી મનસ્વી રીતે નામ હટાવવામાં આવી રહ્યા છે. કોલકાતાના એસ્પ્લેનેડ મેટ્રો ચેનલ પર શરૂ થયેલા આ વિરોધ દરમિયાન મમતા બેનર્જીએ કહ્યું કે BJP અને ચૂંટણી પંચ બંગાળી મતદારોને મતદાન કરતા રોકવાનું ષડયંત્ર કરી રહ્યા છે. તેમણે કહ્યું કે તેઓ આ ષડયંત્રનો પર્દાફાશ કરશે.

TMC પ્રમુખે આરોપ લગાવ્યો કે સુધારેલી મતદાર યાદીમાં ઘણા મતદારોને ખોટી રીતે મૃત જાહેર કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે આવા લોકોને તેઓ ધરણા સ્થળે લાવીને બતાવશે, જેમને ચૂંટણી પંચે મૃત જાહેર કર્યા છે.

આ ધરણા બપોરે લગભગ 2:15 વાગ્યે શરૂ થયા. આ પ્રદર્શન રાજ્યમાં ચૂંટણી પંચના સંપૂર્ણ દળના પ્રસ્તાવિત પ્રવાસના બે દિવસ પહેલા થઈ રહ્યું છે. તેની જાહેરાત અગાઉ TMCના રાષ્ટ્રીય મહાસચિવ અભિષેક બેનર્જીએ કરી હતી.

28 ફેબ્રુઆરીના રોજ ચૂંટણી પંચે પોસ્ટ-SIR પછી સુધારેલી મતદાર યાદી જાહેર કરી હતી. આ પછી સત્તાધારી TMC અને ચૂંટણી પંચ વચ્ચે ઘર્ષણ તેજ બન્યું છે. ચૂંટણી પંચ રાજકીય હેતુથી મતદાર યાદીનું સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કરી રહ્યું છે. હટાવાયેલા નામોમાં લઘુમતી સમુદાય, પ્રવાસી મજૂરો અને આર્થિક રીતે નબળા વર્ગના લોકો વધુ છે. મતદાર યાદીમાંથી એક કરોડથી વધુ નામ હટાવવાનું લક્ષ્ય પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં જ નક્કી કરી લેવામાં આવ્યું હતું.

28 ફેબ્રુઆરીએ જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, ગયા વર્ષે નવેમ્બરમાં SIR પ્રક્રિયા શરૂ થયા પછી લગભગ 63.66 લાખ નામ એટલે કે કુલ મતદારોના લગભગ 8.3% નામ યાદીમાંથી હટાવવામાં આવ્યા છે. આ પછી રાજ્યમાં કુલ મતદારોની સંખ્યા લગભગ 7.66 કરોડથી ઘટીને લગભગ 7.04 કરોડ થઈ ગઈ છે. આ ઉપરાંત 60.06 લાખથી વધુ મતદારોને 'અંડર એડજુડિકેશન' શ્રેણીમાં રાખવામાં આવ્યા છે. એનો અર્થ એ છે કે તેમની પાત્રતા આવનારા અઠવાડિયામાં કાનૂની તપાસ પછી નક્કી કરવામાં આવશે. આનાથી ઘણા વિધાનસભા ક્ષેત્રોમાં ચૂંટણી સમીકરણો બદલાઈ શકે છે.

## ટ્રમ્પના ટેરિફ પર ઈન્ટરનેશનલ ટ્રેડ કોર્ટનો નિર્ણય: કંપનીઓને ટેરિફના 14.5 લાખ કરોડ રૂપિયા પાછા આપવા પડશે.....



**વોશિંગ્ટન, તા.06**

અમેરિકાની ઈન્ટરનેશનલ ટ્રેડ કોર્ટે ટ્રમ્પ પ્રશાસનને આદેશ આપ્યો કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા લાદવામાં આવેલી ટેરિફના પૈસા કંપનીઓને પરત કરવામાં આવે. ડિસેમ્બર સુધીમાં ટેરિફમાંથી 10.79 લાખ કરોડ રૂપિયા વસૂલવામાં આવ્યા હતા અને કુલ રિફંડ 14.5 લાખ કરોડ રૂપિયા સુધી પહોંચી શકે છે. જજ રિચાર્ડ ઈટને પેન્ડિંગ કેસોમાં ટેરિફ હટાવીને ફરીથી કેલક્યુલેશન કરવાનું કહ્યું. ટ્રમ્પે ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ-1977 હેઠળ ઘણા દેશો પર ટેરિફ લાદ્યા હતા. અમેરિકી કંપનીઓએ કોર્ટમાં તેને પડકાર્યો હતો. 20 ફેબ્રુઆરી 2026ના રોજ સુપ્રીમ કોર્ટે ટેરિફ રદ કરતા કહ્યું કે ટેરિફ નક્કી કરવાનો અધિકાર કોંગ્રેસ પાસે છે, રાષ્ટ્રપતિ પાસે નહીં. ત્યારે રિફંડ પર સ્પષ્ટતા નહોતી. ટેનેસીની એટમસ ફિલ્ટ્રેશનની અરજી પર જજે રિફંડનો આદેશ આપ્યો છે.

પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટને 1999માં જજ ઈટનની નિમણૂક કરી હતી. ઈટને કહ્યું કે ટેરિફ રિફંડની સુનાવણી તેઓ પોતે જ કરશે, જેથી રિફંડ પ્રક્રિયા ગૂંચવાય નહીં. અપીલ: સરકાર ઉપલી કોર્ટમાં પડકારી શકે છે. 2. સ્ટે: સરકાર હંગામી રોક માંગી શકે છે. 3. વિલંબ: કસ્ટમ્સમાં લિક્વિડેશન (અંતિમ હિસાબ) પછી આયાતકારને દાવો/પડકાર માટે 180 દિવસ મળે છે. આનાથી સરકાર પણ રિફંડ 6 મહિના સુધી ટાળી શકે છે.

આ પહેલા 20 ફેબ્રુઆરીએ સુપ્રીમ કોર્ટે ટ્રમ્પ પ્રશાસનને ફટકાર લગાવતા કહ્યું હતું કે અમેરિકા દુનિયાના દરેક દેશ સાથે યુદ્ધની સ્થિતિમાં નથી. જોકે, આ નિર્ણયને લઈને 3 જજો- જસ્ટિસ સેમ્યુઅલ એલિટો, ક્લેરેન્સ થોમસ અને બ્રેટ કેવનૉએ આ નિર્ણય સાથે અસહમતિ દર્શાવી હતી.

કેવનોએ પોતાની નોંધમાં લખ્યું કે ટેરિફ નીતિ સમજદારીભરી છે કે નહીં, તે અલગ સવાલ છે, પરંતુ તેમના મતે તે કાયદેસર રીતે માન્ય હતી. કેવનોએ પોતાની નોંધમાં ભારત પર રશિયન તેલ ખરીદી બાબતે લગાવવામાં આવેલા ટેરિફનો પણ ઉલ્લેખ કર્યો.


તેમણે લખ્યું કે આ ટેરિફ વિદેશ નીતિ અને રાષ્ટ્રીય સુરક્ષા સાથે સંકળાયેલા સંવેદનશીલ મુદ્દાઓ હેઠળ લગાવવામાં આવ્યા હતા.

અમેરિકી સુપ્રીમ કોર્ટમાં કુલ 9 જજ છે. તેમાંથી 6 જજોને રિપબ્લિકન રાષ્ટ્રપતિઓએ નિયુક્ત કર્યા છે, જ્યારે 3 જજોને ડેમોક્રેટિક રાષ્ટ્રપતિઓએ નિયુક્ત કર્યા. ચુકાદાની વિરુદ્ધમાં મત આપનારા ત્રણેય જજોને રિપબ્લિકન રાષ્ટ્રપતિઓએ નિયુક્ત કર્યા હતા. ટ્રમ્પ પણ રિપબ્લિકન પાર્ટીમાંથી છે. સુપ્રીમ કોર્ટના નિર્ણયથી નારાજ થઈને ટ્રમ્પે બીજા જ દિવસે ગ્લોબલ ટેરિફ 10%થી વધારીને 15% કરવાની જાહેરાત કરી હતી. ટ્રમ્પે એક આદેશ પર હસ્તાક્ષર કરીને દુનિયાભરના દેશો પર નવો ટેરિફ લગાવ્યો હતો. આ 15% ટેરિફ 24 ફેબ્રુઆરીથી લાગુ થઈ ગયો છે.

આ પહેલા તેમણે ટેરિફને ગેરકાયદેસર ગણાવનારા જજોની પણ ટીકા કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું- મને કોર્ટના કેટલાક જજો પર શરમ આવે છે. તેઓ દેશ માટે કલંક છે, તેમનામાં આપણા દેશ માટે યોગ્ય કામ કરવાની હિંમત નથી.

ટ્રમ્પના ટેરિફ વિવાદના કેન્દ્રમાં એક કાયદો છે, જેનું નામ ઈન્ટરનેશનલ ઈમરજન્સી ઈકોનોમિક પાવર્સ એક્ટ (IEEPA) છે. આ કાયદો 1977માં બનાવવામાં આવ્યો હતો. તેનો હેતુ એ હતો કે જો દેશ પર કોઈ ગંભીર ખતરો જેમ કે યુદ્ધ જેવી સ્થિતિ, વિદેશી દુશ્મનથી મોટો આર્થિક ખતરો અથવા અસાધારણ આંતરરાષ્ટ્રીય સંકટ આવે તો રાષ્ટ્રપતિને કેટલીક ખાસ સત્તાઓ આપી શકાય. આ સત્તાઓ હેઠળ રાષ્ટ્રપતિ વિદેશી લેણદેણ પર રોક લગાવી શકે છે, તેમને નિયંત્રિત કરી શકે છે.

## ટ્રમ્પે કહ્યું- ઈરાન શરત વગર સરેન્ડર કરે, તો જ સમજૂતી: નવી સારી લીડરશિપ પસંદ કરીશું, ઈરાનને બીજીવાર ગ્રેટ બનાવીશું



**વોશિંગ્ટન, તા.06**

અમેરિકા-ઈઝરાયલ-ઈરાન યુદ્ધનો સાતમો દિવસ છે. આ દરમિયાન, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાન સાથે કોઈપણ સમજૂતી ફક્ત ત્યારે જ શક્ય છે જો ઈરાન કોઈપણ શરત વગર સરેન્ડર કરે. તેમણે કહ્યું કે આ પછી ઈરાનમાં એક નવું અને સારું નેતૃત્વ પસંદ કરવામાં આવશે.

ટ્રમ્પે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે જ્યાં સુધી ઈરાન શરત વગર સરેન્ડર નહીં કરે સ્વીકારે નહીં ત્યાં સુધી તેની સાથે કોઈ સમજૂતી થશે નહીં. તેમણે કહ્યું કે શરણાગતિ સ્વીકાર્યા પછી ઈરાનમાં વધુ સારું નેતૃત્વ પસંદ કરવામાં આવશે.

તેમણે કહ્યું કે અમેરિકા ઈરાનની આર્થિક શક્તિને પુનઃસ્થાપિત કરવા માટે તેના સાથી દેશો સાથે કામ કરશે. ટ્રમ્પે પોતાની પોસ્ટમાં 'મેક ઈરાન ગ્રેટ અગેઈન (MIGA)' ના સૂત્રનો પણ ઉપયોગ કર્યો અને કહ્યું કે ઈરાન ભવિષ્યમાં વધુ મજબૂત અને વધુ સમૃદ્ધ બની શકે છે.

દરમિયાન, ઈરાન ડ્રોન અને મિસાઈલોનો ઉપયોગ કરીને ઈઝરાયલી અને યુએસ બેઝ પર હુમલો કરવાનું ચાલુ રાખ્યું છે.

લેબનોનમાં ઈઝરાયલી હુમલાઓમાં મૃત્યુઆંક વધીને 217 થયો છે. લેબનોનના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, સોમવારથી ચાલી રહેલા હુમલાઓમાં 798 લોકો ઘાયલ પણ થયા છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે હુમલાઓ બાદ મોટી સંખ્યામાં ઘાયલોને હોસ્પિટલોમાં દાખલ કરવામાં આવ્યા છે અને બચાવ કામગીરી ચાલુ છે.

ઈરાને ઈરાકના કુર્દીસ્તાન ક્ષેત્રમાં સશસ્ત્ર કુર્દિશ ગ્રુપના સ્થાનો પર મિસાઈલ હુમલા કર્યા છે. ઈરાની સરકારી ટીવી અનુસાર, આ હુમલાઓમાં ઈરાન વિરોધી અલગતાવાદી સંગઠનોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

ઈરાનના સરકારી ટીવીના અહેવાલ મુજબ, હોર્મુઝ સ્ટ્રેટમાં એક જહાજ સાથે ડ્રોન અથડાયું હતું, જેના કારણે તેમાં આગ લાગી ગઈ હતી.

હજુ સુધી એ સ્પષ્ટ નથી કે જહાજ કયા દેશનું હતું અથવા તે કયા પ્રકારનું જહાજ હતું. ડ્રોન હુમલો કોણે કર્યો તે પણ સ્પષ્ટ નથી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે જ્યાં સુધી ઈરાન કોઈપણ શરત વગર સરેન્ડર નહીં ત્યાં સુધી તેની સાથે કોઈ સોદો થશે નહીં. ટ્રમ્પે આ નિવેદન સોશિયલ મીડિયા પોસ્ટમાં આપ્યું હતું. ટ્રમ્પે કહ્યું કે ઈરાન સાથે કોઈપણ સોદો ફક્ત ત્યારે જ શક્ય છે જો તે કોઈપણ શરત વગર સરેન્ડર કરે. આ પછી, 'શ્રેષ્ઠ નેતૃત્વ' પસંદ કરવામાં આવશે.

અલ જઝીરાએ ઇરાકી સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે, ઇરાકના બસરા આંતરરાષ્ટ્રીય એરપોર્ટને ડ્રોન દ્વારા નિશાન બનાવવામાં આવ્યું છે. આની પાછળ કોનો હાથ છે તે સ્પષ્ટ નથી.

ઈઝરાયલે ઈરાની શહેરો તેહરાન અને ઈસ્ફહાન પર હવાઈ હુમલા કર્યા છે. ઈઝરાયલી સૈન્યએ X પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું કે આ કાર્યવાહીમાં ઈરાની શાસન સાથે જોડાયેલી માળખાંગત સુવિધાઓને નિશાન બનાવવામાં આવી હતી. સૈન્યએ આ કાર્યવાહીને '15મો હવાઈ હુમલો' ગણાવ્યો હતો. ઈરાને સંયુક્ત આરબ અમીરાત (UAE) પર નવ બેલિસ્ટિક મિસાઈલો અને 100 થી વધુ ડ્રોનથી હુમલો કર્યો છે. UAEના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે એર ડિફેન્સ સિસ્ટમે મોટાભાગની મિસાઈલો અને ડ્રોનને અટકાવ્યા હતા.

કુવૈતે જણાવ્યું છે કે તેના હવાઈ ક્ષેત્રમાં ફરીથી ડ્રોન અને મિસાઈલ દ્વારા હુમલો કરવામાં આવ્યો છે. કુવૈતી સૈન્યના જણાવ્યા અનુસાર, તેની એર ડિફેન્સ સિસ્ટમ આ હુમલાઓનો જવાબ આપી રહી છે.

સૈન્યએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેની એર ડિફેન્સ સિસ્ટમ હાલમાં કુવૈતી હવાઈ ક્ષેત્રમાં પ્રવેશેલા 'દુશ્મન ડ્રોન અને મિસાઈલ હુમલાઓ'નો સામનો કરી રહી છે. કુવૈતી સૈન્યએ કહ્યું કે પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને નવી માહિતી ઉપલબ્ધ થતાં જ શેર કરવામાં આવશે. ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પઝશકિયાંએ જણાવ્યું છે કે કેટલાક દેશોએ વર્તમાન પ્રાદેશિક તણાવને ઉકેલવા માટે મધ્યસ્થી પ્રયાસો શરૂ કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે ઈરાન આ ક્ષેત્રમાં કાયમી શાંતિ માટે પ્રતિબદ્ધ છે. પઝશકિયાંએ એક સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે કેટલાક દેશોએ સંઘર્ષને શાંત કરવા માટે મધ્યસ્થી પ્રયાસો શરૂ કર્યા છે, જોકે તેમણે સ્પષ્ટ કર્યું નથી કે કયા દેશો સામેલ છે.

તેમણે ઉમેર્યું હતું કે મધ્યસ્થી પ્રયાસોમાં એવા દેશોનો પણ સમાવેશ થવો જોઈએ જેમણે ઈરાની લોકોને ઓછો અંદાજ આપ્યો અને સંઘર્ષને ઉશ્કેર્યો. પઝશકિયાંના નિવેદનને અમેરિકા અને ઈઝરાયલના સંદર્ભ તરીકે જોવામાં આવી રહ્યું છે.

ઈઝરાયલે દક્ષિણ લેબનોનના સિદોન શહેર પર હુમલો કર્યો છે. લેબનોનના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ હુમલામાં ઓછામાં ઓછા પાંચ લોકો માર્યા ગયા છે અને સાત અન્ય ઘાયલ થયા છે. મંત્રાલયે જણાવ્યું હતું કે હુમલા બાદ રાહત અને બચાવ ટીમો ઘટના સ્થળે પહોંચી હતી અને ઘાયલોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. સિદોન દક્ષિણ લેબનોનનું એક મુખ્ય શહેર છે. તાજેતરના દિવસોમાં, ઈઝરાયલ અને લેબનોન વચ્ચે વધતા લશ્કરી તણાવ વચ્ચે આ વિસ્તારમાં વારંવાર હુમલાઓના અહેવાલો આવ્યા છે.





### ગાડીમાંથી દારુની બોટલ મળી આવી

# ‘SHE ટીમ’ની વાન ડિવાઈડર ઉપર ચઢી, ડ્રાઈવર નશાની હાલતમાં ઝડપાયો

**અમદાવાદ, તા.06**

ગુજરાતમાં દારૂબંધીના કડક અમલ વચ્ચે અમદાવાદના નિકોલ વિસ્તારમાંથી એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ગત મોડી રાત્રે નિકોલના ભવાની ચોક નજીક ‘SHE ટીમ’ની સરકારી પોલીસ વાન ડિવાઈડર પર ચઢી ગઈ હતી. રાત્રે આશરે ૨ વાગ્યાના સમયે ઝડપથી આવી રહેલી વાનના ચાલકે સ્ટીયરિંગ પર કાબૂ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માતનો અવાજ સાંભળતા આસપાસના લોકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા. લોકોએ જ્યારે વાન પાસે જઈને અંદર નજર કરી ત્યારે તેઓ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. વાનનો ડ્રાઈવર નશાની હાલતમાં હોવાનું સામે આવ્યું હતું. વધુમાં ગાડીની અંદરથી દારૂની બોટલ અને દારૂ ભરેલો ગ્લાસ પણ મળ્યો હતો.





મહિલાઓની સુરક્ષા માટે કાર્યરત ‘SHE ટીમ’ની ગાડીમાં જ દારૂની બોટલો જોવા મળતા હાજર લોકોએ ભારે રોષ વ્યક્ત કર્યો હતો અને ઘટનાને લઈ હોબાળો મચ્યો હતો. ઘટનાની જાણ થતાં નિકોલ પોલીસનો કાફલો તરત જ સ્થળ પર પહોંચી ગયો હતો.

### શોટસર્કીટના કારણે આગ લાગી હોવાની આશંકા

# કાલુપુરમાં સેવના કારખાનામાં ભીષણ આગ : 16 ફાયર ફાઇટરે કાબૂ મેળવ્યો..





**અમદાવાદ, તા.06**

કાલુપુર વિસ્તારમાં મોડીરાત્રે ભીષણ આગ લાગવાની ઘટના સામે આવી છે. વિસ્તારમાં આવેલા સેવ બનાવવાના એક કારખાનામાં અચાનક આગ ભભૂકી ઊઠતા આસપાસ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ ઝડપથી ફેલાતી જતા સ્થાનિક લોકોએ તરત જ ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ઘટનાને કારણે વિસ્તારમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. પ્રાથમીક તપાસમાં શોટસર્કીટ આગ લાગવાનું કારણ સામે આવ્યું છે. જો કે તે બાબતે વધુ તપાસ કરાશે. મળતી માહિતી મુજબ કારખાનામાં કોઈ અગમ્ય કારણસર આગ લાગી હતી અને જોતજોતામાં તે વિકરાળ બની ગઈ હતી. આગના ધુમાડા અને જ્વાળાઓ દૂરથી જ જોવા મળતા હતા. આસપાસના લોકો તાત્કાલિક બહાર નીકળી ગયા હતા અને ફાયર બ્રિગેડની ટીમને જાણ કરવામાં આવી હતી.

ઘટનાની જાણ થતાં ફાયર બ્રિગેડની 16 ગાડીઓ સ્થળ પર દોડી આવી હતી. ફાયર ફાઈટરો દ્વારા સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો કરવામાં આવ્યા હતા. લાંબી મહેનત બાદ ટીમે આગને કાબૂમાં લીધી હતી. સદનસીબે આ ઘટનામાં હાલ સુધી કોઈ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી.

### બેદરકારી ભરી ડ્રાઈવિંગ કરતા ટ્રેનની અડફેટે આવ્યા

# નારણપુરામાં ફોન પર વાત કરતા સમયે રેલ્વે ટ્રેક ક્રોસ કરતા બે યુવકના મોત થયા

**અમદાવાદ, તા.06**

નારણપુરા વિસ્તારમાં એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. નારણપુરા આદર્શ નગર પોલીસ ચોકી નજીક આવેલા રેલવે ફાટક પાસે ટ્રેનની અડફેટે આવતા બે વ્યક્તિઓના કરૂણ મોત નીપજ્યા છે. પ્રાથમિક તપાસમાં મોબાઈલ ફોન પર વાત કરતા ટ્રેક ક્રોસ કરવાની બેદરકારી આ અકસ્માતનું કારણ બની હોવાનું સામે આવ્યું છે. આ બનાવને પગલે વિસ્તારમાં શોકનો



માહોલ છવાઈ ગયો છે. મળતી માહિતી મુજબ નારણપુરાના આદર્શ નગર પોલીસ ચોકી નજીક રેલવે ટ્રેક પાર કરતા સમયે બે વ્યક્તિઓ ટ્રેનની લપેટમાં આવી ગયા હતા. મૃતકોમાં એકની ઓળખ 47 વર્ષીય સત્યજિત શ્રીમાળી તરીકે થઈ છે. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ અકસ્માત સમયે સત્યજિતનો મોબાઈલ ફોન ચાલુ હતો અને તેઓ ફોન પર વાત કરી રહ્યા હતા. વાતચીતમાં વ્યસ્ત હોવાને કારણે ટ્રેનનો અવાજ ધ્યાનમાં ન આવતાં તેઓ ટ્રેનની અડફેટે આવી ગયા હતા અને સ્થળ પર જ તેમનું મોત થયું હતું.

### સુવિધા ન આપતા યુવકો રોષે ભરાયા

# સિંધુભવન રોડ પર ધૂળેટીની પાર્ટીમાં હોબાળો, DJ અને ડેકોરેશનમાં તોડફોડ

**અમદાવાદ, તા.06**

પોશ ગણાતા સિંધુભવન રોડ પર ધૂળેટીની ઉજવણી દરમિયાન હોબાળો સર્જાયો હતો. અહીં ‘બ્રજ વાઈબ્સ’ દ્વારા આયોજિત ધૂળેટી પાર્ટીમાં મ્યુઝિક અચાનક બંધ થઈ જતા અને સુવિધાઓના અભાવના આક્ષેપ સાથે કેટલાક યુવકો રોષે ભરાયા હતા. ગુસ્સે ભરાયેલા યુવકોએ ડીજે સિસ્ટમ તોડી દીધી હતી તેમજ મંડપ અને ડેકોરેશનમાં તોડફોડ કરી હતી. આ બનાવના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં શહેરમાં ચર્ચા જગાવી છે. સિંધુભવન રોડ પર આવેલા ગ્રીન પ્લેસ પાર્ટી પ્લોટમાં આ ઈવેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણી દરમિયાન મ્યુઝિક અચાનક બંધ થતાં કેટલાક યુવકો ઉશ્કેરાઈ ગયા હતા અને હોબાળો મચાવ્યો હતો. ત્યારબાદ ડીજે સેટ અને પાર્ટી પ્લોટના ડેકોરેશનને નુકસાન પહોંચાડવામાં આવ્યું હતું. ઘટનાની જાણ થતાં બોપલ પોલીસ સ્ટેશનની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને હાજર લોકોને સમજાવી સ્થિતિ કાબૂમાં લીધી હતી. હાલમાં આ મામલે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી. આયોજક ‘બ્રજ વાઈબ્સ’ના વીરસિંઘે જણાવ્યું હતું કે ધૂળેટી પાર્ટી માટે ડીજે સહિત તમામ વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમના કહેવા મુજબ ચારથી પાંચ લુખ્ખા તત્વોએ અચાનક હોબાળો મચાવી તોડફોડ કરી હતી.

### 500 રૂપિયાની 9100 નોટો મળી આવી હતી

# નરોડામાં રદ થયેલી નોટોનો જથ્થો ઝડપાયો, કારમાંથી 89 લાખ જપ્ત

**અમદાવાદ, તા.06**

નરોડા વિસ્તારમાં ગેલેક્સી ચાર રસ્તા પાસે પોલીસે ગુપ્ત ઓપરેશન દરમિયાન રદ થયેલી ચલણી નોટોનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે એક શંકાસ્પદ કારને રોકી તલાશી લેતા 89 લાખની જૂની નોટો મળી આવી હતી. 1000 રૂપિયાની 4350 નોટો મળી આવી હતી, જેની કુલ કિંમત 43 લાખ 50 હજાર થતી હતી. ઉપરાંત 500 રૂપિયાની 9100 નોટો મળી આવી હતી, જેની કિંમત 45 લાખ 50 હજાર થતી હતી. કુલ 13,450 નોટોની ગણતરીમાં 89 લાખની રકમ બહાર આવી હતી. નરોડા પોલીસને બાતમી મળી હતી કે એક કારમાં પ્રતિબંધિત નોટોની હેરાફેરી થઈ રહી હતી.



બાતમીના આધારે પોલીસે ગેલેક્સી ચાર રસ્તા પાસે વોચ ગોઠવી હતી. સૂચના મુજબની કાર પસાર થતા જ તેને રોકી તપાસ કરવામાં આવી હતી. કારની અંદરથી જૂની 500 અને 1000 રૂપિયાની નોટોના બંડલ મળી આવતા પોલીસ પણ ચોંકી ઉઠી હતી. પંચોની હાજરીમાં નોટોની ગણતરી કરવામાં આવી હતી. નોટો અસલી કે નકલી તે અંગે પણ તપાસ હાથ ધરાઈ હતી. પોલીસે રોકડ રકમ સાથે કાર જપ્ત કરી હતી. પ્રાથમિક પૂછપરછમાં આ નોટો ક્યાંથી લાવવામાં આવી અને કોને આપવાની હતી તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી હતી. વર્ષો પહેલાં થયેલી નોટબંધી બાદ પણ આટલી મોટી રકમ મળતા કોઈ નેટવર્ક કાર્યરત હોવાની શંકા વ્યક્ત થઈ હતી. સમગ્ર મામલે પોલીસે ઊંડાણપૂર્વક તપાસ ચાલુ રાખી હતી.

### ગ્રાહક બનીને આવી દાગીના સેરવ્યા

# નરોડામાં જ્વેલર્સની દુકાનમાં ચોરી કરતી બે મહિલાઓ ઝડપાઈ

**અમદાવાદ, તા.06**

નરોડા વિસ્તારમાં જ્વેલર્સની દુકાનોમાં ગ્રાહક બની પ્રવેશ કરી સોનાના દાગીનાની ચોરી કરતી બે મહિલાઓને પોલીસે ઝડપીને ધરપકડ કરી હતી. બંને મહિલાઓ કૌટુંબિક બહેનો હોવાનું બહાર આવ્યું હતું.

તેમની સાથે અન્ય બે મહિલાઓ પણ ચોરીના કાવતરામાં સામેલ હતી. પોલીસેએ સોનાની ચૂનિઓ અને કડી સહિત અંદાજે રૂ. 80 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

24 ફેબ્રુઆરીએ નરોડા વિસ્તારમાં આવેલી જે.જે. જ્વેલર્સ દુકાનમાં ચાર મહિલાઓ જોડાઈ હતી. દુકાન





મહિલાઓ એક બાળક સાથે પ્રવેશી હતી. પ્રથમ બે મહિલાઓ દુકાનમાં આવી હતી અને બાદમાં અન્ય બે માલિકની દીકરીએ તેમને કાનની બુટ્ટી અને ચૂનિ બતાવી હતી. આ દરમિયાન મહિલાઓએ કારીગર પાસે પાણી મંગાવી વાતોમાં ભોળવી નજર ચૂકવી સોનાના દાગીના ચોરી કર્યા હતા અને ત્યાંથી નીકળી ગઈ હતી.

બાદમાં સ્ટાફે સીસીટીવી ચેક કરતા મહિલાઓ દાગીના ચોરી કરતી નજરે પડી હતી. દુકાન માલિકે નરોડા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. તપાસ દરમિયાન પોલીસે થલતેજના પેલેડિયમ મોલ પાસે બ્રિજ નીચે રહેતી કોયલ દેવીપુજક અને ગીતા દેવીપુજકને ઝડપી લીધી હતી. અન્ય બે ગર્ભવતી મહિલાઓને નોટિસ આપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

### વાહન ચેકિંગ દરમિયાન રિક્ષાની અટાકયત કરાઈ

# રાયખડ વિસ્તારમાંથી પ્રતિબંધિત દવાનો જથ્થો ઝડપાયો, ત્રણ આરોપીની ધરપકડ

**અમદાવાદ, તા.06**

સીઆઈડી ક્રાઈમ ગાંધીનગરના અમદાવાદ ઝોનની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સે રાયખડ વિસ્તારમાંથી ગેરકાયદેસર અલ્પ્રાઝોલમ દવાના જથ્થા સાથે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે અંદાજે રૂ. 12 લાખની કિંમતની 3000 જેટલી ગોળીઓ જપ્ત કરી હતી. આ મામલે ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ હતી અને વધુ તપાસ હાથ ધરાઈ છે.

ટાસ્ક ફોર્સના પીએસઆઈ એમ. એન. આદરેજીયાને મળેલી બાતમીના આધારે ટીમ રાયખડ ચાર રસ્તા પાસે ગોઠવાઈ હતી. બાતમી મુજબની રિક્ષા પસાર થતા તેને રોકી તપાસ કરવામાં આવી હતી. રિક્ષામાં ઈમરાન હુસેન ઉર્ફે ફેફડો શેખ, રિક્ષાચાલક મઝરખાન પઠાણ અને મોહમ્મદ આસિફ બેઠા હતા. તપાસ દરમિયાન પ્લાસ્ટિકની થેલીમાંથી અલગ અલગ બોક્સમાં રાખેલી અલ્પ્રાઝોલમની ટેબલેટ્સ મળી આવી હતી. કુલ 3000 જેટલી ગોળીઓ જપ્ત કરવામાં આવી હતી.

પૂછપરછ દરમિયાન ઈમરાને દવાનો જથ્થો ચાણક્યપુરી પાસે આવેલી બજરંગ મેડિકલ સ્ટોરના માલિક હાર્દિક ઠક્કર પાસેથી લાવ્યો હોવાનું જણાવ્યું હતું. ટાસ્ક ફોર્સે હાર્દિક ઠક્કર સહિત ચાર લોકો સામે ગુનો નોંધ્યો હતો. દવાનો જથ્થો ક્યાં અને કેવી રીતે વેચવાનો હતો તે અંગે તપાસ ચાલુ રાખવામાં આવી હતી.

### શાળા અને કોર્ટને બોમ્બથી ઉડાવવાની આપી હતી ધમકી

# ક્રાઈમ બ્રાન્ચે બોમ્બની ધમકીભર્યા ઈમેલ મામલે આરોપીની ધરપકડ કરી

**અમદાવાદ, તા.06**

રાજ્યમાં છેલ્લા ઘણા સમયથી શાળાઓ, સરકારી કચેરીઓ અને કોર્ટોને બોમ્બથી ઉડાવવાની ધમકીભર્યા ઈમેલ મોકલવામાં આવ્યા હતા. ધમકીઓમાં શાળાઓ, એરપોર્ટ, હોસ્પિટલ અને અન્ય જાહેર સ્થળોને નિશાન બનાવાયા હતા. આ ઈમેલના કારણે અનેક સ્થળોએ અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. શાળાઓમાં એવેક્યુએશન કરવું પડ્યું હતું અને વિદ્યાર્થીઓને ઘરે મોકલાયા હતા. અમદાવાદ સહિત રાજ્યભરની સ્કૂલો અને નીચલી અદાલતોને ખાલિસ્તાનના નામે ઈમેલ કરનાર આરોપીને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચએ ઝડપી લીધો હતો. ટેકનિકલ તપાસ અને સાયબર ટ્રેકિંગના આધારે આરોપીને પશ્ચિમ બંગાળમાંથી પકડી પાડવામાં આવ્યો હતો. પોલીસે ઈમેલ હેડર વિશ્લેષણ દ્વારા આરોપી સુધી પહોંચવામાં સફળતા મેળવી હતી.

આરોપીને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ મેળવવામાં આવ્યા હતા. હાલ તેની પૂછપરછ ચાલી રહી હતી.

રાજ્યમાં બોમ્બ ધમકી મામલે આ પહેલી મોટી ધરપકડ માનવામાં આવી રહી હતી. પોલીસે સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરી હતી.

# ભારત આવેલા ઈરાનના મંત્રીનું મોટું નિવેદન, કહ્યું- 'ગલ્ફથી અમેરિકાનું અસ્તિત્વ ખતમ કરી દઈશું'

**નવી દિલ્હી, તા.06**

મધ્ય પૂર્વમાં ચાલી રહેલા ભીષણ જંગ વચ્ચે ઈરાનના વિદેશ બાબતોના ઉપ-મંત્રી ડૉ. સઈદ ખતીબઝાદેહ ભારતની મુલાકાતે છે. દિલ્હીમાં આયોજિત 'રાયસીના સંવાદ 2026'(Raisina Dialogue 2026)માં વક્તા તરીકે હાજર રહેલા ખતીબઝાદેહે વર્તમાન યુદ્ધની સ્થિતિ પર ગંભીર ટિપ્પણી કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભારત અને ઈરાન વચ્ચેની સભ્યતાના મૂળ એકબીજા સાથે જોડાયેલા છે અને ઈરાન ભારત સાથેના સંબંધોને ખૂબ જ મહત્ત્વ આપે છે. જોકે, વર્તમાન સંઘર્ષ અંગે તેમણે સ્પષ્ટ કર્યું કે, અમેરિકાએ ઈરાનના અસ્તિત્વને જ સમાપ્ત કરવાનો નિર્ણય કરી લીધો છે, જેના કારણે ઈરાન પાસે હવે પ્રતિકાર કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ બચ્યો નથી. જંગની ગંભીરતા વિશે વાત કરતાં ડૉ. સઈદ ખતીબઝાદેહે કહ્યું કે, 'જ્યારે આપણે અત્યારે વાત કરી રહ્યા છીએ, ત્યારે મારા દેશવાસીઓ અમેરિકા અને ઈઝરાયલ દ્વારા કરવામાં આવતી નિરંતર બોમ્બમારોનો સામનો કરી રહ્યા છે. તેહરાન પર સતત હુમલા થઈ રહ્યા છે.'

# ગલ્ફ દેશોએ ઓઈલ-ગેસની નિકાસ બંધ કરવી પડશે! યુદ્ધ વચ્ચે કતારની ચેતવણીથી દુનિયાભરમાં ફફડાટ

**તહેરાન, તા.06**

કતારના ઊર્જા મંત્રીની વિશ્વને શાંતિની અપીલ સાથે ચેતવણી ઉચ્ચારતા જણાવ્યું કે, જો યુદ્ધને પગલે શિપિંગ રૂટ્સ લાંબા સમય સુધી બંધ રહેશે અને નિકાસકારોના જહાજોની સુરક્ષા જોખમાશે, તો સપ્લાય ચેઈન તૂટી જશે. સપ્લાય ચેઈન તૂટશે તો સેમિકન્ડક્ટરથી લઈને સામાન્ય પરિવહન સુધીના તમામ ક્ષેત્રો પર અત્યંત ગંભીર રીતે નકારાત્મક અસર પડશે. જેના કારણે વૈશ્વિક રીતે અનેક પ્રકારના સંકટો પેદા થઈ શકે છે.

કતારના ઊર્જા મંત્રી સાદ અલ-કાબીએ ચેતવણી આપી છે કે, જો મધ્ય પૂર્વમાં ચાલી રહેલું યુદ્ધ નહીં અટકે, તો મહત્તમ એક મહિનામાં ખાડી દેશોમાંથી થતી ઊર્જા નિકાસ સંપૂર્ણપણે ઠપ થઈ શકે છે. જો એવું થશે તો વૈશ્વિક સ્તરે ફ્યૂલની અછત સર્જાશે અને મોંઘવારી પણ ચરમસીમાએ પહોંચી જશે. જો યુદ્ધને પગલે શિપિંગ રૂટ્સ ઘણા લાંબા સમય સુધી બંધ રહેશે અને નિકાસકારોના જહાજોની સુરક્ષા



જોખમાશે, તો સપ્લાય ચેઈન જ તૂટી જશે. તે સ્થિતિમાં સેમિકન્ડક્ટર ઉદ્યોગથી લઈને સામાન્ય પરિવહન સુધીની તમામ સેવા પર નકારાત્મક અસર પડી શકે છે. આ કારણસર વિવિધ દેશમાંથી ઉચ્ચ સ્તરીય રાજદ્વારી હસ્તક્ષેપ દ્વારા શાંતિ નહીં સ્થપાય, તો વિશ્વએ મોટા આર્થિક આંચકા માટે તૈયાર રહેવું પડશે.

ઈઝરાયલ-અમેરિકાના હુમલાના જવાબમાં ઈરાને ખાડી દેશો પર સતત હુમલા ચાલુ રાખ્યા છે. આ સ્થિતિમાં 2 માર્ચે કતારે લિક્વિફાઈડ નેચરલ ગેસ(LNG)નું ઉત્પાદન અટકાવી દીધું હતું. કતાર વૈશ્વિક પુરવઠાના આશરે 20% જેટલા ગેસનું ઉત્પાદન કરે છે, જે એશિયા અને યુરોપના બજારોમાં ઈંધણની માંગ અને પુરવઠાનું સંતુલન જાળવવામાં અત્યંત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આ સ્થિતિમાં વૈશ્વિક સ્તરે ઊર્જા સંકટ વધુ ઘેરું થવાની આશંકા છે. નોંધનીય છે કે, 1 જાન્યુઆરી 2019ના રોજ કતારે ઓપેક (Organization of the Petroleum Exporting Countries) દેશોમાંથી સભ્યપદ પાછું ખેંચી લીધું હતું. કતાર 60 વર્ષ સુધી ઓપેકનું સભ્ય હતું, પરંતુ LNGના ઉત્પાદન પર ધ્યાન કેન્દ્રિત કરવા કતારે આ નિર્ણય લીધો હતો.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પનો નવો ડ્રામા: આંખ બંધ કરીને બેઠા રાષ્ટ્રપતિ, પાદરીઓએ હાથ પકડ્યો...

વોશિંગ્ટન, તા.06

મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા યુદ્ધે ભયાવહ સ્વરૂપ ધારણ કર્યું છે. શુક્રવારે સાતમા દિવસે પણ ઈરાન અને ઈઝરાયલ એકબીજા પર મિસાઈલો અને ડ્રોન છોડી રહ્યા છે. આ લડાઈથી માત્ર ઈરાન જ નહીં, અમેરિકા પણ ચિંતિત દેખાઈ રહ્યું છે. અમેરિકા આ લડાઈમાં ઈઝરાયલનો સાથ આપી રહ્યું છે. જ્યારે ઈરાન પણ વળતા હુમલા કરીને ખાડી દેશોમાં અમેરિકી સૈન્ય અડ્ડાઓને ભારે નુકસાન પહોંચાડી રહ્યું છે. પરિસ્થિતિ મુશ્કેલ છે. નુકસાન માત્ર ઈરાનનું જ નહીં, ઈઝરાયલ અને અમેરિકાનું પણ ઘણું થઈ રહ્યું છે. દરેક જણ શાંતિ ઈચ્છે છે. ટ્રમ્પ પણ પોતાના દેશની રક્ષા માટે ઈશ્વરના શરણમાં છે. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પોતાની ઓફિસમાં પૂજા કરી. આ પૂજા તેમણે ખ્રિસ્તી પદ્ધતિથી કરી.



આનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે.

વાઈરલ વીડિયોમાં ટ્રમ્પ જાહેરમાં વ્હાઈટ હાઉસની ઓવલ ઓફિસમાં પૂજા કરતા જોવા મળે છે. માનવામાં આવે છે કે યુદ્ધ વચ્ચે તેમણે રાષ્ટ્રની રક્ષા માટે આ પૂજા કરી હતી. આ દરમિયાન ટ્રમ્પ એકલા ન હતા. તેમની સાથે ઘણા પાદરીઓ અને ટ્રમ્પના અન્ય સહાયકો દેખાઈ રહ્યા છે. આ દરમિયાન ટ્રમ્પ પોતાની ખુરશી પર બેઠા છે. તે બધાએ ટ્રમ્પ સાથે મળીને પૂજા કરી. આ દરમિયાન પાદરી પ્રાર્થના કરી રહ્યા છે અને ટ્રમ્પે પોતાની આંખો બંધ કરી છે. પાદરીએ ટ્રમ્પના ખભા પર હાથ રાખ્યો છે. ટ્રમ્પના તમામ સહયોગીઓ આ પ્રાર્થનામાં સામેલ દેખાઈ રહ્યા છે.

ટ્રમ્પની પૂજાનો આ વીડિયો વ્હાઈટ હાઉસમાં ટ્રમ્પના સહાયક અને વ્હાઈટ હાઉસમાં ડેપ્યુટી ચીફ ઑફ સ્ટાફ ડેન સ્કેવિનોએ સોશિયલ મીડિયા પર શેર કરીને લખ્યું - God Bless The America. એટલે કે ભગવાન અમેરિકાનું રક્ષણ કરે. અમેરિકી મીડિયા અનુસાર, ટ્રમ્પે પ્રાર્થના માટે ઓવલ ઑફિસમાં અમેરિકાના તમામ પાદરીઓને આમંત્રિત કર્યા હતા. ટ્રમ્પે પોતાની ખુરશી પર બેસીને પ્રાર્થનાની પ્રક્રિયા શરૂ કરી હતી.

જોકે, પાદરીઓ દ્વારા ઓવલ ઓફિસમાં કરવામાં આવેલી આ પ્રાર્થના કોઈ જાદુ-ટોણું નહોતી. આ એક સામાન્ય પ્રાર્થના હતી. આને ઈશુ ખ્રિસ્તમાં વિશ્વાસ રાખનારા લોકો વાંચે છે. જે રીતે ટ્રમ્પ પર હાથ રાખીને પ્રાર્થના કરવામાં આવી છે તે સ્વરૂપને લઈને ચર્ચા કરવામાં આવી રહી છે. ખરેખર, આ પરંપરાનો ઉલ્લેખ બાઈબલના એક્ટ્સ અને હિબ્રુઓમાં મળે છે, જ્યાં આશીર્વાદ અને શક્તિ આપવા માટે હાથ રાખવામાં આવતા રહ્યા છે.

આ ખ્રિસ્તી ધર્મમાં આશીર્વાદ અને શક્તિ પ્રદાન કરવાની એક પરંપરાગત રીત રહી છે. પાદરીઓનો પ્રાર્થના કરવાનો ઉદ્દેશ્ય ફક્ત રાષ્ટ્રપતિ માટે ઈશ્વર પાસેથી શક્તિ, સુરક્ષા અને માર્ગદર્શન માંગવા જેવો પ્રતીત થઈ રહ્યો છે. જોકે, પ્રાર્થનામાં જે શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેનો બાઈબલમાં બરાબર ઉલ્લેખ નથી. જ્યારે, બાઈબલમાં રાજાઓ અને ઉચ્ચ પદ પર બેઠેલા લોકો માટે પ્રાર્થના કરવાની વાત કહેવામાં આવી છે જેથી ખ્રિસ્તી ધર્મને માનનારા લોકો સુખેથી જીવન પસાર કરી શકે.

### હાઈડ્રોજન ટ્રેનો સસ્તી હશે, પ્રવાસીઓ પર ખર્ચનો બોજ નહીં વધે

# ભારતની પ્રથમ હાઈડ્રોજન ટ્રેનની સફળ ટ્રાયલ: 80 કિમીની ઝડપે દોડી

## આશરે 20 કિમી સુધી આ ટ્રેનને દોડાવીને તેની ટ્રાયલ કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા.06

ભારતે રેલવે ક્ષેત્રમાં ઈતિહાસ રચ્યો છે, હરિયાણાના જિન્દથી દેશની પ્રથમ હાઈડ્રોજન ટ્રેનની સફળતાપૂર્વક ટ્રાયલ કરવામાં આવી, આઠ ડબા સાથે આ ટ્રેન ૭૦થી ૮૦ કિમીની ઝડપે દોડી હતી. આશરે ૨૦ કિમી સુધી આ ટ્રેનને દોડાવીને તેની ટ્રાયલ કરવામાં આવી હતી, આગામી દિવસોમાં પણ આ જ પ્રકારનું પરિક્ષણ યથાવત રાખવામાં આવશે. ટ્રાયલ પૂર્ણ થઈ ગયા બાદ આમ નાગરિકો માટે તેને સામાન્ય ટ્રેનોની સાથે જ દોડાવવામાં આવશે. હરિયાણાના જિન્દમાં હાઈડ્રોજન પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે, જેને પગલે આ વિસ્તારથી હાઈડ્રોજન ટ્રેન પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી છે જે આગામી દિવસોમાં



હાઈડ્રોજન ટ્રેનો માટે દેશનું મુખ્ય કેન્દ્ર સ્થાન બની રહેશે. હાઈડ્રોજન ટ્રેનની અનેક ખાશિયતો છે જેમ કે ટ્રેન બહુ ઘોંઘાટ નથી કરતી, આ ટ્રેનને ભારતમાં જ ડિઝાઈન કરવામાં આવી છે. હાલમાં ડીઝલ એન્જિનથી ચાલતી ટ્રેનો પણ સક્રિય છે, જેમાં ગ્રીનહાઉસ ગેસ એમિશન (સીઓ-૨ અને એનઓએક્સ) અને ફોસિલ ફ્યૂલ (હાઈ સ્પીડ ડીઝલ) યોગ્ય રીતે બળી નથી શકતા જેને કારણે પ્રદૂષણ ફેલાય છે. જ્યારે ઈલેક્ટ્રિક ટ્રેનો આ ડીઝલથી ચાલતી ટ્રેનોનો એક વિકલ્પ છે પરંતુ તેને ચલાવવા પાછળ ખર્ચ બહુ થાય છે. ઓવરહેડ લાઈનોના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર વધુ ખર્ચ થાય છે. તેની સરખામણીમાં હાઈડ્રોજનથી ચાલનારી ટ્રેનો મોંઘા ઈલેક્ટ્રિફાઈડ ટ્રેક વગર દોડી શકે છે. હાલ ટ્રાયલ માટે આ ટ્રેનને હરિયાણાના જિન્દથી લલીત ખેરા વચ્ચે દોડાવવામાં આવી હતી.

### સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ પણ મેદાને

# રાજ્યસભા ચૂંટણી માટે 6 ઉમેદવાર કોંગ્રેસે જાહેર કર્યા: ખડગેની મંજૂરી

## તેલંગાણાથી અભિષેક મનુ સિંઘવી અને વેમ રેડ્ડી, કરમવીર બૌદ્ધને રાજ્યસભાની ટિકિટ આપીને પક્ષે મોટો દાવ ખેલ્યો

મુંબઈ, તા.06

રાજ્યસભાની આગામી ચૂંટણીઓને લઈને કોંગ્રેસે મોટી જાહેરાત કરી છે. દેશના 10 રાજ્યોની 37 બેઠકો માટે નામાંકન ભરવાના અંતિમ દિવસે કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા 6 મહત્ત્વના ઉમેદવારોના નામ જાહેર કરવામાં આવ્યા છે. પક્ષના અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેની મંજૂરી બાદ આ યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. કોંગ્રેસે સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ અને ગાંધી પરિવારના નજીકના ગણાતા અભિષેક મનુ સિંઘવીને તેલંગાણાથી ફરી રાજ્યસભામાં મોકલવાનો નિર્ણય કર્યો છે. તેમની સાથે તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડીના વિશ્વાસુ અને પ્રદેશ કોંગ્રેસના ઉપાધ્યક્ષ વેમ નરેન્દ્ર રેડ્ડીને પણ ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. કોંગ્રેસે આ યાદીમાં જ્ઞાતિ અને સમુદાયના સમીકરણોને પણ પ્રાધાન્ય આપ્યું છે: છત્તીસગઢ: આદિવાસી સમુદાયના નેતા ફૂલો દેવી નેતામને પક્ષે ફરીથી તક આપી છે. હરિયાણા: દલિત સમાજમાંથી આવતા કરમવીર બૌદ્ધને રાજ્યસભાની ટિકિટ આપીને પક્ષે મોટો દાવ ખેલ્યો છે. હિમાચલ અને તમિલનાડુના ઉમેદવારો હિમાચલ પ્રદેશની મહત્વની બેઠક માટે અનુરાગ શર્માના નામ પર મહોર મારવામાં આવી છે. જ્યારે દક્ષિણ ભારતના તમિલનાડુ રાજ્યમાંથી કોંગ્રેસે એમ. ક્રિસ્ટોફર તિલકને પોતાના રાજ્યસભાના ઉમેદવાર તરીકે મેદાનમાં ઉતાર્યા છે. આજે ગુરુવારે નામાંકન પ્રક્રિયાનો છેલ્લો દિવસ હોવાથી તમામ ઉમેદવારો આજે ફોર્મ ભરે તેવી શક્યતા છે. આ ચૂંટણીમાં કોંગ્રેસે પોતાના વરિષ્ઠ નેતાઓની સાથે ક્ષેત્રીય અને સામાજિક સંતુલન જાળવવાનો પ્રયાસ કર્યો છે.

### રાજ્યસભા માટે ભાજપની બીજી યાદી જાહેર

# મહારાષ્ટ્રમાંથી વિનોદ તાવડે, રામદાસ આઠવલે ઉમેદવાર; અત્યાર સુધીમાં 13 નામની જાહેરાત

નવી દિલ્હી, તા.06

રાજ્યસભા ચૂંટણી માટે ભાજપે 4 ઉમેદવારોના નામવાળી બીજી યાદી જાહેર કરી છે. તેમાં કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલે, ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડે અને માયા ચિંતામન ઈવનાતે અને રામરાવ વડકુતેના નામ છે. એક દિવસ પહેલા ભાજપે રાજ્યસભા માટે પાર્ટી ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી હતી. તેમાં 6 રાજ્યોમાંથી 9 નામ શામેલ હતા. હવે 7 રાજ્યોમાંથી કુલ 13 ઉમેદવારોના નામની જાહેરાત થઈ ચૂકી છે. પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીન પણ બિહારથી રાજ્યસભામાં



મોકલવામાં આવશે. તેમના સિવાય બિહારથી શિવેશ કુમારનું પણ નામ છે. છત્તીસગઢથી ભાજપે લક્ષ્મી વર્માને ઉમેદવાર બનાવ્યા છે. આસામથી તેરાશ ગોવાલા, જોગન મોહન, હરિયાણાથી સંજય ભાટિયા, ઓડિશાથી મનમોહન સામલ, સુજીત કુમાર અને પશ્ચિમ બંગાળથી રાહુલ સિંહા ઉમેદવાર છે. 10 રાજ્યોની 37 રાજ્યસભા બેઠકો પર 16 માર્ચે ચૂંટણી યોજાશે. 16 માર્ચે સવારે 9 વાગ્યાથી સાંજે 4 વાગ્યાની વચ્ચે મતદાન થશે અને તે જ દિવસે સાંજે 5 વાગ્યે મતોની ગણતરી કરવામાં આવશે. આ તમામ બેઠકો સંબંધિત સભ્યોનો કાર્યકાળ પૂરો થવાને કારણે ખાલી પડી રહી છે. રાજ્યસભાનો કાર્યકાળ છ વર્ષનો હોય છે.

### મિડલ ઈસ્ટના યુદ્ધના ગ્રહણની અસર ભારતની હવાઈ મુસાફરી પર

# ભારતમાં 180 જેટલી ફ્લાઈટ્સ રદ્દ, મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે

## 5થી વધુ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ્દ કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા.06

મધ્ય પૂર્વમાં અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધી રહેલા સૈન્ય સંઘર્ષની સીધી અસર હવે વૈશ્વિક હવાઈ મુસાફરી પર જોવા મળી રહી છે. અનેક દેશોએ પોતાના એરસ્પેસ (હવાઈ માર્ગો) બંધ કરી દેતા ભારત સહિત દુનિયાભરમાં ફ્લાઈટ્સ રદ્દ કરવામાં આવી છે, જેના કારણે હજારો મુસાફરો અટવાયા છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા યુદ્ધ અને એરસ્પેસ પ્રતિબંધોને કારણે ૪ માર્ચના રોજ ભારતના મુખ્ય એરપોર્ટ્સ પરથી આશરે ૧૮૦ ફ્લાઈટ્સ રદ્દ કરવી પડી હતી. મુંબઈ એરપોર્ટ: સૌથી વધુ ૯૩ ફ્લાઈટ્સ રદ્દ થઈ (૪૮ ડિપાર્ચર અને ૪૫ અરાઈવલ). દિલ્હી એરપોર્ટ: કુલ ૫૨ ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ.

બેંગલુરુ અને કોલકાતા: અનુક્રમે ૩૪ અને ૫ થી વધુ આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ રદ્દ કરવામાં આવી હતી. ઈન્ડિગો એરલાઈન્સે જણાવ્યું છે કે ૨૮ ફેબ્રુઆરીથી ૩ માર્ચ વચ્ચે તેમની ૫૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ્દ થઈ છે. એર ઈન્ડિયાએ મધ્ય પૂર્વના મોટાભાગના રૂટ્સ પરની ફ્લાઈટ્સ ૫ માર્ચ ૨૦૨૬ની રાત્રે ૧૧:૫૯ વાગ્યા સુધી સ્થગિત કરી દીધી છે. જોકે, ફસાયેલા મુસાફરોને પાછા લાવવા માટે એર ઈન્ડિયા દ્વારા મુંબઈ-દુબઈ-દિલ્હી રૂટ પર મોટા B777 વિમાન સાથે વધારાની ફ્લાઈટ ચલાવવાની યોજના છે. આ ઉપરાંત જેદ્દાહ માટેની કેટલીક ફ્લાઈટ્સ ૫ માર્ચથી ફરી શરૂ કરવામાં આવશે. આંતરરાષ્ટ્રીય એરપોર્ટ્સ અને વિદેશી એડવાઈઝરી કતર: દોહામાં ભારતીય દૂતાવાસે જણાવ્યું છે કે એરસ્પેસ બંધ હોવાથી હમાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી તમામ ફ્લાઈટ્સ અસ્થાયી રૂપે સ્થગિત છે. UAE નો મોટો નિર્ણય: ફ્લાઈટ રદ્દ થવાને કારણે સમયસર દેશ ન છોડી શકનારા મુસાફરો માટે UAE સરકારે 'ઓવરસ્ટે પેનલ્ટી' (દંડ) માફ કરી દીધી છે.

બ્રિટન અને અમેરિકા: બ્રિટનની ચાર્ટર્ડ ફ્લાઈટ ઉડી શકી નથી, જ્યારે અમેરિકા તેના નાગરિકોને બહાર કાઢવા માટે વિશેષ ચાર્ટર્ડ ફ્લાઈટ્સની વ્યવસ્થા કરી રહ્યું છે. આ સંઘર્ષમાં અત્યાર સુધીમાં ઈરાનમાં ૧,૦૦૦ થી વધુ, લેબનાનમાં ૬૦ અને ઈઝરાયલમાં ૧૨ જેટલા લોકોના મોત થયા છે. આ જંગમાં અમેરિકાના ૬ સૈનિકોએ પણ જીવ ગુમાવ્યા છે. ઈઝરાયલે અત્યાર સુધીમાં ઈરાન પર હજારો બોમ્બ ઝીંક્યા હોવાથી સ્થિતિ વધુ વણસી રહી છે.

# ભારત પર ઈરાન પર હુમલાની માઠી અસર, અનેક વસ્તુઓ મોંઘી થઈ

## મોરબીમાં સિરામિક ઉધોગને માઠી અસર પડી

નવી દિલ્હી, તા.06

ઈરાન પર ઈઝરાયેલ અને અમેરિકાના હુમલા તેમજ તેહરાનની જવાબી કાર્યવાહીથી માત્ર મધ્ય પૂર્વ (મિડિલ ઈસ્ટ) માં જ વાતાવરણ ગરમાયું નથી, પરંતુ તેની અસર સમગ્ર વિશ્વમાં જોવા મળી રહી છે. ભારત પણ આમાંથી બાકાત નથી. વૈશ્વિકીકરણના આ યુગમાં તમામ દેશો એકબીજા સાથે જોડાયેલા છે, તેથી એક દેશની સ્થિતિની અસર બીજા દેશ પર પણ પડે છે. ઈરાનમાં ચાલી રહેલા આ યુદ્ધને કારણે ભારતમાં પણ ઘણી વસ્તુઓ મોંઘી થઈ છે, જેની સીધી અસર તમારા ખિસ્સા પર પડશે. યુદ્ધના માહોલમાં સોના-ચાંદીના ભાવ આસમાને પહોંચ્યા છે. ૧ માર્ચ, ૨૦૨૬ ના રોજ સ્થાનિક બજારમાં સોનું ૧.૭૩ લાખ પ્રતિ ૧૦ ગ્રામ ના રેકોર્ડ સ્તરે પહોંચી ગયું હતું. ચાંદીની કિંમત પણ પ્રતિ કિલો ૨.૯૦ લાખ ની નજીક પહોંચી ગઈ હતી.

જો કે, છેલ્લા ચાર સત્રોથી ભાવમાં થોડી નરમાશ જોવા મળી રહી છે. યુદ્ધની અસર દેશના સિરામિક ઉદ્યોગ પર પણ પડી છે. સ્થિતિ એવી છે કે ગુજરાતના મોરબીમાં સિરામિક ઉદ્યોગ આગામી થોડા દિવસોમાં બંધ થવાના આરે છે. અખાતી દેશોમાં યુદ્ધ જેવી સ્થિતિને કારણે ગેસ સપ્લાયમાં અવરોધ આવી રહ્યો છે. સિરામિક ઉદ્યોગમાં ભઠ્ઠીઓ સળગાવવાથી લઈને માટી સુકવવા સુધીના કામમાં પ્રોપેન અથવા નેચરલ ગેસની ભારે જરૂર પડે છે. બીજી તરફ, ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લા અલી ખામેનેઈના મૃત્યુ અને અમેરિકી હુમલા બાદ જંગ તેજ બની છે. આ ઉથલપાથલ વચ્ચે ઈરાને હોર્મુજની સામુદ્રધુની બંધ કરી દીધી છે, જેના કારણે ગેસ સપ્લાય ખોરવાઈ ગઈ છે. ભારત ભલે ઈરાનથી સીધું ખાદ્ય તેલ ન મંગાવતું હોય, પણ ઈરાન સંઘર્ષને કારણે કિંમતો વધી છે.

### મમતા બેનર્જી બોલ્યા: આ કેન્દ્રનો એકતરફી નિર્ણય

# બંગાળના રાજ્યપાલ અને લદ્દાખના LGનું રાજીનામું: રાજકારણ ગરમાયુ

કોલકાતા, તા.06

પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સીવી આનંદ બોઝે અને લદ્દાખના ઉપરાજ્યપાલ કવીન્દ્ર ગુપ્તાએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું. ડૉ. બોઝ 23 નવેમ્બર 2022ના રોજ બંગાળના રાજ્યપાલ બન્યા હતા. આરએન રવિ હવે બંગાળના નવા રાજ્યપાલ હશે. બંગાળમાં આ વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે. બંગાળના સીએમ મમતા બેનર્જીએ કહ્યું કે બોઝના રાજીનામાના સમાચાર અચાનક આવવાથી હું આશ્ચર્યચકિત છું. હજુ સુધી મને તેમના રાજીનામાના સાચા કારણ વિશે જાણકારી નથી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મને જણાવ્યું છે કે આરએન રવિને બંગાળના નવા ગવર્નર બનાવવામાં આવી રહ્યા છે. પરંતુ આ નિર્ણયને



લઈને નિર્ધારિત પરંપરા અનુસાર મારી કોઈ સલાહ લેવામાં આવી નથી. બોઝના કાર્યકાળ દરમિયાન રાજ્યની મમતા બેનર્જી સરકાર અને રાજભવન વચ્ચે ઘણી વખત મતભેદો પણ સામે આવ્યા હતા. ખાસ કરીને યુનિવર્સિટીઓની નિમણૂકો, વહીવટી હસ્તક્ષેપ અને કેટલાક બંધારણીય મુદ્દાઓને લઈને વિવાદોની ચર્ચા રાજકીય વર્તુળોમાં થતી રહી. રાજ્યપાલ બોઝે રાજ્યની ઘણી યુનિવર્સિટીઓમાં વાઈસ ચાન્સેલર (VC)ની નિમણૂક કરી, જેના પર રાજ્ય સરકારે વાંધો ઉઠાવ્યો. સરકારનો આરોપ હતો કે નિમણૂકો રાજ્યની સલાહ વિના થઈ હતી. રાજ્યપાલે કહ્યું કે કાયદા હેઠળ આ તેમનો અધિકાર છે.

### હવામાને ફરી એકવાર અલગ-અલગ રંગો બતાવવાનું શરૂ કર્યું

# રાજસ્થાનમાં પારો 38°C સુધી પહોંચ્યો: MPના 25 જિલ્લામાં તાપમાન 33 ડિગ્રી

## ઉત્તરાખંડમાં 8 માર્ચથી વરસાદ-બરફવર્ષાની શક્યતા: હવામાન વિભાગ

નવી દિલ્હી, તા.06

દેશભરમાં હવામાને ફરી એકવાર અલગ-અલગ રંગો બતાવવાનું શરૂ કરી દીધું છે. ઉત્તર અને મધ્ય ભારતના ઘણા રાજ્યોમાં તીવ્ર ગરમી પડવા લાગી છે, જ્યારે પહાડી વિસ્તારોમાં પશ્ચિમી વિક્ષોભની અસરથી આગામી દિવસોમાં વરસાદ અને હિમવર્ષાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. માર્ચની શરૂઆત સાથે જ મેદાની વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં ઉપર ચાલી રહ્યું છે. મધ્ય



પ્રદેશ, છત્તીસગઢ અને રાજસ્થાનના મોટાભાગના શહેરોમાં દિવસનું તાપમાન 35 ડિગ્રી સેલ્સિયસને પાર કરી ગયું છે. રાજસ્થાનના બાડમેરમાં મહત્તમ તાપમાન 38C થી વધુ નોંધાયું હતું. મધ્ય પ્રદેશમાં મંગળવારે રાજ્યના 25 થી વધુ જિલ્લાઓમાં પારો 33 ડિગ્રીથી વધુ નોંધાયો હતો. સૌથી વધુ તાપમાન ધારમાં 35.9C રહ્યું. જ્યારે છત્તીસગઢમાં મહત્તમ તાપમાન 36.5C રાજનાંદગાંવમાં નોંધાયું હતું. બીજી તરફ હિમાચલ પ્રદેશ અને ઉત્તરાખંડમાં હવામાનનો મિજાજ બદલાવાનો છે. શિમલા સહિત ઊંચાઈવાળા વિસ્તારોમાં બે દિવસ પછી હળવા વરસાદ અને હિમવર્ષાની શક્યતા છે. ઉત્તરાખંડમાં દેહરાદૂન સહિત મેદાની જિલ્લાઓમાં તાપમાન વધી રહ્યું છે.

## તંત્રી લેખ

# નીતીશકુમાર રાજ્યસભામાં જશે: ભાજપનો ગુગલી બોલ

નીતીશકુમારને રાજ્યસભામાં મોકલવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તે કંઈ પ્રમોશન નથી, પણ નીતીશકુમારને મુખ્યપ્રધાન પદેથી વ્યૂહાત્મક રીતે ખસેડવામાં આવ્યા છે. ગુરૂવારે જ્યારે તેમણે રાજ્યસભાના ઉમેદવાર તરીકે ફોર્મ ભર્યું ત્યારે તેમની જગ્યાએ નવો ચહેરો મુખ્યપ્રધાન પદે આવશે તે નક્કી થઇ ગયું હતું. અટકળો અનેક છે. નીતીશના પુત્રને તક આપવા સુધીની વાતો ઉડી છે. રાજકારણમાં સત્તા પર બેઠેલા કોઇને ખસેડવા હોય અને સાથે સાથે તેમની રાજકીય મહત્ત્વાકાંક્ષા અને રાજકીય મોભો પણ જાળવી રાખવો હોય એને રાજ્યસભામાં મોકલી આપવામાં આવે છે. રાજકીય સમીકરણો અકબંધ રાખવા કેટલાક ને રાજ્યપાલ તરીકે નિમવામાં આવે છે.

બિહારમાં સૌથી વધુ દશ વાર મુખ્યપ્રધાન પદે રહી ચૂકેલા નીતીશકુમારનું આરોગ્ય તેમને સાથ આપતું નથી. તેઓ અનેક વાર વિધાનસભામાં ચોક્કસ જવાબો આપી શકતા નહોતા. કેટલીક વાર તે વિધાનસભામાં ઝોકું ખાઇ લેતા જોવા મળ્યા હતા. બિહારમાં નવા મુખ્યપ્રધાન નિમવાની હલચલ લાંબા સમયથી ચાલતી હતી. છેલ્લે ૨૦૨૫માં જનતાદળ (યુ) અને ભાજપના જોડાણે બિહારમાં બહુમતી સાથેની ભવ્ય જીત મેળવી ત્યારથી નીતીશકુમારને બદલવાની વાત પડદા પાછળ શરૂ થઈ ગઈ હતી.

નીતીશકુમારના નજીકના સંબંધીઓ કહેતા હતા કે તેઓ તો રોજની ૧૦ મિટીંગો કરે છે, તેમની બિમાર હોવાની વાતો વિપક્ષ ચગાવી રહ્યો છે. હકીકત એ હતી કે બિહારના ટોચના અધિકારીઓ મિટીંગોમાં હાજર રહીને તેમને સહાય કરતા હતા.


ચાર મહિના પહેલાં દસમી વાર મુખ્યપ્રધાન તરીકે શપથ લેનાર નીતીશકુમારને હવે રાજ્યસભામાં લઇ જવામાં આવ્યા છે. બિહારની જનતાને નીતિશકુમારને રાજ્યસભામાં મોકલવામાં આવ્યા તેના કરતાં મુખ્યપ્રધાન પદે હવે કોણ આવશે તે જાણવામાં રહેલો છે. ૧૬ માર્ચે રાજ્યસભાની ચૂંટણી થશે ત્યાં સુધી તેઓ મુખ્યપ્રધાન પદે ચાલુ રહેશે. બિહારમાં ભાજપ સૌથી વધુ વિધાનસભ્યો ધરાવતો પક્ષ હોઈ તેમનો ઉમેદવાર પણ મુખ્યપ્રધાન બની શકે છે.

ભાજપ બિહારને ઉત્તરપ્રદેશની જેમ અસામાજીક તત્ત્વોના પ્રભાવમાંથી મુક્ત બનાવવા માંગે છે. ઉત્તરપ્રદેશથી ભાગેલા ગુંડાઆએ બિહારમાં આશ્રય લીધો છે. રાજ્યસભામાં બિહારની પાંચ બેઠકો છે, જેમાં ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ નિતીન નબીન, બિહાર ભાજપના પ્રમુખ શિવેશકુમાર, એનડીએના સાથી પક્ષ રાષ્ટ્રીય લોકમોર્ચાના ઉપેન્દ્ર કુશવાહા, જનતાદળ (યુ)ના નેતા અને કેન્દ્રીય પ્રધાન રામનાથ ઠાકુરનો સમાવેશ થાય છે. પાંચમી બેઠક નિતીશકુમારના નામે કરાઇ છે. કેન્દ્રીય રાજકારણ નીતીશ માટે નવી વાત નથી. ભૂતકાળમાં તે લોકસભા અને રાજ્ય સભા એમ બંનેનો અનુભવ કરી ચૂક્યા છે. તેઓ રેલ્વેપ્રધાન પણ રહી ચૂક્યા છે. બિહારમાં બે જણા પાસે જ સત્તાની ચાવી રહી છે - એક લાલુપ્રસાદ યાદવ અને બીજા નીતીશકુમાર. દેશના બંને મુખ્ય રાજકીય પક્ષો ભાજપ અને કોંગ્રેસે બિહારમાં તેમનો ટેકો લેવો પડતો હતો. તેમની પાસે રાજકીય દાવપેચનો ખજાનો હતો. જેમને કિંગ મેકર કહેવાતા હતા તે લાલુપ્રસાદ યાદવે તેમના સત્તા વાંચ્છુ પુત્ર તેજસ્વીને એકવાર કહ્યું હતું કે ગુંડાગીરી કરવી આસાન છે, પણ નીતીશ જેવા રાજકીય દાવપેચ શીખવા તું તેમની સાથે બેસવાનું રાખ. તેજસ્વી જોકે નીતીશપાસેથી રાજકારણ શીખવાના બદલે તેમને ઉથલાવવામાં વ્યસ્ત રહેતો હતો. આજકાલ એ ફરી સત્તા મેળવવામાટે ફાંફા મારે છે. દિવંગત જ્યોર્જ ફર્નાન્ડીસ અને જયપ્રકાશ નારાયણ સાથે કામ કરીને પોતાની રાજકીય કારકિર્દી તૈયાર કરનાર નીતીશકુમાર બિહારના લોકપ્રિય નેતા છે. રાજ્યસભામાં જવા માટે ખુદ નીતીશ અને જનતાદળ (યુ)ના નેતાઓને સમજાવવાનું કામ બહુ અઘરૂં હતું. દેખીતું છે કે જે સત્તા અને મોભો મુખ્યપ્રધાન પાસે છે તે રાજ્યસભાના સભ્ય પાસે ન જ હોય. છેલ્લા મહિનાથી નીતીશને સમજાવવામાં આવતા હતા.

**સંશોધકોએ ચેતવણી આપી છે કે, 2024થી કાર્બન ડાયોક્સાઈડના સ્તરમાં ૩.૫ પીપીએમના દરે વધારો થઈ રહ્યો છે. આપણા શરીરના આંતરિક અંગે આટલા મોટા અને ઝડપી ફેરફાર માટે જરાય તૈયાર નથી. તેના કારણે વ્યાપક નુકસાન થવાની શક્યતાઓ દેખાઈ રહી છે. નાના બાળકો અને કિશોરોના શારીરિક વિકાસને ખુબ જ નુકસાન થઈ શકે તેમ છે : શરીરમાં જેમ જેમ બાયકાર્બોનેટનું સ્તર વધી રહ્યું છે તેમ તેમ કેલ્શિયમ અને ફોસ્ફરસના સ્તરમાં ઘટાડો થઈ રહ્યો છે. આ બંને તત્ત્વો આપણા હાડકાં અને દાંતની મજબૂતી માટે અત્યંત જરૂરી છે. જો કાર્બન ડાયોક્સાઈડ અને તેને પગલે બાયકાર્બોનેટનું સ્તર વધતું જશે તો ફોસ્ફરસ અને કેલ્શિયમની ઉણપ ગંભીર થતી જશે**

# માણસોના લોહીમાં કાર્બન ડાયોક્સાઈડનું સ્તર વધી રહ્યું છે

## વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડ વધવાના કારણે માણસોના લોહીનું રસાયણ પણ બદલાઈ રહ્યું છે જે સ્વાસ્થ્ય માત્ર અત્યંત જોખમી છે



સમગ્ર વિશ્વમાં વધી રહેલા પ્રદુષણના કારણે ગ્લોબલ વોર્મિંગની સ્થિતિ વકરી રહી છે. તે ઉપરાંત ક્લાઈમેટ ચેન્જ માટે પણ આપણે તેને જ જવાબદાર ઠેરવીએ છીએ. તેના કારણે ગરમી સતત વધી રહી છે. હવામાનમાં આકસ્મિક પલટા આવી રહ્યા છે. પ્રદુષણને કારણે વાતાવરણમાં થઈ રહેલા ફેરફારોના કારણે તો દુનિયાભમાં ચિંતા છે પણ આ પ્રદુષણની અન્ય એક જીવલેણ અસર સામે આવી છે. તેના કારણે વૈજ્ઞાનિકો વધારે ચિંતામાં મુકાયા છે. ધ કિડ્સ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ ઓસ્ટ્રેલિયા અને કર્ટિન યુનિવર્સિટીના સંશોધકોએ તાજેતરમાં નોંધ્યું છે કે, વાતાવરણમાં પ્રદુષણના કારણે કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ભયાનક સ્તરે વધી રહ્યું છે. આ કાર્બન ડાયોક્સાઈડ હવે આપણા શરીરમાં અંદર સુધી પહોંચી રહ્યો છે.

જાણકારોના મતે કાર્બન ડાયોક્સાઈડનું વધી રહેલું પ્રમાણ હવે માણસના શરીરમાં અંદર સુધી પહોંચ્યું છે. તે માણસના લોહીમાં જમા થઈ રહ્યું છે. સંશોધકોએ છેલ્લાં ૨૦ વર્ષના ડેટાનો અભ્યાસ કરીને આ તારણ કાઢ્યું છે. તેઓ જણાવે છે કે, માણસના શરીરમાં કાર્બન ડાયોક્સાઈડ ભરાઈ રહ્યો છે અને તેના કારણે માણસોની બ્લડ કેમિસ્ટ્રીમાં પણ ફેરફાર થયો છે. આ પરિવર્તન એટલું ધીમે ધીમે થયું છે કે, માણસોને તેની જાણ થઈ નથી. સંશોધકોએ ચિંતા વ્યક્ત કરતા જણાવ્યું કે, જે રીતે કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધી રહ્યું છે તે યથાવત્ રહેશે તો આગામી દાયકામાં આપણા શરીરનું બ્લડ માર્કર પોતાની હેલ્ધી લિમિટ પાસ કરી જશે. તેની સૌથી વધારે ખરાબ અસર બાળકો, કિશોરો અને વૃદ્ધો ઉપર પડી રહી છે. વૃદ્ધોની સ્થિતિ કથળી રહી છે ત્યારે બાળકો અને કિશોરોનો વિકાસ કુંઠિત થઈ રહ્યો છે. લાંબા સમય સુધી આ લોકો ઝેરી હવાના સંપર્કમાં રહેશે તો તેમનું શરીર વધારે નુકસાન ભોગવશે તે સ્વાભાવિક છે.

ઉલ્લેખનીય છે કે, અમેરિકી સંશોધકો દ્વારા ૧૯૯૯થી ૨૦૨૦ સુધીના હજારો લોકોના લોહીના સેમ્પલ લઈને તેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. આ અભ્યાસના આધારે ડેટા તૈયાર કરવામાં આવ્યો હતો. સંશોધકોએ નોંધ્યું કે, માણસોના લોહીમાં સીરમ બાયકાર્બોનેટનું સ્તર સતત વધી રહ્યું છે. બાયકાર્બોનેટ એક એવું માર્કર છે જે શરીરમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ દર્શાવે છે. ૧૯૯૯ની સરખામણીએ અત્યાર સુધીમાં તેમાં ૭ ટકાનો વધારો થયો છે. ચિંતાજનક બાબત એ છે કે, માણસોના લોહીમાં જેમ જેમ કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધી રહ્યું છે તેમ તેમ આપણા લોહીના માળખામાં પણ ફેરફાર થઈ રહ્યો છે. વર્ષ ૨૦૦૦માં વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ૩૬૯ પીપીએમ હતું જે અત્યાર વધીને ૪૨૦ પીપીએમથી પણ વધારે થઈ ગયું છે.

જાણકારોનું માનવું છે કે, આપણા શરીરમાં આ પ્રકારના બદલાઈ હવા વારંવાર અંદર જઈ રહી છે. તેના કારણે હવે શરીર તે પ્રકારની ઝેરીલી હવા સાથે તાલમેલ સાધવા માટે પ્રયાસ કરી રહ્યું છે. સમયાંતરે શરીર તેમાં આંશિક સફળ થયું છે પણ જો આ કામગીરી સતત ચાલતી રહી તો ભવિષ્યમાં માણસો માટે વધારે જોખમ ઊભું કરી શકે તેમ છે. સંશોધકોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, શરીરમાં વધી રહેલું સીરમ બાયકાર્બોનેટ અત્યંત જોખમી છે. બાયકાર્બોનેટ આપણા શરીરમાં એસિડ અને બેઝનું બેલેન્સ રાખવાનું કામ કરે છે. જ્યારે આપણે શ્વાસ દ્વારા વધારે કાર્બન ડાયોક્સાઈડ અંદર ખેંચીએ છીએ ત્યારે શરીર લોહીના પીએચને સંતુલિત કરવા માટે વધારે બાયકાર્બોનેટને અટકાવવાનું કામ કરે છે.

શરીર દ્વારા બાયકાર્બોનેટનું વધતું પ્રમાણ અટકાવવું તે એક પ્રકારનું ડિફેન્સ મિકેનિઝમ છે. લાંબા સમય સુધી આવું સતત થતું રહે તો શરીરનું અંદરનું માળખું ખોરવાઈ જાય છે. શરીર માટે લાંબા સમયે તે વધારે નુકસાનકારક સાબિત થાય છે. સંશોધકો માને છે કે, છેલ્લા બે દાયકામાં જે રીતે બાયકાર્બોનેટનું પ્રમાણ વધ્યું છે તે જોખમી છે. હાલમાં જે રીતે આ સ્તર વધી રહ્યું છે તે આગામી પાંચ દાયકામાં અત્યંત ભયજનક થઈ જશે. તે સમયે બાયકાર્બોનેટ સ્વસ્થ મર્યાદાથી ઘણું આગળ વધી રહ્યું હશે. તેના કારણે માણસના આંતરિક અંગોની કામગીરી ગમે ત્યારે ખોટકાવા લાગશે. જો ખરેખર આંતરિક અંગોની કામગીરી રૂંધાવા લાગશે કે અન્ય સમસ્યાઓ શરૂ થશે તો તે માત્ર વ્યક્તિગત નહીં હોય. લાંબા સમયે આ એક મોટું જાહેર સ્વાસ્થ્ય જોખમ ઊભું થઈ શકે છે. તે જીવલેણ પણ સાબિત થઈ સકે છે.

આ સંશોધનમાં બીજી ચિંતાજનક બાબત એ સામે આવી છે કે, શરીરમાં જેમ જેમ બાયકાર્બોનેટનું સ્તર વધી રહ્યું છે તેમ તેમ કેલ્શિયમ અને ફોસ્ફરસના સ્તરમાં ઘટાડો થઈ રહ્યો છે. આ બંને તત્ત્વો આપણા હાડકાં અને દાંતની મજબૂતી માટે અત્યંત જરૂરી છે. સંશોધકોએ ચેતવણી આપણી છે કે, જો શરીરમાં આ રીતે જ કાર્બન ડાયોક્સાઈડ અને તેને પગલે બાયકાર્બોનેટનું સ્તર વધતું જશે તો ફોસ્ફરસ અને કેલ્શિયમની ઉણપ ગંભીર થતી જશે. આગામી સદીમાં માણસોના શરીમાં કેલ્શિયમ અને ફોસ્ફરસ સૌથી નીચલા સ્તરે પહોંચી જશે. ગંભીર બાબત એ છે કે, માણસનો વિકાસ અને તેના શરીરનો વિકાસ જે હવામાં થયો છે તેમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ ૨૮૦ પીપીએમની આસપાસ રહેતું હતું. છેલ્લાં એક દાયકામાં આ સ્તરમાં ૨.૬ પીપીએમ પ્રતિ વર્ષના દરે વધારો થયો છે. હાલમાં તે ૪૨૦ પીપીએમને પાર કરી ગયું છે. તેમાંય છેલ્લાં બે વર્ષથી તો આ સ્તર ભયાનક રીતે વધી રહ્યું છે. સંશોધકોએ ચેતવણી આપી છે કે, ૨૦૨૪થી કાર્બન ડાયોક્સાઈડના સ્તરમાં ૩.૫ પીપીએમના દરે વધારો થઈ રહ્યો છે. આપણા શરીરના આંતરિક અંગે આટલા મોટા અને ઝડપી ફેરફાર માટે જરાય તૈયાર નથી. તેના કારણે વ્યાપક નુકસાન થવાની શક્યતાઓ દેખાઈ રહી છે. આપણું શરીર બદલાતા વાતાવરણ અને આ ઝેરીલી હવા પ્રમાણે અનુકુળ થઈ રહ્યું નથી. શરીર પોતાની રીતે અનુકુલન સાધવા પ્રયાસ કરી રહ્યું છે પણ તેમાં સફળતા મળી રહી નથી. હકિકતે શરીરનું સંતુલન ખૂબ જ નાજુક હોય છે તે હવા, બ્લડ પીએચ, બ્રિધિંગ રેટ વચ્ચે સંકલન સાધીને કામ કરે છે. હવે વાતાવરણમાં જેમ જેમ કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધી રહ્યું છે જે શરીર માટે અસહ્ય છે. ભૂતકાળમાં અને કદાચ એમ કહીએ કે ઈતિહાસમાં ક્યારેય માનવ શરીરે હવામાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ આટલા વ્યાપક પ્રમાણમાં અનુભવ્યું જ નથી. હવે આ ઝેરી ગેસ શરીરમાં અને ખાસ કરીને લોહીમાં જમા થઈ રહ્યો છે. આપણે એ સમજવું પડશે કે આપણું શરીર આ મોટા પરિવર્તનને સહન કરી શકે કે પછી તેની સાથે તાલમેલ સાધી શકે તેમ નથી. માણસોએ હવે માત્ર પૃથ્વીને બચાવવા નહીં પણ પોતાની જાતને બચાવવા માટે પણ કાર્બન ઉત્સર્જન ઘટાડવું પડે તેમ છે. માણસે જીવતા રહેવું હશે તો કાર્બન ડાયોક્સાઈડનું ઓછું સ્તર હોવું ખૂબ જ જરૂરી છે.

સંશોધકોએ સ્પષ્ટ ચેતવણી આપી છે કે, હવે ગ્લોબલ વોર્મિંગ અને ક્લાઈમેટ ચેન્જને માત્ર હવે પૃથ્વીના વાતાવરણ કે હવામાન સાથે ન જોડવું જોઈએ. તેનાથી માત્ર ગરમી વધશે કે ચોમાસામાં ફેરફાર આવશે કે પછી વાવાઝોડા અને પૂર આવશે માત્ર તેવું વિચારવાના બદલે માણસોની જિંદગી પણ દાવ ઉપર લાગી છે તે વિચારવું પડશે.

જાણકારો માને છે કે, આગામી વર્ષોમાં માણસોની હેલ્થ પેલિસીમાં એર ક્વોલિટીની સાથે સાથે લોકોના બ્લડમાં બાયોમાર્કર્સને પણ સ્થાન આપવું પડશે. લોકોએ સમજવું એ પણ પડશે કે શરીરમાં કાર્બન ડાયોક્સાઈડનું પ્રમાણ વધશે તો લોકો તાત્કાલિક બીમાર પડશે કે ગંભીર બીમારીઓ થશે તેવું નથી. ધીમે ધીમે શરીરમાં જે ફેરફાર આવી રહ્યા છે અને કાર્બનનું સ્તર વધી રહ્યું છે તે નવી અને ગંભીર બિમારીઓ લાવશે તે નક્કી છે.

આગામી પેઢીને સ્વસ્થ રાખવા માટે પણ આપણે હવે કાર્બન ડાયોક્સાઈડના સ્તરમાં તાકીદે ઘટાડો કરવો પડશે અને તેના ઉપર લગામ ખેંચવી પડશે.

સંશોધકોએ ચેતવણી આપી છે કે, હવામાં પીએમ૨.૫નું સ્તર છે તે મોટાપાયે વધ્યું છે. તેમાં સરેરાશ ૧૦ ટકાનો વધારો થયો છે અને હજી થઈ રહ્યો છે. તેના કારણે શ્વસનતંત્રને લગતી બીમારીઓમાં વધારો થવાની શક્યતાઓ જોવામાં આવી રહી છે.

બાળકોમાં પણ બ્રોન્કાઈટિસ અને વ્હીઝિંગ જેવી બિમારીઓ આગામી સમયમાં સામાન્ય થઈ જાય તેવી સ્થિતિ છે. સંશોધકો એવું પણ માને છે કે, હાલમાં જે પીએમ૨.૫નું સ્તર છે તે જ સ્તર સતત વધતું રહેશે તો લોકોમાં આગામી સમયમાં અલ્ઝાઈમર જેવી ગંભીર બિમારી થવાની પણ શક્યતાઓ વધી જશે. આ સિવાય ફેફસાંના કેન્સર, શ્વાસનળીના કેન્સરમાં પણ વધારો થવાની શક્યતાઓને પણ જોવામાં આવે છે.

સંશોધકોએ નોંધ્યું કે, જ્યારે પીએમ૨.૫નું સ્તર ઓછું હોય છે ત્યારે જીવલેણ રોગો ઓછા થાય છે. ૧૯૯૦ થી ૨૦૧૦ દરમિયાન જ્યારે પીએમ૨.૫નું સ્તર ઘટ્યું હતું તો હૃદયરોગ, શ્વાસના રોગો, ફેફસાંના કેન્સર અને સ્ટ્રોક જેવી બિમારીઓમાં થતા મોતમાં ૫૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. તેવી જ રીતે તે સમયે ઓઝોન સ્તર પણ જળવાયેલું હતું. તેના કારણે ઓઝોન વાયુઓના લીધે થતાં રોગોમાં પણ ૧૩ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. ઉલ્લેખનીય છે કે, રોગમાં ઘટાડો થવાના કારણે લોકોના સારવાર ખર્ચમાં પણ ઘટાડો થયો હતો.

સંશોધકોએ જણાવ્યું કે, પ્રદુષણનું સ્તર વધ્યું તેના કારણે અસ્થમાના રોગમાં વ્યાપક વધારો થયો છે. તેના કારણે અસ્થમાના દર્દીઓમાં પંપ લેવાનું પ્રમાણ પણ વધ્યું છે. તેના કારણે આ બે દાયકામાં લોકોને ૩૫૦ મિલિયન ડોલર જેટલો ખર્ચ કરવો પડયો છે. હવે આ સ્તર ઘટાડવામાં નહીં આવે તો લોકોને પૈસા ખર્ચવાની સાથે સાથે જીવ પણ જોખમમાં મુકવાની સ્થિતિ આવશે.

# યુદ્ધનો શીપીંગ કંપનીઓએ ફાયદો ઉઠાવતા વિવાદ



ઈરાન પર અમેરિકા અને ઇઝરાયેલએ કરેલા હુમલા પછી ખાડીના દેશોના સમુદ્રી રસ્તાઓ જોખમી બની ગયા છે. વધી રહેલા જોખમને કારણે કેટલીક શીપીંગ કંપનીઓએ ખાડી અને આસપાસના દેશોમાં માલ પરીવહન કરવા માટે દરેક કન્ટેનર પર બે હજારથી ચાર હજાર ડોલરનો ઈમર્જન્સી ટેક્સ લાગુ કર્યો છે. આ ટેક્સને કારણે ભારતની નિકાસ પર મોટી અસર પડી શકે એમ છે. ભારતનું કોમર્સ મંત્રાલય જોકે પરિસ્થિતિ પર નજર રાખી રાખ્યું છે. આમ છતાં પરિસ્થિતિ બગડી રહી છે. શીપીંગ કંપનીઓએ એવો ખુલાસો કર્યો છે કે પશ્ચિમ એશિયાના સંવેદનશીલ દરિયાઇ રસ્તાઓ પર જોખમ વધી ગયું હોવાથી અમે વધારાનો ટેક્સ લાગુ કર્યો છે. આની સામે નિકાસકારોનું કહેવું છે કે સામાન્ય રીતે ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ કમર તોડી નાખે છે ત્યારે હવે આ વધારાનો ટેક્સ અમને ખતમ કરી નાખશે. ભારતથી ઈરાક, બહેરીન, કુવૈત, યમન, કટાર, ઓમાન, યુએઇ, સાઉદી અરેબિયા, જોર્ડન, મિશ્રના આઇન શોખાના પોર્ટ, જીબુટી, સુડાન અને હરીટ્રીયા જનારા માલ પર આ ટેક્સ લાગશે.

તામીલનાડુમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. કોંગ્રેસ અને ડીએમકે બેઠકોની વહેંચણી બાબતે વાતચીત કરી રહ્યા છે. કોંગ્રેસ અને ડીએમકેનું ગઠબંધન નક્કી ગણાય છે, પરંતુ કોંગ્રેસની માંગણી ડીએમકેને સ્વિકાર્ય નથી. ડીએમકે અને કોંગ્રેસ વચ્ચે બેઠકોની વહેંચણી નક્કી કરવા માટે જે ડેડલાઇન નક્કી કરવામાં આવી હતી એ પુરી થઈ ગઈ છે. હજી સુધી બંને પક્ષ વચ્ચે સમજૂતી શક્ય થઈ નથી. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ડીએમકેએ કોંગ્રેસને સ્પષ્ટ ચેતવણી આપી હતી કે એક નક્કી સમયમર્યાદામાં નિર્ણય કરી લે. ડીએમકે ઝડપથી બેઠકોની વહેંચણી કરીને પ્રચાર શરૂ કરવા માંગે છે. ૨૦૨૧ની વિધાનસભાની ચૂંટણીમાં ડીએમકે - કોંગ્રેસના ગઠબંધનમાં કોંગ્રેસને ૨૫ બેઠકો આપવામાં આવી હતી. ડીએમકે આ જૂની ફોર્મ્યુલા ચાલુ રાખવા માગે છે, પરંતુ કોંગ્રેસને વધુ બેઠકો જોઈએ છે. બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલા નિતિશકુમારના પુત્ર નિશાંતકુમાર સમાચારમાં ચમક્યા હતા. તેઓ ચૂંટણી લડે એવી શક્યતા હતી પરંતુ કોઈપણ કારણસર નિતિશકુમારે નિશાંતકુમારના રાજકીય પ્રવેશ પર બ્રેક મારી દીધી હતી. હવે બિહારમાં વિધાન પરિષદના રસ્તે નિશાંતકુમાર રાજકારણમાં પ્રવેશે એવી શક્યતા છે. જેડીયુના કેટલાક મંત્રીઓએ આ વાત ઓફ ધ રેકોર્ડ કરી છે. એમ કહેવાય છે કે આ બાબતે નિતિશકુમારની પણ સહમતી છે. નિશાંતકુમારને નિતિશકુમાર પછી જેડીયુના પ્રમુખ બનાવવાની વાત પણ થઈ રહી છે. એક તરફ નિતિશકુમાર પરિવારવાદની ટીકા કરે છે ત્યારે પોતાના પુત્રને રાજકારણમાં લાવવા માટે તેઓ કયુ બહાનુ આગળ કરશે એ બધા જોઈ રહ્યા છે. સોશ્યલ મીડિયા પર પણ ચર્ચા થઈ રહી છે કે નિતિશકુમારને રાજ્યસભામાં પણ મોકલી શકાય એમ છે. મુખ્યમંત્રી નિતિશકુમારના નજીકના ગણાતા બિહારના મંત્રી શ્રવણકુમારે કહ્યું છે કે, નિશાંતકુમાર નજીકના ભવિષ્યમાં રાજકારણમાં આવશે. તામીલનાડુના તીરૂપ્પરનકુદ્રમ ડુગર પર કાર્તીગઈ દીપમ પ્રગટાવવાનો વિવાદ ચાલુ છે. આ બાબતે મદ્રાસ હાઈકોર્ટની મદુરાઈ બેન્ચે કોર્ટની અવમાનનાની અરજી પર સુનાવણી કરી હતી. હાઈકોર્ટે કહ્યું હતું કે, પાંચ લોકોને ડુગર પર આવેલા થાંભલા પાસે ૧૫ મીનીટ સાંકેતિક પૂજા કરવા માટે છૂટ આપવામાં આવી શકે છે. આ પાંચ વ્યક્તિઓના નામ કોર્ટ નક્કી કરશે. દીપથુન પર કાર્તીગઈ દીપમ પ્રગટાવવા માટેના હુકમનું પાલન નહીં કરાતા અવમાનનાની અરજી કરવામાં આવી હતી. જસ્ટીસ જી આર સ્વામીનાથનની બેન્ચે કહ્યુ હતુ કે જો સરકાર જૂના હુકમનું સન્માન કરવા માંગતી હોય તો દીપ પ્રગટાવ્યા વગર ફક્ત સાંકેતીક પૂજાની અનુમતી આપી શકાય છે. કોર્ટે કહ્યું કે આ ફક્ત એક સૂચન છે. કોઈ હુકમ નથી. એ વખતે દીપક પ્રગટ કરવાની વાત કહેવામાં આવી નહોતી. ફક્ત સાંકેતિક પ્રાર્થનાની અનુમતી આપવાનો સંકેત આપવામાં આવ્યો હતો. કેરળ અને તામીલનાડુમાં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે. બંને રાજ્યોમાં રાજકીય વાતાવરણ ઉત્તેજીત છે. કોંગ્રેસના નેતા જયરામ રમેશએ ભાજપ પર નિશાન તાંક્યું છે. એમણે સિમાંકનનો મુદ્દો છંછેડયો છે. એમની દલીલ છે કે દક્ષિણના રાજ્યો વધતી વસ્તીને નિયંત્રણમાં રાખે છે. આ રાજ્યોને ઓછી સંસદીય બેઠકો સાથે દંડીત નહીં કરવા જોઈએ. કેન્દ્ર સરકાર દક્ષિણના રાજ્યોને ગ્રાંટ ફાળવવામાં પણ ભેદભાવ કરે છે. અમે આ બંને મુદ્દા કેરળ અને તામીલનાડુની ચૂંટણીમાં ઉઠાવવાના છીએ. તામીલનાડુમાં સિમાંકનનો મુદ્દો મોટો છે. હમણાની પરિસ્થિતિમાં કેરળ, કર્ણાટક, તામીલનાડુ, તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં બેઠકોની સંખ્યા ઓછી થશે. આ ચિંતાનો વિષય છે. હજી વસ્તી ગણતરી થવાની બાકી છે. આવતા વર્ષે એપ્રિલ સુધીમાં વસ્તી ગણતરી પુરી થશે એવી શક્યતા છે. એવું નહીં થવું જોઈએ કે દક્ષિણ ભારતના રાજ્યોએ કુટુંબ નિયોજનના કાર્યક્રમોમાં સફળતા મેળવી હોવાથી એમને દંડીત કરવામાં આવે.

મહારાષ્ટ્રના ભૂતપૂર્વ ઉપમુખ્યમંત્રી અજીત પવારનું મૃત્યુ વિમાન અકસ્માતમાં થયું હતું. તેઓ જે વિમાનમાં પ્રવાસ કરી રહ્યા હતા એ વીએસઆર વેન્ચર્સ કંપનીનું હતું. હવે અજીત પવારના પુત્ર જય પવારએ સોશ્યલ મીડિયા ઈન્સ્ટાગ્રામ પર એક વિડિયો પોસ્ટ કર્યો છે. આ વિડિયોની સાથે એમણે વીએસઆર વેન્ચર્સની ફ્લાઈટ્સ તાત્કાલીક રોકવાની માંગણી કરી છે. આ વિડિયોમાં વીએસઆર વેન્ચર્સના માલિક રોહિત સિંહ પાયલટની સીટ પર ઉડાન દરમિયાન સુતેલા દેખાય છે. જય પવારે લખ્યું છે કે 'આકાશમાં આવી બેદરકારી ચલાવી લેવાય નહીં. મે મારા પિતા ગુમાવ્યા છે. મારી પીડા આખી જિંદગી મારી સાથે રહેશે. આ અત્યંત ગંભીર અને આંચકાજનક વાત છે. હું ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સીવીલ એવીએશન (ડીજીસીએ) પાસે માંગણી કરું છું કે આ મામલે સંપૂર્ણ તપાસ કરવામાં આવે.'

પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણી થોડા સમય પછી યોજાવાની છે. પશ્ચિમ બંગાળમાં રાજકીય વાતાવરણ તંગ છે. તહેવારોના દિવસો દરમિયાન કોલકત્તા પોલીસે કડક બંદોબસ્ત રાખ્યો છે. હોળી અને ડોલ યાત્રાના તહેવારો દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ નહી બને એ માટે ડોલ યાત્રાને દિવસે કોલકત્તામાં ૩૯૮ પોલીસ ચોકીને એલર્ટ રાખવામાં આવી છે.

# જે ખોયું છે એ સાથે લઈને તો આવ્યા ન હતા,તો પછી દુ:ખ શેનું ? અને જે મેળવ્યું છે એ સાથે લઈને જવાનું નથી, તો પછી ઘમંડ શેનું...?



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આજે આપણે પ્રામાણિક જીવનની એક નાનકડી વાત સાથે ચિંતનાત્મક લેખની શરૂઆત કરીએ તો એક નાના શહેરમાં મહેશ નામનો એક યુવાન રહેતો હતો.તેનાપિતા ટપાલવિભાગમાં એક સામાન્ય કર્મચારી હતા. બાળપણથી જ મહેશે તેના ઘર માં એક જ વાત સાંભળી હતી:'પ્રામાણિક કમાણી નાની હોઈ શકે છે,પણ તે શાંતિ લાવે છે.' સમય પસાર થતો ગયો, અને મહેશે શહેરની એક મોટી કંપની માં કામ કરવાનું શરૂ કર્યું. એક દિવસ, તેને ઓફિસમાં એક મહત્વપૂર્ણ ફાઈલ તૈયાર કરવાનું કામ સોંપવામાં આવ્યું.તે જ સમયે એક કોન્ટ્રાક્ટર તેની પાસે આવ્યો અને ફફડાટથી કહ્યું,'જો તમે આ ફાઈલ અમારા પક્ષમાં તૈયાર કરશો, તો હું તમને તરત જ પાંચ લાખ રૂપિયા આપીશ.' મહેશનું હૃદય ડગમગી ગયું. પરિવારની આર્થિક સ્થિતિ બહુ મજબૂત નહોતી.તેની માતા દવા પર હતી,અને તેણે તેની બહેનના શિક્ષણનો ખર્ચ ઉઠાવવો પડ્યો. પાંચ લાખ રૂપિયા તેની ઘણી સમસ્યાઓ હલ કરી શક્યા હોત એક ક્ષણ માટે,તેણે વિચાર્યું? 'કોણ જાણે?બધા આવું કરે છે. 'પણ પછી તેને તેના પિતાના શબ્દો યાદ આવ્યા:'દીકરા,ખોટો રસ્તો ઝડપથી ગંતવ્ય બતાવે છે પણ અંતે અંધકાર તરફ દોરી જાય છે.' મહેશે ઊંડો શ્વાસ લીધો અને કોન્ટ્રાક્ટરને કહ્યું,'માફ કરશો, હું મારું કામ નિયમો અનુસાર કરીશ.'કોન્ટ્રાક્ટર ગુસ્સાથી ચાલ્યો ગયો. થોડા દિવસો પછી, કંપનીના ઉચ્ચ અધિકારીઓને આ ઘટના ની જાણ થઈ.તેમણે મહેશને બોલાવ્યા અને તેની પ્રામાણિકતા ની પ્રશંસા કરી.તેને પ્રમોશન અને વિશેષ સન્માન મળ્યું.સૌથી અગત્યનું,રમેશને તે રાત્રે જે શાંતિનો અનુભવ થયો તે અજોડ હતી.

જ્યારે તે ઘરે પાછો ફર્યો અને તેના પિતાને તેના વિશે કહ્યું, ત્યારે તેની આંખોમાં ગર્વના આંસુ આવી ગયા. તેણે કહ્યું, 'આજે તમે અમારા મૂલ્યોને સાચા સાબિત કર્યા છે.'મહેશ સમજી ગયો કે પ્રામાણિકતા ફક્ત એક શબ્દ નથી,પરંતુ ચારિત્ર્યનો પાયો છે. સમય સાથે સંપત્તિ,પદ અને ખ્યાતિ બદલાઈ શકે છે,પરંતુ સત્ય અને પ્રામાણિકતા દ્વારા મેળવેલ આદર જીવનભર રહે છે.

માલણ રોજ પરમાત્માને કરગર છે. પ્રભુ,મને દર્શન કરો!રોજ જાણે વલોપાત કરે છે. આમ ત્રણ વર્ષ થયાં છે.હવે શ્રીકૃષ્ણ વિરહ તેનાથી સહન થતો નથી. તે નિશ્ચય કરે છે કે, કનૈયાનાં દર્શન ન થાય તો હવે ઘરે જવું જ નથી.દર્શન કર્યા વગર નંદ બાબાનું આંગણું છોડવું નથી. પ્રભુના વિયોગાગ્નિમાં જીવજ્યારે તરફડે છે,ત્યારે ભગવાન મળે છે માલણ પ્રદક્ષિણા ફરે છે.માથે ફળની ટોપલીછે. જીભે શ્રીકૃષ્ણનું નામ છે. તેવે સમયે કનૈયો તેની સામે આવીને ઊભો. કનૈયાની કેડ ઉપર સોનાનો કંદોરો છે. હાથમાં બાજુબંધ,ગળામાં કંઠી, પગમાં નુપૂર,મસ્તક ઉપર મોર પીંછ છે.સુંદર બાલસ્વરૂપ છે. છુમ છુમ કરતો કનૈયો બહાર આવ્યો અને માલણની સામે જ આવીને ઊભો.શ્રીકૃષ્ણે માલણ ની આતુરતા,વ્યાકુળતા જોઈ તેને દર્શન આપ્યાં. કનૈયો બે હાથ આગળ કરી માલણને કહે,ફળ આપો!માલણ કહે,મારે આજે કનૈયા સાથે વાત કરવી છે.દુ:ખ ની કથા કનૈયા સિવાય બીજાને કહેશો નહીં.માલણે વિચાર્યું કે, ફળ આપી દઈશ તો તરત ફળ લઈ ચાલ્યો જશે, એટલે કનૈયાને કહ્યું,લાલા,હું ફળ આપવાઆવી નથી.ફળ વેચવા આવી છું. માલણે ફળના બદલામાં અનાજ ની માગણી કરી. બાલકૃષ્ણ ઘરમાં ગયા.બે મૂઠીમાં ચોખા ભરી દોડતો આવ્યો અને માલણની ટોપલીમાં ચોખા પધરાવ્યાકહે,હવે મને ફળઆપો માલણ કહે છે,બેટા,તું મારી ગોદ માં નહીં બેસે?શા સારું નહીં કનૈયો તરત એની ગોદમાં બેઠો. તેની ઈચ્છા પરિ પૂર્ણ થઈ.તેનો બ્રહ્મસંબંધ થયો. હજારો જન્મ થી વિખૂટો પડેલો જીવ ઈશ્વરને મળ્યો. પ્રેમમાં તૃપ્તિ થતી નથી. કનૈયો કહે છે,હું બધાંનો બાળક છું, પિતા છું,માતા છું. ઈશ્વરસાથે જેવો પ્રેમ કરશો તેવો તે આપશે. હવે કનૈયો માલણને કહે છે, મા, મને ફળ આપ.અતિશય આનંદ- આનંદ થયો છે. માલણ લાલાને ઉત્તમમાં ઉત્તમ ફળઆપે છે. ફળ લઈ કનૈયો દોડતો ઘરમાં જાય છે

માલણ પરમ આનંદમાં ઘરે જાય છે.ઘરે ગયા પછી માલણે ટોપલી માં જોયું તો ટોપલી રત્નોથીભરી દીધેલી હતી. માલણને આશ્ચર્ય થયું,હા!મારું અનેક જન્મનું દારિદ્રય દૂર થયું!પ્રભુ કોઇનું ઋણ રાખતા નથી. જે પોતાનાં સત્કર્મોનાં ફળ ભગવાનનેઅર્પણ કરે છે,તેની ટોપલી ભગવાન હંમેશાં રત્નોથી ભરી દે છે.તેને ભગવાન બ્રહ્મ વિદ્યારૂપી દિવ્ય રત્નો આપે છે. માલણની ટોપલી રત્નોથી છલકાવી દીધેલી તેમ! માલણ એ જીવ છે, ટોપલી એ બુદ્ધિ છે.જીવ પાસે પરમાત્મા સત્કર્મોનું ફળ-પુણ્ય માગે છેઅને જો તમે તેને સત્કર્મનું ફળઅર્પણ કરશો,તો તમને અનેક ગણું કરી ને આપશે. ભગવાનને અર્પણ કરવાની રીત ગીતાજીમાં ભગવાને પોતે અર્જુનને બતાવેલ અને અર્જુન દ્વારા આપણને સૌને બતાવેલ. ભગવાન કહે છે કે,હું જે કંઈ કર્મ કરે,જે કંઈખાય જે કંઈ હોમે, જે કંઈ દાન કરે,જે કંઈ તપ કરે તે બધું મને જ અર્પણ કર!તો જ તું મને પામીશ કર્મમાં ફળની આશા રાખવાની નથી. જે કર્મ તમે પ્રભુને સમર્પી દીધું,પછી તેમાં તમને શું લાગે વળગે કે તમને તેના ફળનીઆશા કરો?માટે ફળની આશા ખોટી!કર્મ અર્પણ કર્યું તે જ એનું ફળ!કર્મનું પુણ્ય એ જ ફળ.શ્રીકૃષ્ણાર્પણ કરેલા કર્મનું ફળ ભોગવવા ઈચ્છા ન રાખો. જે કર્મનું ફળ ભગવાનને અર્પણ કરે છે તેની બુદ્ધિરૂપી ટોપલી બ્રહ્મજ્ઞાનથી ભરાઈ જાય છે.બાળલીલા સાંભળવાથી ભગવાનમાં શ્રદ્ધા ઉત્પન્ન થાય છે કિશોર લીલા સાંભળવાથીભક્તિ પેદા થાય છે.બાળલીલા પૂર્ણ થઈ હવે વૃંદાવન લીલા શરૂ થાય છે. માલણના ચરિત્રમાં કર્મનો સિદ્ધાંત વર્ણવ્યો ભારતભૂમિ એ કર્મભૂમિ છે.જેવું કર્મ મનુષ્ય કરે તેવું તેને ફળ છે.ઉત્તર દેશો ભોગ ભૂમિ છે.પ્રત્યેક કર્મ પરમાત્માની આજ્ઞા સમજીને કરો. પ્રભુને પ્રસન્ન કરવા માટે ફળની ઈચ્છા રાખ્યા વગર જે કર્મ કરે તે કર્મ જ ભક્તિ બને છે. કર્મમાં ફલેચ્છા રાખો તો એ કર્મમાં કપટ થયું કહેવાય.મનુષ્ય કર્મ કરેત્યારે એવી નિષ્ઠા રાખે કે,હું ભગવાન ને માટે કર્મ કરું છું.મનુષ્ય કર્મ કરતી વખતે મન ઈશ્વર સાથે જોડી રાખે,તો તેની પ્રત્યેક ક્રિયા એ ભક્તિ છે. વ્યવહારને અતિ શુદ્ધ રાખો તો પ્રત્યેક વ્યવહાર ભક્તિ થશે.વ્યવહાર અને ભક્તિમાં બહુ અંતર નથી. ઈશ્વરની ભાવના રાખીને કરેલો વ્યવહાર ભક્તિ છે.શરીર છે ત્યાં સુધી વ્યવહાર કરવાની જરૂર પડે છે.પ્રત્યેક કૃતિને ભક્તિમય બનાવો. ભોજન કરતી વખતે ભાવના કરો કે,મારા નારાયણ આરોગે છે.

# નાંદોદ તાલુકાના સિસોદરા ગામની મસ્જિદમાં AC રિપેર કરવા આવેલા ૩ યુવાનોના નદીમાં ડૂબી જવાથી મોત થયા

## AC રિપેર કર્યા બાદ ત્રણે યુવાનો ગામના અન્ય યુવાનો સાથે ઓરી સિસોદરા ગામની વચ્ચે આવેલી નર્મદા નદીમાં ન્હાવા ગયા અને ડૂબી ગયા

**રાજપીપળા, તા.06**

વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાના કાયાવરોહણ ગામના ત્રણ યુવાનો નાંદોદ તાલુકાના સિસોદરા ગામની મસ્જિદમાં AC રિપેર કરવા આવ્યા હતા.જે બાદ તેઓ નજીકની નર્મદા નદીમાં ન્હાવા પડ્યા હતા.એ દરમિયાન ત્રણેવ યુવાનો નદીના ઊંડા પાણીમાં ગરકાવ થઈ જતા અંતે તેમના મૃતદેહો બહાર કાઢવામાં આવ્યા હતા.ત્રણેવ યુવાનોના મૃતદેહને રાજપીપળા સિવિલ હોસ્પિટલ ખાતે પોસ્ટ મોર્ટમ



કર્યા બાદ પરિવારજનોને સોંપણી કરાઈ હતી.

ધુળેટીના દિવસે 4 માર્ચના રોજ ડભોઈ તાલુકાના કાયાવરોહણ ગામના 20 વર્ષીય મુજામિલ યાસીન ઘાંચી, 26 વર્ષીય ઈબ્રાહિમ યુસુફ મન્સૂરી અને 19 વર્ષીય અક્રમ નૂરમહંમદ મન્સૂરી નાંદોદ તાલુકાના સિસોદરા ગામની મસ્જિદમાં AC રિપેર કરવા માટે આવ્યા હતા.આખો દિવસ AC નું કામ કરી કામ પૂર્ણ થઈ જતા ઘરે પરત ફરતા પહેલા સાંજે ઠંડા પાણીમાં ન્હાવાનું નક્કી કરતા ત્રણેય યુવાનો અનસોયા માતાના સામેના કિનારે ઓરી ગામ પાસેના નર્મદા નદીના કિનારે ન્હાવા પડતા એક યુવાન ઉંડા પાણીમાં ગરકાવ થયો હતો.તેને બચાવો બચાવોની બૂમો પડતા બંને મિત્રો તેને બચાવવા જતા પોતે પણ ઊંડા પાણીમાં તણાયા હતા.આમ એક પછી એક ત્રણેય યુવાનો નદીના પાણીમાં ગરકાવ થઈ જતા સ્થાનિક ગ્રામજનો ટોળે વળ્યાં અને સ્થાનિક તરવૈયાઓએ શોધખોળ હાથ ધરી હતી.બાદમાં આ ઘટનાની આમલેથા પોલીસને જાણ થતા આમલેથા પોલીસ અને રાજપીપળા નગરપાલિકાના ફાયર ફાઈટરો આવી જતા તેમણે મોડી રાત્રે ત્રણેય મૃતદેહો શોધી બહાર કાઢ્યા હતા.જે બાદ બીજે દિવસે 5 માર્ચના રોજ સવારે ત્રણેવના મૃતદેહોનું પોસ્ટ મોર્ટમ કરાયા બાદ પરિવારને સોંપવામાં આવ્યા હતા.કાયાવરોહણ ગામે એક સાથે ત્રણ યુવાનોના મોતથી માતમ છવાયો હતો.પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# કરમસદ આણંદ મનપા વિસ્તારમાં રહેતા નગરજનોને બાકી મિલકત વેરો તા.31 માર્ચ પહેલા ભરવા અનુરોધ

## આણંદ, કરમસદ, વિધાનગર, મોગરી, ગામડી, જીટોડીયા અને લાંભવેલ ખાતેની કચેરીઓ જાહેર રજા ના દિવસે વેરો સ્વીકારશે

**આણંદ, તા.06**

કરમસદ આણંદ મહાનગર પાલિકાના કમિશનર શ્રી એ માર્ચ મહિના દરમિયાન મહાનગર પાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ તમામ વિસ્તાર ખાતે આવેલી મનપા ની કચેરીઓ રવિવાર સહિત જાહેર રજા ના દિવસે ખુલ્લી રાખીને નગરજનો બાકી વેરો ભરપાઈ કરી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા માટે જણાવ્યુ છે.કરમસદ આણંદ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ તમામ વિસ્તાર આણંદ, કરમસદ, વિદ્યાનગર, મોગરી, ગામડી, જીટોડીયા અને



લાંભવેલ વિસ્તારોમાં મિલકતો ધરાવતા નગરજનો તા. 31 માર્ચ 2026 ના રોજ નાણાકીય વર્ષ પૂરું થતું હોય બાકી વેરો ભરી શકે તે માટે માર્ચ મહિના દરમિયાન દરેક રવિવાર સહિત જાહેર રજા ના દિવસોએ સવારે 11:00 થી બપોર બાદ 16-00 કલાક સુધી તમામ કચેરીઓ ખુલ્લી રાખવામાં આવશે. આગામી તા. 08 માર્ચ રવિવાર જાહેર રજાના દિવસે મહાનગરપાલિકા વિસ્તારની તમામ વેરા વિભાગની શાખા ખુલ્લી રહેશે, જેમાં નગરજનોને બાકી વેરો જમા કરાવવા માટે અનુરોધ કરવામાં આવ્યો છે.

### ગુજરાતની મુલાકાતે આવેલા સંઘ સંચાલક

# RSSના વડા મોહન ભાગવતે વડતાલ સ્વામિનારાયણ ધામની મુલાકાત લીધી

**આણંદ, તા.06**

ગુજરાત ની બે દિવસ ની મુલાકાતે આવેલા આરએસએસ ના સંઘ સંચાલક મોહન ભાગવતે વડતાલ સ્વામિનારાયણ ધામ ની મુલાકાત લેતાં મંદિરના સંતો દ્વારા પરંપરાગત સ્વાગત કરવામાં આવ્યું હતું. જે બાદ સંઘ સંચાલકે મંદિર ના ઈતિહાસ તથા સંપ્રદાય પ્રવૃત્તિ ની જાણકારી મેળવી હોવાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર ગુજરાત ની બે દિવસની મુલાકાતે આવેલા રાષ્ટ્રીય સેવક સંઘ ના સર સંચાલક મોહન ભાગવતે વડતાલ સ્વામિનારાયણ ની મુલાકાત લેતાં મંદિરના ચેરમેન સંત વલ્લભ



સ્વામી, કોઠારી દેવ પ્રકાશ સ્વામી તથા નૌતમ સ્વામી સહિત આચાર્ય રાકેશપ્રસાદ મહારાજ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. જે બાદ મોહન ભાગવતે લક્ષ્મી નારાયણ દેવના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.જે સાથે મંદિર પરિસરમાં આવેલ હરી મંડપ તથા અક્ષર ભુવનની મુલાકાત લઈ આધ્યાત્મિક મહત્વ સાથે મંદિર ના ઈતિહાસ તથા સંપ્રદાય પ્રવૃત્તિ તથા સામાજિક, શૈક્ષણિક પ્રવૃત્તિ ની માહિતી મેળવી હતી.આરએસએસના સર સંઘ સંચાલક ની મુલાકાત પગલે હરિભક્તો માં ઉત્સાહ વ્યાપવા પામ્યો હતા.આ પ્રસંગે સાંસદ દેવુસિંહ ચૌહાણ,મિતેશ પટેલ,કેબિનેટ મંત્રી રમણ સોલંકી,રાજ્યમંત્રી કમલેશ પટેલ,ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા,પ્રદીપસિંહ જાડેજા,કેડીસીસી બેન્ક ના ચેરમેન તેજસ પટેલ સહિત અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

### માતાજીની ભવ્ય શોભાયાત્રામાં હજારો ભક્તો જોડાયા

# 425 વર્ષ પહેલા ઉજ્જૈનથી રાજપીપળા પધારેલ હરસિધ્ધિ માતાના પ્રાગટ્ય દિવસની ધામધૂમ ભેર ઉજવણી કરાઇ

**રાજપીપળા, તા.06**

રજવાડી નગરી રાજપીપલા શહેરમાં આવેલ હરસિધ્ધિ માતાજીના મંદિરમાં માતાજીના પ્રાગટ્ય દિવસની ધામધૂમભેર ઉજવણી કરવામાં આવી.હરસિધ્ધિ માતાજી ઉજ્જેનથી રાજપીપલા પધાર્યાને 425 વર્ષ થતા માતાજીનો પ્રાગટ્ય દિવસ ભારે શ્રદ્ધા અને ભક્તિભાવ પૂર્વક ઉજવાયો હતો.

રાજપીપળા નગરમાં ઐતિહાસિક ભવ્ય શોભાયાત્રા નીકળી હતી.જેમાં માં હરસિધ્ધિ મંદિર, યંત્ર, માતાજીની તસવીર વગેરે ઝાંખી વિશેષ આકર્ષણ બન્યું હતું. રથયાત્રામાં માતાજીની સવારી, વિવિધ ટેબલો નિદર્શન જોવા લોક ટોળાં ઉમટ્યા હતાં, મંદિરને 1000 કિલો રંગબેરંગી ફૂલોથી શણગારાયુ હતું.માતાજીના પ્રાગટ્ય દિવસે આખો દિવસ હજારોની સંખ્યામાં માતાજીના દર્શને ભક્તો ઉમટ્યા હતાં.

માં હરસિધ્ધિ મંદિરના ઈતિહાસની વાત કરીયે તો ઈ.સ 1657માં રાજવી વેરીશાલજી મહારાજ સાથે જે સ્વરૂપમાં માતાજી પધાર્યા હતા તે મૂળ સ્વરૂપનો ટેબલો દર્શન ખાસ કરીને લોક આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. વાઘ પર સવારી કરનાર મા હરસિધ્ધિ સાથે પધારેલ મહાદેવ, વીર વૈતાલ અને હનુમાન સાથેના ટેબલા સાથે માતાજીના દર્શન કરી ભક્તો અભિભુત થયા હતા.ખાસ રથમા મંદિરના ગર્ભગૃહમાં વાઘની સવારી પર બિરાજેલ હરસિદ્ધિ માતા સ્વરૂપમાં શણગારેલ રથમા બિરાજેલ હરસિદ્ધિ માતા સ્વરૂપની ઝાંખી વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની હતી.

ખાસ તો મંદિરના ગર્ભ ગૃહમાં મુકેલ મા હરસિધ્ધિની તસવીર પૂજારી અને આરતી સાથેના દર્શનની અનોખી ઝાંખી જોવા લોકટોળાં ઉમટ્યા હતા.સાથે રથમા બેસેલ વહાણ વટી માતાજીનું સાક્ષાત સ્વરૂપનું દર્શન તથા શિવજીની સવારી વિશેષ આકર્ષણનું કેન્દ્ર રહી હતી.

### ડેડિયાપાડા તાલુકામાં સગીરા સાથે

# બળાત્કાર ગુજારનાર નરાધમને કોર્ટે આજીવન કેદની સજા સંભળાવી

**રાજપીપળા, તા.06**

ડેડિયાપાડા તાલુકાના સામરપાડા (ચપાવી) ગામના નરાધમ યુવાને એક સગીરા સાથે અવારનવાર બળાત્કાર ગુજાર્યો હતો.આ કેસમાં કોર્ટે નરાધમને આજીવન કેદની સજાની સાથે 80 હજાર રૂપિયા દંડ તથા સગીરાને 2 લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ કેસની વિગત મુજબ ડેડિયાપાડા તાલુકાના સામરપાડા (ચપાવી) ગામના શાંતિલાલ મુલજી વસાવાએ 14 વર્ષની સગીરાને લલચાવી ફોસલાવી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી કુનબાર ગામેથી મોટર સાયકલ ઉપર બેસાડી અપહરણ કરી અલગ અલગ જગ્યાઓએ લઈ જઈ અવાર નવાર બળજબરીથી બળાત્કાર ગુજાર્યો હતો. આ કેસ રાજપીપળાની એડી.સેસન્સ કોર્ટના જજ એ.વી. હિરપરાની કોર્ટમાં ચાલી ગયો હતો.


જેમાં ફરીયાદી તરફે જીલ્લા સરકારી વકીલ જીતેંદ્રસિંહ જે. ગોહીલની દલીલો અને સાયન્ટીફિક તથા દસ્તાવેજી પુરાવાઓ તેમજ નામદાર હાઈકોર્ટ તથા સુપ્રિમ કોર્ટના જજમેન્ટોને ધ્યાને લઈ શાંતિલાલ મુલજી વસાવાને આજીવન કેદ તથા 80,000 રૂપિયા દંડ અને તકસીરવાર ઠેરવી 2,00,000 રૂપિયા વળતરનો હુકમ કર્યો હતો.

### ઇન્હે મારી પીચકારી તો ભીગી ચુનરીયા

# ધાર્મિક સંસ્થાઓ સહિત અન્ય વિવિધ સંસ્થાઓ અને સામાન્ય જનોએ ધુળેટી પર્વની ઉત્સાહ અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરી

**આણંદ, તા.06**

સોમવારે સાંધ્ય પૂનમે હોલિકા દહન બાદ ગતરોજ ચંદ્ર ગ્રહણ ના કારણે પડતર દિવસ બાદ આજે ઈન્હે મારી પીચકારી તો ભીગી ચુનરીયા ના રંગ સાથે આણંદ સ્થિત ધાર્મિક સંસ્થાઓ થી સરકારી તંત્ર થી રાજકીય નેતાઓ સહિત સામાન્ય જન સપ્તરંગમા રંગાઇ ધુળેટી પર્વની ઉત્સાહભેર હર્ષોલ્લાસ સાથે ઉજવણી



કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.પ્રાપ્ત વિગત અનુસાર આજે ફાગણ વદ એકમના દિવસે ધુળેટી ના પર્વ પર આણંદના સ્વામિનારાયણ મંદિર હોય કે બેઠક મંદિર ખાતે ભક્તો અબીલ ગુલાલ ની છોળો સાથે ભક્તિ રંગે રંગાયેલા નજરે જોવા મળ્યા હતા.જ્યારે સરકારી તંત્ર ના ઉચ્ચ અધિકારીઓ જીલ્લા કલેકટર,જીલ્લા પોલીસ વડા,રેન્જ આઇજી,સહિત અન્ય અધિકારીઓ તથા કર્મચારીઓ સુમેળભર્યા વાતાવરણમાં પર્વની ઉજવણી માં જોડાયા હતા.જે બાદ ગુજરાતી ગરબાની રમઝટ માં જોડાઈ સંસ્કૃતિ વાતાવરણ સર્જાયું હતું.બીજા તરફ રાજકીય નેતાઓ પણ ધુળેટીના રંગોમાં વિદ્યાનગર વિસ્તારમાં સાંસદ મિતેષ પટેલ, ધારાસભ્ય યોગેશ પટેલ, પ્રદેશ ભાજપ મંત્રી નીરવ અમીન, શહેર ભાજપ પ્રમુખ હરીકૃષ્ણ પટેલ સહિત ભાજપ અગ્રણીઓ ઢોલ અને નગારા ના તાલે રંગે રંગાયા હતા.

### આઠ દાયકા પૂર્વ પંડિત નેહરુના હસ્તે ફાઉન્ડેશન મૂક્યા બાદ

# સરદાર પટેલની પ્રેરણાથી સ્થાપિત અને શૈક્ષણિક વ્યાપારીકરણનું ધામ બનેલ વિદ્યાનગરના સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી

**આણંદ, તા.06**

દેશની આઝાદી પૂર્વે ચરોતર પંથકનું બાળક પ્રાથમિક થી લઇ ઉચ્ચ શિક્ષણ મફત કે નજીવી ફી થી પ્રાપ્ત કરે તેવી સરદાર પટેલની ભાવના ને તેમની પ્રેરણાથી સાકાર કરવા ૩ માર્ચ ૧૯૪૬ના વિદ્યાનગર શિક્ષણ ધામની ભાઈકાકા, ભીખુભાઇ સહિતના દ્વારા સ્થાપના કરવામાં આવી હતી.જેનો સરદાર પટેલ જીવિત સમયે દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ વર્ષે ૧૯૪૯મા ફાઉન્ડેશન મૂકી વિદ્યાનગર નો આર્કિટેક્ચર નિર્માણ કરવામાં આવ્યું હતું. આજે વિદ્યાનગર શૈક્ષણિક વ્યાપારીકરણ નું ધામ બનવા સાથે સીવીએમ યુનિવર્સિટી સહિત વિદ્યાનગર કોંગ્રેસ





દ્વારા વિદ્યાનગરના ૮૧મા સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગત અનુસાર દેશની આઝાદી પૂર્વે સરદાર પટેલ દ્વારા ચરોતર પંથકનું બાળક પ્રાથમિક થી ઉચ્ચ શિક્ષણ પંથકમાં થી જ મેળવે તેવી ભાવના ભાઇકાકા, ભીખુભાઇ સહિતના અન્ય આગેવાનો સાથે વ્યક્ત કરતાં તેમની ભાવના પ્રેરણા ને ચરિતાર્થ કરવા ભાઇકાકા, ભીખુભાઇ સહિતના આગેવાનોએ કમરકસી ખેડૂતો પાસેથી જમીન દાનમાં મેળવી ૩ માર્ચ ૧૯૪૬ના દિવસે ચારૂતર વિદ્યા મંડળ, ચરોતર ગ્રામોધ્ધાર સહકારી મંડળી, ચારૂતર આરોગ્ય મંડળની રચના સાથે વિદ્યાનગરની સ્થાપના કરવામાં આવી હતી.જેનો આજે રાજકીય પક્ષો દ્વારા સરદાર પટેલ તથા પંડિત નેહરુ વચ્ચે મતભેદ,મનભેદના નામે રાજકીય રોટલા શેકવા માં આવી રહ્યા છે ત્યારે સરદાર પટેલ જીવિત સમયે જ દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ ૧૩ ફેબ્રુઆરી,૧૯૪૯ના વિદ્યાનગર નો ફાઉન્ડેશન મૂકી વિદ્યાનગર ને આર્કિટેક્ચર નિર્માણ કરવામાં આવતાં આજે વિદ્યાનગર શૈક્ષણિક વ્યાપારીકરણ નું ધામ બનતાં છતાં વિદ્યાનગર નો ૮૧મા સ્થાપના દિનની ઉજવણી સીવીએમ યુનિવર્સિટી ના પ્રમુખ ભીખુભાઇ પટેલ, મુખ્ય મહેમાન વિક્રમભાઇ પટેલ, સરદાર પટેલ યુનિવર્સિટી ના વાઇસ ચાન્સેલર ડો નિરંજન પટેલ, મંડળના ઉપપ્રમુખ મનિષ પટેલ, સહમંત્રી મેહુલ પટેલ સહિત સીવીએમ યુનિવર્સિટી ના પદાધિકારીઓ, વિદ્યાર્થીઓ ની ઉપસ્થિતિમાં શાસ્ત્રી મેદાન ખાતે ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે મુખ્ય મહેમાન વિક્રમભાઈએ વિદ્યાનગરના ભવ્ય ઈતિહાસ યાદ કરી બીવીએમ એન્જિનિયરિંગ કોલેજ ખાતે અભ્યાસ કર્યો નું ગૌરવ વ્યક્ત કર્યું હતું.

### સ્ટ્રાઇકર પરિવાર દ્વારા વૈદિક પરંપરા સાથે

# આણંદ શહેર સહિત જીલ્લામાં ૧૦૦ ઉપરાંત સ્થળે હોલીકા દહન કરાયું...

## અંધકારથી પ્રકાશ તરફ તથા બુરાઈથી અચ્છાઇની ભાવના સાથે ભાવિકો દ્વારા હોળી પૂજન કરવામાં આવ્યું

**આણંદ, તા.06**

આજે ચંદ્ર ગ્રહણ ના કારણે ગતરોજ સાંજના ફાગણી પૂનમના દિવસે વિદ્યાનગર સ્ટ્રાઈકર પરિવાર દ્વારા વૈદિક પરંપરા સાથે આણંદ સહિત જીલ્લામાં નવસો ઉપરાંત સ્થળે હોલીકા દહન કરવામાં આવ્યું હતું.જ્યા ભાવિકો દ્વારા અંધકાર થી પ્રકાશ અને બુરાઇ પર અચ્છાઈની જીતની ભાવના સાથે હોળી પૂજન કરવામાં આવ્યું હતું.પ્રાપ્ત વિગત અનુસાર આજે ચંદ્ર ગ્રહણ ના કારણે ગતરોજ ફાગણ પૂનમના રાત્રિ પ્રારંભ થતાં છેલ્લા સોળ વર્ષથી વિદ્યાનગર



સ્ટ્રાઈકર પરિવાર દ્વારા પર્યાવરણ ની જાળવણી અને વૈદિક પરંપરા થી છાણાં ના ઉપયોગ કરી હોલિકા દહન કરવામાં આવતું હોય પુનઃ વૈદિક પરંપરા સાથે વિદ્યાનગર ઈસ્કોન મંદિર નજીક સહિત આણંદ શહેર ના વિવિધ વિસ્તારમાં તથા જીલ્લામાં નવસો જેટલા સ્થળોએ હોલિકા દહન કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ભાવિકો દ્વારા ધાણી, ચણા, ખજૂર, નારિયેળ સહિત હોળી નું પૂજન સાથે પ્રદક્ષિણા કરી પર્વની ઉજવણી કરવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

# 34 છગ્ગા, 39 ચોગ્ગા અને 499 રન.., ભારત vs ઈંગ્લેન્ડની સેમિ ફાઈનલમાં રેકોર્ડ્સની વણઝાર

**નવી દિલ્હી, તા.06**



ICC ટી20 વર્લ્ડ કપ 2026માં ગુરુવારે (5 માર્ચ) ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે બીજી સેમિ ફાઈનલ રમાઈ હતી. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલો આ મુકાબલો છેલ્લી ઓવર સુધી ગયો હતો, જ્યાં ભારતીય ટીમે સાત રનથી રોમાંચક જીત હાંસલ કરી હતી. હવે ફાઈનલમાં ભારતીય ટીમનો સામનો 8 માર્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ન્યૂઝીલેન્ડ સામે થશે. ન્યૂઝીલેન્ડે પ્રથમ સેમિ ફાઈનલમાં સાઉથ આફ્રિકાને 9 વિકેટે હરાવ્યું હતું.

ભારત-ઈંગ્લેન્ડ વચ્ચેના મુકાબલામાં કુલ 499 રન બન્યા હતા. ટી20 વિશ્વ કપના ઈતિહાસમાં કોઈ મેચમાં બનાવવામાં આવેલા આ સૌથી વધુ રન છે. ભારત અને ઈંગ્લેન્ડ બંનેના બેટરોએ મળીને કુલ 34 છગ્ગા અને 39 ચોગ્ગા ફટકાર્યા હતા. આ પહેલા ટી20 વિશ્વ કપ 2016માં ઈંગ્લેન્ડ અને સાઉથ આફ્રિકા વચ્ચે રમાયેલા મુકાબલામાં કુલ 459 રન બન્યા હતા. જો કે, ટી20 ઈન્ટરનેશનલમાં આ બીજો સૌથી મોટો હાઈસ્કોરિંગ મુકાબલો રહ્યો. આ મામલે સાઉથ આફ્રિકા vs વેસ્ટ ઈન્ડિઝ મુકાબલો ટોપ પર છે. વર્ષ 2023 માં સેન્ચુરિયનમાં રમાયેલી મેચમાં કુલ 517 રન બન્યા હતા.

મેન્સ ટી20 ઈન્ટરનેશનલ મેચમાં સર્વોચ્ચ રન

517 - સાઉથ આફ્રિકા વિરુદ્ધ વેસ્ટ ઈન્ડિઝ, સેન્ચુરિયન, 2023

499 - ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડ, વાનખેડે, 2026

496 - ભારત વિરુદ્ધ ન્યૂઝીલેન્ડ, તિરુવનંતપુરમ, 2026

489 - ભારત વિરુદ્ધ વેસ્ટ ઈન્ડિઝ, લોડરહિલ, 2016

488 - ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ ઓસ્ટ્રેલિયા, ઓકલેન્ડ, 2018

488 - બલ્ગેરિયા વિરુદ્ધ સર્બિયા, સોફિયા, 2022

ટી20 વિશ્વ કપ મેચમાં સૌથી વધુ છગ્ગા

34 - ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડ, વાનખેડે, 2026 સેમિફાઈનલ

31 - વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ ઝિમ્બાબ્વે, વાનખેડે, 2026

30 - નેધરલેન્ડ વિરુદ્ધ આયર્લેન્ડ, સિલ્હટ, 2014

28 - ભારત વિરુદ્ધ ઝિમ્બાબ્વે, ચેન્નાઈ, 2026

25 - ઈંગ્લેન્ડ વિરુદ્ધ ઈટાલી, કોલકાતા, 2026

એક ઈનિંગમાં સૌથી વધુ છગ્ગા (ટી20 વિશ્વ કપ)

19 - નેધરલેન્ડ વિરુદ્ધ આયર્લેન્ડ, સિલ્હટ, 2014

19 - વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ ઝિમ્બાબ્વે, વાનખેડે, 2026

19 - ભારત વિરુદ્ધ ઈંગ્લેન્ડ, વાનખેડે, 2026

17 - ભારત વિરુદ્ધ ઝિમ્બાબ્વે, ચેન્નાઈ, 2026

16 - ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ ભારત, બ્રિજટાઉન, 2010

ટી20 વિશ્વ કપના નોકઆઉટ મેચોમાં સર્વોચ્ચ સ્કોર

105 - જેકબ બેથેલ વિરુદ્ધ ભારત, વાનખેડે, 2026 સેમિફાઈનલ

100* - ફિન એલન વિરુદ્ધ સાઉથ આફ્રિકા, કોલકાતા, 2026 સેમિફાઈનલ

96* - તિલકરત્ને દિલશાન વિરુદ્ધ વેસ્ટ ઈન્ડિઝ, ધ ઓવલ, 2009 સેમિફાઈનલ

89* - વિરાટ કોહલી વિરુદ્ધ વેસ્ટ ઈન્ડિઝ, મુંબઈ વિશ્વ કપ, 2016 સેમિફાઈનલ

89 - સંજુ સેમસન વિરુદ્ધ ઈંગ્લેન્ડ, વાનખેડે, 2026 સેમિફાઈનલ

વર્લ્ડ કપ ઈતિહાસના સર્વોચ્ચ સ્કોર, ભારત બીજા ક્રમે

ટી20 વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી મોટા સ્કોરનો રેકોર્ડ હજુ પણ શ્રીલંકા (260/6) ન નામે છે, જે 2007માં બન્યો હતો. પરંતુ 2026ની સિઝનમાં ભારતે ઝિમ્બાબ્વે સામે ચેન્નાઈમાં 256/4 રન બનાવીને બીજા ક્રમનું સર્વોચ્ચ ટોટલ નોંધાવ્યું છે.

ભારત તરફથી એક જ વર્લ્ડ કપમાં સૌથી વધુ સિક્સરનો રેકોર્ડ હવે સંજુ સેમસન (16 સિક્સર) ના નામે છે. તેણે રોહિત શર્મા (15) ને પાછળ છોડી દીધો છે. આ સાથે જ ભારતે આ સિઝનમાં કુલ 88 સિક્સર ફટકારીને પોતાની આક્રમક રણનીતિ સ્પષ્ટ કરી દીધી છે. બીજી તરફ એક ઈનિંગમાં સૌથી વધુ સિક્સરનો રેકોર્ડ (19 સિક્સર) હવે સંયુક્ત રીતે નેધરલેન્ડ, વેસ્ટ ઈન્ડિઝ અને ભારતના નામે છે.

ટીમ ઈન્ડિયા: 250+ સ્કોરનું મશીન, પુરુષોની ટી20 ક્રિકેટમાં સૌથી વધુ વખત 250 કે તેથી વધુ રન બનાવવાનો રેકોર્ડ હવે ભારતના નામે છે. ભારતે અત્યાર સુધી 6 વખત આ સિદ્ધિ મેળવી છે, જે સનરાઈઝર્સ હૈદરાબાદ (5 વખત) કરતા પણ વધુ છે.

# સેમિ ફાઈનલ બાદ ભાવુક થયો સંજુ સેમસન, સંઘર્ષના દિવસો યાદ કરી કહ્યું - 9 મહિના કપરાં હતા

**નવી દિલ્હી, તા.06**




ભારતીય ક્રિકેટ ટીમે T20 વર્લ્ડ કપ 2026ની રોમાંચક સેમિ ફાઈનલમાં ઈંગ્લેન્ડને 7 રને હરાવીને ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. આ ઐતિહાસિક જીતનો સૌથી મોટો હીરો રહ્યો કેરળનો સ્ટાર બેટ્સમેન સંજુ સેમસન. જેણે માત્ર 42 બોલમાં 89 રનની આક્રમક ઈનિંગ રમીને ભારતને ફાઈનલમાં પહોંચાડ્યું હતું.

આ ટુર્નામેન્ટમાં સેમસન માટે રસ્તો ખુબ જ સંઘર્ષપૂર્ણ રહ્યો હતો. શરૂઆતની મેચોમાં તેને પ્લેઈંગ ઈલેવનમાં જગ્યા નહોતી મળી અને તે લાંબો સમય બેન્ચ પર બેસી રહ્યો હતો. જોકે, વેસ્ટ ઈન્ડિઝ સામેની મેચમાં 97 રનની અણનમ ઈનિંગ બાદ તેને સેમિ ફાઈનલમાં તક મળી અને તેણે સાબિત કરી દીધું કે તે શા માટે ખાસ છે.

મેચ બાદ પ્રેસ કોન્ફરન્સમાં ભાવુક થયેલા સંજુએ જણાવ્યું હતું કે, 'છેલ્લા નવ મહિના મારા માટે ખૂબ જ પડકારજનક હતા. હું હંમેશા ટીમ માટે યોગદાન આપવા માંગતો હતો, પણ ન્યુઝીલેન્ડ સામેની સીરીઝમાં જ્યારે મને તક મળી ત્યારે હું રન બનાવી શક્યો નહોતો. તે સમયે હું ઘણું દબાણ અનુભવી રહ્યો હતો.'

આ મુશ્કેલ સમયમાંથી બહાર આવવા માટે સંજુએ એક મોટો નિર્ણય લીધો હતો. તેણે કહ્યું, 'મેં બહારનો અવાજ સાંભળવાનું બંધ કરી દીધું હતું. મેં મારો ફોન બંધ કરી દીધો હતો અને સોશિયલ મીડિયાથી પણ અંતર જાળવી રાખ્યું હતું. હું માત્ર મારા નજીકના લોકો સાથે જ વાત કરતો હતો. આનાથી મને મારા બેઝિક્સ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં મદદ મળી.'

સંજુની આ આકરી તપસ્યા અને મહેનત આખરે સેમિ ફાઈનલમાં રંગ લાવી. દબાણ હેઠળની મેચમાં તેણે ઈંગ્લેન્ડના બોલરોની બરાબરની ધોલાઈ કરી 89 રન ફટકાર્યા, જે ભારતની જીતનો પાયો બન્યો. તેને 'પ્લેયર ઓફ ધ મેચ' જાહેર કરવામાં આવ્યો હતો.

ભારત હવે ફાઈનલમાં પહોંચી ગયું છે અને સંજુ સેમસનનો આત્મવિશ્વાસ સાતમા આસમાને છે. જો ફાઈનલમાં પણ તેનું બેટ આ રીતે જ ચાલશે, તો ભારતને વિશ્વવિજેતા બનતા કોઈ રોકી શકશે નહીં.

# 'પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ'ની સંભવિત યાદી જાહેર, બુમરાહનું પત્તું કપાયું!

**નવી દિલ્હી, તા.06**

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે આઠમી માર્ચે યોજાનારી ભવ્ય ફાઈનલ પૂર્વે ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) એ શુક્રવારે (છઠ્ઠી માર્ચ) 'પ્લેયર ઓફ ધ ટૂર્નામેન્ટ' માટે સંભવિત આઠ ખેલાડીઓની યાદી જાહેર કરી છે. આ યાદીમાં સૌથી મોટો ઝટકો ભારતીય ચાહકોને લાગ્યો છે, કારણ કે સ્ટાર ફાસ્ટ બોલર જસપ્રીત બુમરાહનું પત્તું કપાઈ ગયું છે. ભારત તરફથી માત્ર સંજુ સેમસન જ આ રેસમાં સ્થાન મેળવી શક્યો છે.

સંજુ સેમસન (ભારત): ભારતના સંજુ સેમસન ટુર્નામેન્ટમાં મોડેથી પ્રવેશ્યા હતા પરંતુ નોકઆઉટ મેચોમાં તેમણે શાનદાર પ્રદર્શન કર્યું. તેમણે નામિબિયા સામે ટૂંકી પરંતુ મહત્ત્વપૂર્ણ ઈનિંગ્સ રમી. ત્યારબાદ તેમણે ઝિમ્બાબ્વે સામે ઉપયોગી યોગદાન આપ્યું. તેમણે વેસ્ટ ઈન્ડીઝ સામે વર્ચ્યુઅલ ક્વાર્ટર ફાઈનલમાં અણનમ 97 રન બનાવ્યા. પાંચમી માર્ચે ઈંગ્લેન્ડ સામેની સેમિફાઈનલમાં, સેમસને 89 રન બનાવ્યા અને ભારતને મોટો સ્કોર બનાવવામાં મદદ કરી. તેમણે ચાર ઈનિંગ્સમાં 77.33ની સરેરાશ અને 201.73 ની સ્ટ્રાઈક રેટ સાથે 232 રન બનાવ્યા છે.

વિલ જેક્સ (ઈંગ્લેન્ડ): ઈંગ્લેન્ડના ઓલરાઉન્ડર વિલ જેક્સે ટુર્નામેન્ટમાં બહુમુખી પ્રદર્શન કર્યું. તેમણે બેટથી 226 રન બનાવ્યા અને બોલથી 9 વિકેટ લીધી. નોંધનીય છે કે, T20 વર્લ્ડ કપના એક જ આવૃત્તિમાં છઠ્ઠા કે તેથી નીચેના નંબર પર બેટિંગ કરતા ખેલાડી દ્વારા આ સૌથી વધુ રન છે.

જેક્સનો સ્ટ્રાઈક રેટ 176.56 હતો. અગાઉ, આ રેકોર્ડ પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન મિસ્બાહ-ઉલ-હકના નામે હતો, જેમણે પ્રથમ T20 વર્લ્ડ કપમાં 218 રન બનાવ્યા હતા. જેક્સને ચાર વખત પ્લેયર ઓફ ધ મેચ પણ જાહેર કરવામાં આવ્યો હતો. તેણે સેમિફાઈનલમાં અભિષેક શર્મા અને સંજુ સેમસનની મહત્ત્વપૂર્ણ વિકેટો પણ લીધી હતી.




લુંગી એનગિડી (દક્ષિણ આફ્રિકા): દક્ષિણ આફ્રિકાના ઝડપી બોલર લુંગી એનગિડી ટુર્નામેન્ટમાં તેમની ટીમના સૌથી સફળ બોલર હતા. તેમણે સાત મેચમાં 12 વિકેટ લીધી, સરેરાશ 15.58 અને ઈકોનોમી રેટ 7.19 હતો. એનગિડીની ધીમી બોલિંગે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન બેટ્સમેનોને મુશ્કેલીમાં મુક્યા. તેમણે ભારત સામે ચાર ઓવરમાં માત્ર 15 રન આપ્યા. તેમણે પોતાની બોલિંગમાં સુધારો કરવા માટે વેસ્ટ ઈન્ડિઝના પૂર્વ ઓલરાઉન્ડર ડ્વેન બ્રાવોને શ્રેય આપ્યો.

એડન માર્કરામ (દક્ષિણ આફ્રિકા): દક્ષિણ આફ્રિકાના કેપ્ટન એડન માર્કરામએ પણ શાનદાર પ્રદર્શન કર્યું. તેણે આઠ ઈનિંગ્સમાં 286 રન બનાવ્યા, જેમાં તેણે ન્યુઝીલેન્ડ અને વેસ્ટ ઈન્ડીઝ સામે અણનમ 86 રન બનાવ્યા. માર્કરામનો સરેરાશ 47.66 રન હતો અને તેનો સ્ટ્રાઈક રેટ 165.31 હતો. બોલ સાથે, તેણે ભારત સામે સુપર 8 મેચમાં ઈશાન કિશનની વિકેટ લીધી.

રચિન રવિન્દ્ર (ન્યુઝીલેન્ડ): ન્યૂઝીલેન્ડના ઓલરાઉન્ડર રચિન રવિન્દ્ર બોલિંગમાં પ્રભાવશાળી રહ્યા છે. તેમણે આઠ મેચમાં 11 વિકેટ લીધી છે અને 128 રન બનાવ્યા છે. પાકિસ્તાન સામેની પહેલી સુપર આઠ મેચ વરસાદને કારણે ધોવાઈ ગયા બાદ, ડાબા હાથના સ્પિનરે શ્રીલંકા સામેની મેચમાં ન્યૂઝીલેન્ડને લીડ અપાવી હતી. તેમણે 32 રન બનાવ્યા હતા અને 27 રનમાં 4 વિકેટ લીધી હતી જેનાથી સહ-યજમાન ટીમને 107/8 સુધી રોકી રાખવામાં મદદ મળી હતી. ઈંગ્લેન્ડ સામેની આગામી મેચમાં, તેણે 19 રનમાં 3 વિકેટ લીધી હતી, પરંતુ ટીમ હારી ગઈ હતી.

શેડલી વાન શાલ્કવિક (યુએસએ): 37 વર્ષીય અમેરિકન ફાસ્ટ બોલર શેડલી વાન શાલ્કવિક ટુર્નામેન્ટની સૌથી મોટી શોધ તરીકે ઉભરી આવ્યો. જોકે યુએસએ ગ્રુપ સ્ટેજમાં બહાર થઈ ગયું હતું, તેણે માત્ર ચાર મેચમાં 13 વિકેટ લીધી. તેની સરેરાશ 7.76 અને ઈકોનોમી 6.80 હતી. તેણે ભારત અને પાકિસ્તાન સામે ચાર-ચાર વિકેટ લીધી. તે હાલમાં ઝિમ્બાબ્વેના બ્લેસિંગ મુઝારાબાની, ઈંગ્લેન્ડના આદિલ રશીદ અને ભારતના વરુણ ચક્રવર્તી સાથે સંયુક્ત રીતે અગ્રણી વિકેટ લેનાર બોલર છે.

ટિમ સેફર્ટ (ન્યુઝીલેન્ડ): ન્યૂઝીલેન્ડના વિકેટકીપર-બેટર ટિમ સેફર્ટે સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન સતત રન બનાવ્યા. તેણે સાત ઈનિંગ્સમાં 45.66ની સરેરાશ અને 161.17ની સ્ટ્રાઈકિંગ સાથે 274 રન બનાવ્યા. તેણે સેમિફાઈનલમાં દક્ષિણ આફ્રિકા સામેની અડધી સદી સહિત ત્રણ અડધી સદી ફટકારી. તે મેચમાં, તેણે ફિન એલન સાથે મળીને રન ચેઝ માટે મજબૂત પાયો નાખ્યો.

# રશ્મિકાને ખોળામાં ઉપાડીને નાચ્યો વિજય દેવરકોંડા : સવારે 4 વાગ્યા સુધી ચાલી DJ પાર્ટી

## રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાએ તેમની પોસ્ટમાં આ રાતને "પ્રેમ, ખુશીના આંસુ, હાસ્ય, સંગીત અને નૃત્યથી ભરેલી રાત" ગણાવી



**મુંબઈ, તા.06**

લગ્નની તસવીરો શેર કર્યાના થોડા દિવસો પછી, રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાએ તેમના સંગીત સમારોહની ઝલક ચાહકો સાથે શેર કરી છે. મંગળવારે બંનેએ ઈન્સ્ટાગ્રામ પર પ્રી-વેડિંગ ફંક્શનની ઘણી તસવીરો અને વીડિયો પોસ્ટ કર્યા.

રશ્મિકા મંદાના અને વિજય દેવરકોંડાએ તેમની પોસ્ટમાં આ રાતને "પ્રેમ, ખુશીના આંસુ, હાસ્ય, સંગીત અને નૃત્યથી ભરેલી રાત" ગણાવી. તેમણે લખ્યું, "આ અમારા માટે સૌથી મનોરંજક રાત હતી. હું અને વિજય એકબીજાને સરપ્રાઈઝ આપવા માંગતા હતા. પરિવાર પણ અમને સરપ્રાઈઝ આપવા માંગતો હતો. અમે બધાને ડાન્સ કરતા જોઈને ખૂબ ખુશ અને આશ્ચર્યચકિત હતા. 24.2.26ની રાત, જ્યારે અમે બંને પરિવાર અને મિત્રો વચ્ચે એકસાથે ડાન્સ કરી રહ્યા હતા."


સંગીતમાં બંનેએ એકબીજા માટે ખાસ પરફોર્મન્સ આપ્યું. કન્યા પક્ષ અને વર પક્ષ પણ પૂરા ઉત્સાહમાં જોવા મળ્યા. બધાએ સ્ટેજ પર ડાન્સ કર્યો. આ પ્રસંગે બંનેએ ફાલ્ગુની શેન પીકોક દ્વારા ડિઝાઈન કરાયેલા આઉટફિટ્સ પહેર્યા હતા. એક વીડિયોમાં વિજય, રશ્મિકાને બાહોમાં ઉઠાવીને ફેરવતા જોવા મળ્યો.

# 'જબ ખુલી કિતાબ'નું ટ્રેલર રિલીઝ : 6 માર્ચે ZEE5 પર સ્ટ્રીમ થશે

**મુંબઈ, તા.06**

એપ્લોઝ એન્ટરટેઈનમેન્ટની ફિલ્મ 'જબ ખુલી કિતાબ'નું ટ્રેલર રિલીઝ થઈ ગયું છે. ફિલ્મમાં દિગ્ગજ એક્ટર પંકજ કપૂર અને ડિમ્પલ કપાડિયા મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે. ટ્રેલર પરથી સ્પષ્ટ છે કે વાર્તા પરિપક્વ ઉંમરના સંબંધો, અધૂરી લાગણીઓ અને જીવનના નવા અધ્યાયની શોધ પર કેન્દ્રિત છે.

બંને કલાકારોનો ઊંડો અને સંતુલિત અભિનય ફિલ્મને ખાસ બનાવી રહ્યો છે. આ ફિલ્મ જાણીતા એક્ટર-લેખક સૌરભ શુક્લાના ચર્ચિત નાટક પર આધારિત છે. તેમણે માત્ર મૂળ નાટક જ નહીં, પરંતુ તેના ફિલ્મ રૂપાંતરણનું નિર્દેશન પણ પોતે જ કર્યું છે. નાટકની લોકપ્રિયતાને જોતા ફિલ્મ પાસેથી પણ દર્શકોને ઘણી અપેક્ષાઓ છે.



વાર્તા બે એવા લોકોની છે જે જીવનના ઉત્તરાર્ધમાં એકબીજાને મળે છે અને પોતાના ભૂતકાળના સંબંધોને નવા દ્રષ્ટિકોણથી સમજવાનો પ્રયાસ કરે છે. ફિલ્મમાં અપારશક્તિ ખુરાના પણ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે, જે વાર્તામાં નવી પેઢીનો દ્રષ્ટિકોણ ઉમેરે છે. ટ્રેલરમાં હળવી નોકઝોક, ભાવનાત્મક સંવાદો અને જીવનના અનુભવોમાંથી ઉદ્ભવેલી સંવેદનશીલતાની ઝલક જોવા મળે છે. એપ્લોઝ એન્ટરટેઈનમેન્ટ દ્વારા પ્રસ્તુત અને શૂસ્ટ્રેપ ફિલ્મ્સના બેનર હેઠળ બનેલી આ ફિલ્મ 6 માર્ચ 2026થી ZEE5 પર સ્ટ્રીમ થશે.

# ટાઇગર શ્રોફના બર્થ ડે પર 'વજ'ની જાહેરાત





## 'નીરજા' અને 'આર્યા' જેવા કન્ટેન્ટ-ડ્રિવન પ્રોજેક્ટ્સ માટે જાણીતા રામ માધવાની સાથે ટાઈગરનો આ સહયોગ ઇન્ડસ્ટ્રીમાં ખાસ ચર્ચા જગાવી રહ્યો છે

**મુંબઈ, તા.06**

એક્શન સ્ટાર ટાઈગર શ્રોફે 2 માર્ચે પોતાના જન્મદિવસના અવસરે તેની આગામી ફિલ્મ 'વજ'ના ટાઈટલની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. આ ફિલ્મ ડિરેક્ટર રામ માધવાની અને પ્રોડ્યુસર મહાવીર જૈન સાથે મળીને બનાવી રહ્યા છે. 'નીરજા' અને 'આર્યા' જેવા કન્ટેન્ટ-ડ્રિવન પ્રોજેક્ટ્સ માટે જાણીતા રામ માધવાની સાથે ટાઈગરનો આ સહયોગ ઈન્ડસ્ટ્રીમાં ખાસ ચર્ચા જગાવી રહ્યો છે. 'વજ'ને 2027ની સૌથી મોટી એક્શન ફિલ્મોમાંની એક માનવામાં આવી રહી છે, જેમાં હાઈ-ઓક્ટેન એક્શન જોવા મળશે. સૂત્રો અનુસાર, 'વજ' એક સ્પિરિચ્યુઅલ એક્શન થ્રિલર હશે, જેનું શૂટિંગ એપ્રિલથી શરૂ કરવાની યોજના છે. ફિલ્મનો મોટો ભાગ જાપાનમાં ફિલ્માવવામાં આવશે, જ્યાં ટાઈગર વિશેષ માર્શલ આર્ટ્સ તાલીમ પણ લેશે. તેને વૈશ્વિક દર્શકો માટે એક નવા પ્રયોગ તરીકે જોવામાં આવી રહ્યું છે.

2027 માટે ટાઈગરે મોટા પાયે ફેરફારોની તૈયારી કરી છે. સાજિદ નાડિયાડવાલાના બેનર હેઠળ બનનારી 'બાગી 5' તેની સફળ ફ્રેન્ચાઈઝીનો આગલો અધ્યાય હશે.

**'રોડિઝ' ફેમ રણવિજય સિંહની યુવાનોને શિખામણ**

# 'સેલ્ફ-વર્થ ઓળખો, ટ્રેન્ડ નહીં ટાર્ગેટ પાછળ દોડો'



## રમતગમત મારા જીવનનો મંત્ર છે,રમતગમત શિસ્ત અને વ્યૂહરચના શીખવે છે, પ્રેરિત રાખે છે, પડકારોનો સામનો કરવા સક્ષમ બનાવે છે

**મુંબઈ, તા.06**

ફિટનેસ અને એડવેન્ચરની દુનિયાનો જાણીતો ચહેરો રણવિજય સિંહ એસકે મેરેથોનમાં ભાગ લેવા રાયપુર પહોંચ્યા. લગભગ 21 કેટેગરીમાં મરીન ડ્રાઈવથી મેરેથોનની શરૂઆત થશે. જેનો ફ્લેગ ઓફ 'રોડિઝ' ફેમ રણવિજય કરશે. આ વખતે 'લેટ્સ રન ટુવર્ડ્સ અ હેલ્થીયર ઈન્ડિયા એન્ડ અ સેફર ડિજિટલ ઈન્ડિયા' થીમ પર યોજાનારી આ મેરેથોનમાં 10 હજાર દોડવીરો ભાગ લે તેવી સંભાવના છે. આ પ્રસંગે રણવિજયે દિવ્ય ભાસ્કર સાથે એક્સક્લુઝિવ વાત કરી અને પોતાના અનુભવો શેર કર્યા. વાંચો રણવિજયે યુવાનો, ફિટનેસ અને લાઈફસ્ટાઈલ વિશે શું કહ્યું મારા બાળકો હજુ નાના છે, તેથી હું તેમના માટે સમય કાઢવા માંગુ છું. કરિયરના એક તબક્કામાં ખૂબ દોડધામ કરી, પણ હવે બાળકો મોટા થાય, ત્યાં સુધી સિલેક્ટિવ કામ કરવાનો પ્લાન છે. ક્વોન્ટિટી કરતાં ક્વોલિટી ઓફ વર્ક પર ફોકસ છે.

યુવાનો જે કંઈ પણ કરે છે, તે પોતાના પરિવાર, વડીલો અને સમાજને જોઈને કરે છે. જે ઉદાહરણ આપણે તેમને આપીશું, તે આગળ જઈને તે જ કરશે. યુવાનો માટે પોતાની સેલ્ફ-વર્થ સમજવી જરૂરી છે. બીજા કોઈ માટે નહીં, પોતાના માટે જીવો.

# સોનું 3 દિવસમાં 8,000 સસ્તું, ₹1.59 લાખ પર આવ્યું: ચાંદી ₹26,000 ઘટીને ₹2.63 લાખ પર આવી

**નવી દિલ્હી, તા.06**

સોના અને ચાંદીના ભાવમાં આજે એટલે કે 6 માર્ચ (શુક્રવાર) ના રોજ સતત ત્રીજા દિવસે ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1,177 રૂપિયા ઘટીને 1,59,409 પર આવી ગયું છે. આ પહેલા ગુરુવારે તેની કિંમત 10 ગ્રામ દીઠ 1,60,586 રૂપિયા હતી. સોનું 3 દિવસમાં 8,000 રૂપિયા સસ્તું થયું છે.

જ્યારે એક કિલો ચાંદી 902 રૂપિયા ઘટીને 2,63,210 પર આવી ગઈ છે. આ પહેલા તેની કિંમત પ્રતિ કિલો 2,64,212 રૂપિયા હતી. આ 3 દિવસમાં 26,000 રૂપિયા સસ્તી થઈ છે. સોના-ચાંદીના ભાવમાં આ ઘટાડો પ્રોફિટ બુકિંગને કારણે આવ્યો છે.



ટ્રાન્સપોર્ટેશન અને સુરક્ષા: સોનાને એક શહેરથી બીજા શહેરમાં લઈ જવામાં ઈંધણ અને ભારે સુરક્ષાનો ખર્ચ થાય છે. આયાત કેન્દ્રોથી અંતર વધવા પર ટ્રાન્સપોર્ટેશન ખર્ચ વધી જાય છે, જેનાથી સ્થાનિક ભાવ વધી જાય છે. ખરીદીનો જથ્થો : દક્ષિણ ભારત જેવા વિસ્તારોમાં વપરાશ વધુ (લગભગ 40%) હોવાને કારણે જ્વેલર્સ મોટા પ્રમાણમાં સોનું ખરીદે છે. બલ્ક ખરીદી પર મળતી છૂટનો ફાયદો ગ્રાહકોને ઓછા ભાવના રૂપમાં મળે છે. સ્થાનિક જ્વેલરી એસોસિએશન: દરેક રાજ્ય અને શહેરના પોતાના જ્વેલરી એસોસિએશન (જેમ કે તમિલનાડુમાં મદ્રાસ જ્વેલર્સ એસોસિએશન) હોય છે. આ સંગઠનો સ્થાનિક માંગ અને પુરવઠાના આધારે પોતાના વિસ્તાર માટે સોનાનો ભાવ નક્કી કરે છે.

જૂનો સ્ટોક અને ખરીદ કિંમત: જ્વેલર્સે પોતાનો સ્ટોક કયા ભાવે ખરીદ્યો છે, તે પણ મહત્વનું છે. જે જ્વેલર્સ પાસે જૂનો અને સસ્તા ભાવે ખરીદેલો સ્ટોક હોય છે, તેઓ ગ્રાહકો પાસેથી ઓછી કિંમત વસૂલી શકે છે. આ વર્ષે સોના-ચાંદીની કિંમતમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2026ના રોજ સોનાના ભાવ 1.33 લાખ રૂપિયા હતા, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાના સૌથી ઊંચા સ્તરે પહોંચી ગયા હતા. ત્યારથી અત્યાર સુધી સોનું 17,000 રૂપિયા સસ્તું થયું છે. જ્યારે ચાંદીની કિંમત 31 ડિસેમ્બર 2026ના રોજ 2.30 લાખ રૂપિયા હતી, જે 29 જાન્યુઆરીએ 3.86 લાખ રૂપિયાના ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગઈ હતી. ત્યારથી અત્યાર સુધી 36 દિવસમાં ચાંદી 1.23 લાખ રૂપિયા સસ્તી થઈ ગઈ છે.

સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલ સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યુમેરિક એટલે કે આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે. કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદવાના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટના હિસાબે અલગ-અલગ હોય છે.

# સેન્સેક્સ 500 પોઈન્ટ ઘટીને 79,500 પર ટ્રેડિંગ: નિફ્ટીમાં 150 પોઈન્ટનો ઘટાડો, 24,600 પર પહોંચ્યો

**મુંબઈ, તા.06**

શેરબજારમાં આજે એટલે કે 6 માર્ચના રોજ ઘટાડો જોવા મળ્યો છે. સેન્સેક્સ 500 પોઈન્ટ (0.65%)ના ઘટાડા સાથે 79,500 પર કારોબાર કરી રહ્યો છે. નિફ્ટીમાં પણ 150 પોઈન્ટ (0.60%)નો ઘટાડો છે. તે 24,600 પર છે. આજના કારોબારમાં બેંક, રિયલ્ટી અને ઓટો શેરોમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી રહી છે.



સાઉથ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 89 પોઈન્ટ અથવા (1.59%) ઘટીને 5,495 પર છે. જાપાનનો નિક્કેઈ 212 પોઈન્ટ અથવા 0.38% વધીને 55,490 પર ટ્રેડ કરી રહ્યો છે. હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 438 પોઈન્ટ અથવા 1.73% વધીને 25,760 પર છે. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 10 પોઈન્ટ અથવા 0.25% ઉપર 4,118 પર છે.

ડાઉ જોન્સ 785 પોઈન્ટ (1.61%) ઘટીને 47,955 ના સ્તરે બંધ થયો. ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 0.26% ઘટીને 22,749 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 39 પોઈન્ટ (0.56%) ઘટીને 6,831 પર બંધ થયો.

શેરબજારમાં ગઈકાલે એટલે કે 5 માર્ચે તેજી જોવા મળી. સેન્સેક્સ 900 પોઈન્ટ (1.14%) ના ઉછાળા સાથે 80,016 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 285 પોઈન્ટ (1.17%) નો વધારો જોવા મળ્યો. તે 24,766 ના સ્તરે બંધ થયો. ઓટો, મેટલ, ફાર્મા અને એનર્જી શેરોમાં તેજી રહી.

## ટ્રમ્પની ધમકીઓ વચ્ચે પણ સ્પેનના વડાપ્રધાન અડીખમ

# અમે કોઈ પણ સંજોગોમાં યુદ્ધમાં ભાગ નહીં લઈએ: સ્પેન પોતાના નિર્ણય પર અડગ

**બાર્સેલોન, તા.06**

મધ્ય પૂર્વ દેશોમાં ચાલી રહેલા યુદ્ધમાં ઈરાન સામે લશ્કરી કાર્યવાહી કરવા માટે તાજેતરમાં અમેરિકાએ સ્પેનમાં આવેલા સંયુક્ત મિલિટરી બેઝનો ઉપયોગ કરવાની માંગ કરી હતી. જો કે, આ માટે સ્પેને ના પાડી દેતાં અમેરિકા રોષે ભરાયું છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા વેપારી નાકાબંધીની ધમકી આપ્યા પછી પણ સ્પેન પોતાના નિર્ણય પર અડગ છે. સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝે




સ્પષ્ટ શબ્દોમાં રોકડું પરખાવી દીધું છે કે, 'સ્પેન મધ્ય પૂર્વના યુદ્ધમાં ભાગ નહીં લે.' સાંચેઝે સ્પેનની સ્થિતિ માત્ર ત્રણ શબ્દોમાં સ્પષ્ટ કરતાં કહ્યું છે કે, 'યુદ્ધ માટે ના.' અમેરિકા અને ઈઝરાયલ ઈરાન સામે આકરી લશ્કરી કાર્યવાહી કરી રહ્યા છે, જે અંતર્ગત તાજેતરમાં અમેરિકાએ સ્પેનમાં આવેલા સંયુક્ત મિલિટરી બેઝનો ઉપયોગ કરવાની માંગ કરી હતી. સ્પેનમાં રોટા અને મોરોનના કેટલાક મિલિટરી બેઝનું સંચાલન અમેરિકા અને સ્પેન સંયુક્ત રીતે કરે છે. જો કે, આ તમામ બેઝ પરના અંતિમ અધિકાર સ્પેન પાસે જ છે. સ્પેન સરકારે અમેરિકાની માંગણી ફગાવી દીધી છે. તેનું કારણ એ હતું કે ઈરાન પરના હુમલાને યુનાઈટેડ નેશન્સની મંજૂરી નથી. સ્પેનના આ નિર્ણય પછી અમેરિકા નારાજ થયું છે અને તેણે પોતાના લગભગ 15 લશ્કરી વિમાનો સ્પેનમાંથી જર્મની ખસેડી દીધા છે. સ્પેનના ઈનકારથી નારાજ થઈને ટ્રમ્પે જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ સાથેની મુલાકાત વખતે સ્પેનની ટીકા કરી હતી. ટ્રમ્પે કહ્યું હતું કે સ્પેનનું વલણ 'ખૂબ ખરાબ' છે. મેં મારા ટ્રેઝરી સેક્રેટરી સ્કોટ બેસેન્ટને સ્પેન સાથેના વેપાર સંબંધો ખતમ કરવાની સૂચના આપી દીધી છે.

## એક નિવેદનથી ગેસની કિંમતમાં 50 ટકાનો ઉછાળો

# યુરોપમાં ગેસ સપ્લાય રોકવા પુતિનનો મોટો સંકેત: EUમાં ફફડાટ ફેલાયો

**મોસ્કો, તા.06**

મિડલ ઈસ્ટમાં ઈઝરાયલ અને ઈરાન વચ્ચે વધતા તણાવે વૈશ્વિક ઊર્જા સંકટ ઊભું કર્યું છે, ત્યારે રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિને એક એવો દાવ રમ્યો છે જેણે યુરોપિયન દેશોની ઊંઘ ઉડાવી દીધી છે. પુતિને સ્પષ્ટ સંકેત આપ્યા છે કે રશિયા ટૂંક સમયમાં યુરોપને મળતો ગેસ સપ્લાય સંપૂર્ણપણે બંધ કરી શકે છે અને આ કુદરતી સંસાધનને અન્ય 'આશાસ્પદ' વૈશ્વિક બજારો તરફ વાળી શકે છે. પુતિનના આ નિવેદન માત્રથી જ યુરોપિયન બજારોમાં ભૂકંપ આવી ગયો છે અને ગેસની કિંમતોમાં 50%થી વધુનો તોતિંગ ઉછાળો જોવા મળ્યો છે. ખાસ કરીને જ્યારે યુરોપિયન કમિશન 15 એપ્રિલ સુધીમાં રશિયન તેલ આયાત પર કાયમી



પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહ્યું છે, ત્યારે પુતિનનું આ વલણ અત્યંત મહત્ત્વનું માનવામાં આવે છે. પુતિને સરકારી ટીવી ચેનલ પર વાત કરતાં જણાવ્યું હતું કે, હાલમાં રશિયા માટે નવી બજારો ખુલી રહી છે અને કદાચ અત્યારે જ યુરોપિયન માર્કેટમાં સપ્લાય રોકવી રશિયા માટે વધુ નફાકારક સાબિત થઈ શકે છે. જોકે, તેમણે સ્પષ્ટતા કરી હતી કે આ માત્ર એક વિચાર છે અને હજુ કોઈ અંતિમ નિર્ણય લેવાયો નથી, પરંતુ તેમણે સરકારને આ દિશામાં કામ કરવાની સૂચના આપી દીધી છે. આ આડકતરી ધમકી પાછળ રશિયાની ચોક્કસ વ્યૂહનીતિ હોવાનું નિષ્ણાતો માની રહ્યા છે. એક તરફ પશ્ચિમી દેશો રશિયા પર પ્રતિબંધો લાદી રહ્યા છે, તો બીજી તરફ રશિયા હવે ચીન, ભારત અને અન્ય એશિયાઈ દેશો તરફ પોતાનો વેપાર વધારી રહ્યું છે. પુતિને એમ પણ ભારપૂર્વક કહ્યું કે રશિયા હંમેશા વિશ્વસનીય સપ્લાયર રહ્યું છે અને હંગેરી જેવા મિત્ર દેશો માટે તે આ અભિગમ જાળવી રાખશે.

## યુદ્ધમાં ઓસ્ટ્રેલિયાની પણ એન્ટ્રી

# ઈરાને અઝરબૈઝાન પર કર્યા ડ્રોન હુમલા: દોહામાં પણ ધડાકા કર્યા

**તહેરાન, તા.06**

ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલું યુદ્ધ હવે વિનાશક વળાંક પર પહોંચ્યું છે. છેલ્લા પાંચ દિવસમાં 1100થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે અને સંઘર્ષની આગ હવે હિંદ મહાસાગર સુધી ફેલાઈ ગઈ છે. ઈરાનના યુદ્ધનો દાયરો વધતો જ જઈ રહ્યો છે. ઈરાને હવે અઝરબૈઝાન પર ડ્રોન્સ વડે એટેક કર્યો છે. રિપોર્ટ અનુસાર અઝરબૈઝાનમાં નખચિવન એરપોર્ટ પર ડ્રોન્સ વડે હુમલો કર્યો હતો. આ હુમલામાં સામાન્ય નાગરિકો પણ ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. જ્યારે બીજી બાજુ કતારની રાજધાની દોહામાં પણ મોટા ધડાકાના અવાજ સંભળાયા હતા. અહીં પણ ડ્રોન અને મિસાઈલ દ્વારા એટેકની માહિતી સામે આવી રહી છે. મિડલ ઈસ્ટ(પશ્ચિમ એશિયા)માં ચાલી રહેલા ભીષણ યુદ્ધમાં હવે ઓસ્ટ્રેલિયા પણ સક્રિય થયું છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બાનિસે જાહેરાત કરી છે કે તેમનો



દેશ મધ્ય પૂર્વમાં સૈન્ય સંસાધનો મોકલી રહ્યો છે. ઓસ્ટ્રેલિયાના વડાપ્રધાન એન્થોની અલ્બાનિસે સત્તાવાર રીતે જાહેર કર્યું છે કે ઓસ્ટ્રેલિયન 'સૈન્ય મિલકતો' (Military Assets) મધ્ય પૂર્વ તરફ રવાના થઈ રહી છે. જોકે, સુરક્ષાના કારણોસર તેમણે કયા પ્રકારના હથિયારો કે સંસાધનો મોકલવામાં આવ્યા છે તેની વિગતવાર માહિતી આપી નથી. તેમણે આ પગલાને 'કન્ટીન્જન્સી પ્લાન' (કટોકટીની સ્થિતિ માટેની તૈયારી) ગણાવ્યો છે. ઓસ્ટ્રેલિયન બ્રોડકાસ્ટર SBS ન્યૂઝના અહેવાલ મુજબ, ઓસ્ટ્રેલિયા દ્વારા બે સૈન્ય વિમાનો તૈનાત કરવામાં આવ્યા છે. આ વિમાનોનો ઉપયોગ સંભવિત રીતે નાગરિકોને બહાર કાઢવા અથવા સૈન્ય મદદ પૂરી પાડવા માટે થઈ શકે છે. અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચેના યુદ્ધમાં હવે ઓસ્ટ્રેલિયા જેવો મોટો દેશ જોડાતા વૈશ્વિક સ્તરે આ સંઘર્ષ વધુ વ્યાપક બનવાની આશંકા સેવાઈ રહી છે.

## એક્સપોર્ટને બદલે સ્થાનિક બજાર પર ફોકસ

# ચીનનો 35 વર્ષમાં સૌથી ઓછો GDP લક્ષ્યાંક 4.5થી 5% ગ્રોથનો ટારગેટ

**બીજિંગ, તા.06**

ચીને 2026 માટે GDP ગ્રોથનો લક્ષ્યાંક ઘટાડીને 4.5 - 5% કર્યો છે. વર્ષ 1991 પછી આ પહેલીવાર છે જ્યારે ચીને પોતાનો લક્ષ્યાંક 5%થી નીચે રાખ્યો છે. બીજિંગમાં આયોજિત વાર્ષિક સંસદીય બેઠક 'ટુ સેશન્સ' દરમિયાન ચીનના પ્રીમિયર લી કિયાંગે આ જાહેરાત કરી. ચીને ગુરુવારે 15મી પંચવર્ષીય યોજના (2026-2030) નો ડ્રાફ્ટ પણ જાહેર કર્યો, જેના પર આવતા અઠવાડિયે મતદાન થશે. આ યોજનામાં વપરાશ વધારવા અને ઈનોવેશન પર ભાર મૂકવા



જેવા વિષયો સામેલ છે, જે આગામી પાંચ વર્ષ માટે બીજિંગની પ્રાથમિકતા રહેશે. ચીન હવે પોતાની આર્થિક રણનીતિ બદલી રહ્યું છે. અત્યાર સુધી ચીનની અર્થવ્યવસ્થા મુખ્યત્વે કન્સ્ટ્રક્શન અને એક્સપોર્ટ પર આધારિત હતી, પરંતુ હવે સરકારનું ધ્યાન 'હાઈ-ક્વોલિટી ગ્રોથ' પર છે. ચીન હાલમાં ઘણા મોરચે સંઘર્ષ કરી રહ્યું છે. દેશનું રિયલ એસ્ટેટ લાંબા સમયથી સંકટમાં છે. ઘરેલું માંગ નબળી પડી ગઈ છે અને વસ્તી ઝડપથી વૃદ્ધ થઈ રહી છે. નિષ્ણાતોનું કહેવું છે કે જેમ જેમ કોઈ દેશ મધ્યમ આવક વર્ગથી ઉપર વધે છે, તેની ગતિ સ્વાભાવિક રીતે ધીમી પડે છે. યુરેશિયા ગ્રુપના ડિરેક્ટર ડેન વાંગના મતે, ચીન હવે એક્સપોર્ટને બદલે ઘરેલું સુધારાઓ પર ધ્યાન આપી રહ્યું છે અને સરકારે બેરોજગારી પ્રત્યે પણ પોતાની સહનશીલતા વધારી છે. 1.20 કરોડ નવી નોકરીઓનું લક્ષ્ય, પરંતુ પડકારો યથાવત. ચીની સરકારે આ વર્ષે શહેરોમાં 1.20 કરોડથી વધુ નવી નોકરીઓ ઊભી કરવાનો સંકલ્પ લીધો છે. બેરોજગારી દરનું લક્ષ્ય 5.5% રાખવામાં આવ્યું છે.

# ઈરાન-ઈઝરાયલ યુદ્ધ વચ્ચે અમેરિકી બજાર 400 અંક ઘટ્યું: 48,501ના સ્તરે બંધ થયું, ટ્રમ્પના એક નિવેદનથી બજારમાં રિકવરી આવી.....

**વોશિંગ્ટન, તા.05**

અમેરિકી શેરબજાર ડાઉ જોન્સ 3 માર્ચના રોજ ઘટાડા સાથે બંધ થયું. કારોબાર દરમિયાન એક સમયે 1,200 પોઈન્ટથી પણ વધુ તૂટ્યો હતો, પરંતુ બાદમાં તેણે નીચલા સ્તરોથી લગભગ 800 પોઈન્ટની રિકવરી કરી. ડાઉ જોન્સ 403 અંક (0.83%) ઘટીને 48,501ના સ્તરે બંધ થયો. ટેક આધારિત ઈન્ડેક્સ નાસ્ડેક કમ્પોઝિટ 1.02% ઘટીને 22,516 પર બંધ થયો. S&P 500 ઈન્ડેક્સ 65 અંક (0.94%) ઘટીને 6,816 પર બંધ થયો. બજારમાં આ રિકવરી અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એક નિવેદન બાદ આવી છે. ટ્રમ્પે જણાવ્યું કે તેમણે યુનાઈટેડ સ્ટેટ્સ ડેવલપમેન્ટ ફાઈનાન્સ કોર્પોરેશનને કહ્યું છે કે તે ખૂબ જ વાજબી કિંમતે દરિયાઈ વેપારની નાણાકીય સુરક્ષા માટે વીમો ઉપલબ્ધ કરાવે. ટ્રમ્પનું આ નિવેદન ત્યારે આવ્યું છે જ્યારે ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ (IRGC) એ તેલ સપ્લાયના મહત્વના રૂટ



હોર્મુઝમાંથી પસાર થતા કોઈપણ જહાજને આગ લગાડવાની ધમકી આપી છે. આ રસ્તો દુનિયાની 20%થી વધુ તેલ સપ્લાય માટે સૌથી મોટો અને મહત્વનો પોઈન્ટ છે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે જો જરૂર પડી, તો અમેરિકી નૌકાદળ હોર્મુઝ જળમાર્ગમાંથી ટેન્કરોને સુરક્ષા આપીને બહાર કાઢશે, જેથી ઊર્જાનો પુરવઠો કોઈપણ અવરોધ વિના ચાલુ રહે. ઈઝરાયલ-અમેરિકા દ્વારા ઈરાન પર કરવામાં આવેલા હુમલાઓ પછી તેની વળતી કાર્યવાહીએ રોકાણકારોને ડરાવી દીધા છે. સાઉદી અરબમાં અમેરિકી દૂતાવાસ પર ડ્રોન હુમલા અને મિડલ ઈસ્ટના અન્ય ભાગોમાં વધતી હિંસાથી આ ડર બેસી ગયો છે કે આ યુદ્ધ હવે લાંબુ ચાલશે. બજારને આશંકા છે કે આ ફક્ત બે દેશો સુધી સીમિત ન રહીને સમગ્ર ક્ષેત્રમાં ફેલાઈ શકે છે. ઈરાને દુનિયાના સૌથી મહત્વપૂર્ણ તેલ માર્ગ સ્ટ્રેટ ઓફ હોર્મુઝને બંધ કરવાની જાહેરાત કરી છે. જ્યાંથી દુનિયાનું લગભગ 20% ક્રૂડ ઓઈલ પસાર થાય છે. આ તણાવને કારણે ક્રૂડ ઓઈલની કિંમતો આજે 5% થી વધુ ઉછળીને 80.14 ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગઈ છે. તેલ મોંઘું થવાનો સીધો અર્થ છે કંપનીઓની પડતર વધવી અને નફો ઘટવો. તેલ અને ગેસની કિંમતોમાં અચાનક આવેલા આ ઉછાળાએ મોંઘવારી વધવાનો ખતરો ઊભો કર્યો છે. રોકાણકારોને ડર છે કે જો મોંઘવારી વધશે, તો અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજ દરોમાં ઘટાડો કરવાને બદલે તેમને વધુ વધારી શકે છે અથવા લાંબા સમય સુધી સ્થિર રાખી શકે છે.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**ટેન્ડર જાહેરાત**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. સીએમએમ-સાબરમતી, પશ્ચિમ રેલવે સામગ્રીઓની આપૂર્તિ માટે નીચે જણાવેલ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

| અનું. નં. | ટેન્ડર નં. | સામગ્રીઓનું ટૂંકુ વર્ણન | નંગ | ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય | ઈએમડી રકમ |
|---|---|---|---|---|---|
| ૦૧ | ૭૧૨૬૫૦૭૫ | પંપ (પાર્ટ નં. HY704X180L/EP4/A380BAR SUBSTITUTE HY704X180L/EL/A380 BAR) બનાવટ : PLASSER, REXOTH. | ૧૪ નંગ | ૩૧ માર્ચ ૨૦૨૬ ૧૧:૦૦ કલાકે | ૩,૩૪,૫૧૦/- |
| ૦૨ | ૭૧૨૬૫૨૨૦ | સંપૂર્ણ લિફ્ટીંગ યુનિટ + લિફ્ટીંગ ક્લેમ્પ્સ (પાર્ટ નં. EB64.14.1000.72 SUB RE150.00.001) બનાવટ : Plasser | ૦૧ નંગ | ૩૧ માર્ચ ૨૦૨૬ ૧૧:૦૦ કલાકે | ૪,૫૪,૪૪૦/- |
| ૦૩ | ૭૧૨૫૬૬૭૨ | હાઈડ્રોલીક મોટર (PLASSER પાર્ટ નં. 62.05.2000.123) બનાવટ : Plasser, Rexroth. | ૧૪ નંગ | ૩૧ માર્ચ ૨૦૨૬ ૧૧:૦૦ કલાકે | ૪,૪૬,૯૮૦/- |
| ૦૪ | ૭૧૨૫૬૬૪૩ | કટર ચેન ડ્રાઈવ પંપ (પાર્ટ નં. 62.05.2000.111) બનાવટ: PLASSER, REXROTH. | ૧૦ નંગ | ૩૧ માર્ચ ૨૦૨૬ ૧૧:૦૦ કલાકે | ૨,૫૮,૭૦૦/- |
| ૦૫ | ૭૧૨૫૬૩૧૩ | પંપ (પાર્ટ નં. 62-05-1000-483, પેટા પાર્ટ નં. A4VG250EP4D1/32LNF02F001) બનાવટ : PLASSER, REXROTH. | ૧૯ નંગ | ૩૧ માર્ચ ૨૦૨૬ ૧૧:૦૦ કલાકે | ૯,૪૧,૬૪૦/- |

ખરીદીના નિયંત્રણો અને વિગતવાર ટેન્ડરની શરતો સહિતની વિગતવાર ટેન્ડર નોટીસ અંગે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લેશો. મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહિં.

ADI-300

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**

ઈ-ટેન્ડર નોટીસ નં. Sr.DEE/ADI/ 47(25-26) તારીખ: 03.03.2026

**એર-કન્ડિશનીંગ સિસ્ટમના સંચાલન અને જાળવણીના કોન્ટ્રાક્ટની જોગવાઈના સંબંધમાં ઈલેક્ટ્રિકલ કામ**

ટેન્ડર નં. EL-50-1-ADI-T-57-2025-26

**કામનું નામ:** ૦૩ વર્ષોના સમયગાળા માટે DRM ઓફિસ અસારવા ખાતે એર-કન્ડિશનીંગ સિસ્ટમના સંચાલન અને જાળવણીના કોન્ટ્રાક્ટની જોગવાઈ અને અમદાવાદ ડિવિઝન ઉપર રનીંગ રૂમ્સના વિવિધ બનાવટ અને ક્ષમતાના ૩૩૪ નંગ AC યુનિટ્સના CAMC ના સંબંધમાં વીજળી કામ. **અંદાજીત પડતર:** ₹ ૧,૧૯,૧૪,૦૩૯.૮૨ **અર્નેસ્ટ મની:** ₹ ૨,૦૯,૬૦૦/- **ટેન્ડર જમા કરવાની અને ખુલવાની તારીખ અને સમય:** તા.૩૦-૦૩-૨૦૨૬ ના ૧૫:૦૦ કલાકે તે પછી નહિં અને તા.૩૦-૦૩-૨૦૨૬ ના ૧૫:૩૦ કલાકે ટેન્ડર ખોલાશે. **ઓફીસનું સરનામું અને વેબસાઈટ વિગત:** સિની. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જીનીયર, ડી.આર.એમ. ઓફીસ (પ.રે.), ચામુંડા બ્રિજ પાસે, જી.સી.એસ. હોસ્પિટલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-૩૮૨૩૪૫. **વેબસાઈટ વિગત:** www.ireps.gov.in

ADI-299

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# ગુજરાતના યુવાનોનો UPSCમાં દબદબો, SPIPAના રેકોર્ડબ્રેક 34 ઉમેદવારો સિવિલ સર્વિસમાં સફળ...

**અમદાવાદ, તા.06**

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન(UPSC) દ્વારા લેવામાં આવેલી સિવિલ સર્વિસ પરીક્ષા-2025ના અંતિમ પરિણામમાં અમદાવાદની સરદાર પટેલ લોક પ્રસાશન સંસ્થા(SPIPA)માં તાલીમ લીધેલા કુલ 34 ઉમેદવારો અખિલ ભારતીય સેવા માટે પસંદગી પામ્યા છે. આમ, SPIPAના રેકોર્ડબ્રેક 34 ઉમેદવારો સિવિલ સર્વિસમાં સફળ થયા છે.

UPSCમાં આ વર્ષના પરિણામોમાં ફરી એકવાર દેશભરના યુવાનોએ પોતાની પ્રતિભા સાબિત કરી છે, જેમાં ખાસ કરીને ગુજરાતની SPIPAના 34 ઉમેદવારોએ ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી રાજ્યનું નામ રોશન કર્યું છે. જાહેર થયેલા લિસ્ટ મુજબ, નિસાર દિશાંતે ઓલ ઈન્ડિયા 19મો રેન્ક મેળવ્યો છે. તેમની આ સિદ્ધિ અન્ય લાખો ઉમેદવારો માટે પ્રેરણારૂપ બની છે. આ ઉપરાંત ચૌધરી વિપુલભાઈ (115મો રેન્ક), ભાવેશ જગલાન (128મો રેન્ક), પંકજ સોની (130મો રેન્ક), સૌરભ શર્મા (146મો રેન્ક) ટોપ 150માં સ્થાન હાંસલ કર્યું છે.

UPSC દ્વારા 23 મે, 2025ના રોજ યોજાયેલી સિવિલ સર્વિસ પ્રિલિમ પરીક્ષાનું પરિણામ 11 જૂન, 2025ના રોજ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં સમગ્ર ભારતમાંથી કુલ 14,161 ઉમેદવારો મુખ્ય પરીક્ષા માટે ક્વોલિફાય થયા હતા. તેમાં SPIPA ખાતે તાલીમ લીધેલા 272 ઉમેદવારોનો સમાવેશ થાય છે.

ત્યારબાદ મુખ્ય પરીક્ષાનું પરિણામ 11 નવેમ્બર 2025ના રોજ જાહેર થયું હતું, જેમાં સમગ્ર ભારતમાંથી 2376 ઉમેદવારો પર્સનાલિટી ટેસ્ટ માટે પસંદ થયા હતા. તેમાં SPIPAના 82 ઉમેદવારોનો સમાવેશ થયો હતો.




ડિસેમ્બર 2025થી ફેબ્રુઆરી 2026 દરમિયાન યોજાયેલા પર્સનાલિટી ટેસ્ટના આધારે UPSC દ્વારા 05 માર્ચ 2026ના રોજ જાહેર કરાયેલા અંતિમ પરિણામમાં સમગ્ર ભારતમાંથી 958 ઉમેદવારો અખિલ ભારતીય સેવા માટે પસંદ થયા છે. આ આખરી ચયનમાં SPIPA ખાતે તાલીમ લીધેલા 34 ઉમેદવારોનો સમાવેશ થાય છે.

પર્સનાલિટી ટેસ્ટ માટે સ્પીપા દ્વારા ઉમેદવારોને નવેમ્બર 2025થી ફેબ્રુઆરી 2026 દરમિયાન વિશેષ તાલીમ આપવામાં આવી હતી. આ તાલીમમાં 15 'મોક ઈન્ટરવ્યુ' અને 4 વિશેષ વ્યાખ્યાનોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત ઈન્ટરવ્યુ માટે નવી દિલ્હી જનાર ઉમેદવારો માટે ગુજરાત ભવન ખાતે રહેવાની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

SPIPA દ્વારા UPSC સિવિલ સર્વિસ પરીક્ષા માટે ઉમેદવારોને વિના મૂલ્યે તાલીમ, અભ્યાસ સામગ્રી, પુસ્તકાલય, વાંચનખંડ તથા ઈન્ટરનેટ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવે છે. સંસ્થા દ્વારા ઉમેદવારોને માર્ગદર્શન અને શૈક્ષણિક સહાય પૂરી પાડવામાં આવતાં રાજ્યના યુવાનોને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા મેળવવામાં મદદ મળી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા ઉમેદવારોને પ્રોત્સાહિત કરવા વિવિધ પ્રકારની પ્રોત્સાહન સહાય પણ આપવામાં આવે છે. જેમાં પ્રિલિમ પરીક્ષાની તાલીમ માટે માસિક સહાય ઉપરાંત પ્રિલિમ તથા મુખ્ય પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોને પણ નિર્ધારિત આર્થિક સહાય આપવામાં આવે છે.

પ્રિલિમ પરીક્ષાની તાલીમમાં પ્રવેશ મેળવનાર ઉમેદવારોને વધુમાં વધુ સાત મહિના માટે દર મહિને રૂ.2,000/- પ્રોત્સાહન સહાય આપવામાં આવે છે.

સિવિલ સર્વિસ પરીક્ષામાં અંતિમ પસંદગી મેળવનાર ગુજરાતના ડોમિસાઈલ ઉમેદવાર યુવકોને રૂ.51,000/- અને યુવતીઓને રૂ.61,000/- તેમજ નોન-ડોમિસાઈલ ઉમેદવાર યુવકોને રૂ.21,000/- અને યુવતીઓને રૂ.31,000/- પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે.

છેલ્લા ત્રણ વર્ષના પરિણામો અનુસાર SPIPAની સફળતા નોંધપાત્ર રહી છે. વર્ષ 2023માં 26, વર્ષ 2024માં 27 અને વર્ષ 2025માં 34 ઉમેદવારો UPSC સિવિલ સર્વિસમાં અંતિમ રીતે પસંદ થયા છે.

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની આજે ચૂંટણી: ભાજપ, કોંગ્રેસ અને AAP સમર્થિત ઉમેદવારો વચ્ચે રસાકસીભર્યો જંગ

**અમદાવાદ, તા.06**

6ઠ્ઠી માર્ચ શુક્રવારના રોજ ગુજરાત બાર કાઉન્સિલની પ્રતિષ્ઠાભરી ચૂંટણી યોજાઈ રહી છે. આ ચૂંટણીને લઈને સમગ્ર રાજ્યના વકીલ આલમમાં ભારે ઉત્તેજના અને ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે. મહત્વની વાત એ છે કે આ વખતે પ્રથમવાર સમગ્ર મતદાન પ્રક્રિયા લાઈવ રેકોર્ડિંગ અને સીસીટીવી કેમેરાની દેખરેખ હેઠળ યોજાશે, જે પારદર્શિતા લાવવા માટેનો એક મોટો નિર્ણય છે.

6ઠ્ઠી માર્ચે મતદાન થયા બાદ તમામ મતપેટીઓ ગુજરાત હાઈકોર્ટ ઓડિટોરિયમ ખાતે લાવવામાં આવશે. 9મી માર્ચથી મતગણતરી શરૂ થશે અને 14મી માર્ચ સુધીમાં અંતિમ પરિણામો જાહેર થવાની શક્યતા છે.

આ વખતે કુલ 25 સભ્યોને બદલે 23 સભ્યો માટે ચૂંટણી યોજાશે. સુપ્રીમ કોર્ટના નિર્દેશ મુજબ 30% મહિલા અનામતને કારણે 5 બેઠકો મહિલા વકીલો માટે ફાળવવામાં આવી છે. ચૂંટણી મેદાનમાં 79 પુરુષ અને 20 મહિલા ઉમેદવારો પોતાનું નસીબ અજમાવી રહ્યા છે.

આ ચૂંટણીમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા વકીલ ઉમેદવારોએ પણ ઝંપલાવ્યું છે, જેના કારણે વકીલાતના વ્યવસાય સાથે જોડાયેલી આ ચૂંટણીમાં રાજકીય રંગ પણ જોવા મળી રહ્યો છે. રાજ્યભરના અંદાજે 77 હજારથી વધુ વકીલ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે. આ માટે 150થી વધુ મતદાન મથકો અને 450થી વધુ પોલિંગ ઓફિસરોની નિમણૂક કરવામાં આવી છે.

છેલ્લા 27 વર્ષથી બાર કાઉન્સિલમાં 'સમરસ પેનલ'નો દબદબો રહ્યો છે, ત્યારે આ વખતે બદલાયેલા સમીકરણો અને પ્રેફરેન્શિયલ વોટિંગ પદ્ધતિમાં કોણ બાજી મારે છે તેના પર રાજ્યના ન્યાયતંત્રની નજર ટકેલી છે.

# યુદ્ધને લીધે દુબઈમાં ફસાયા એક જ પરિવારના 13 ગુજરાતી પ્રવાસીઓ, વતન પરત ફરવા સરકાર પાસે માગી મદદ....

**અમદાવાદ, તા.06**

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચે વણસેલી યુદ્ધ જેવી સ્થિતિને કારણે વિદેશ પ્રવાસે ગયેલા ભારતીયોની મુશ્કેલીમાં ભારે વધારો થયો છે. ખાસ કરીને દુબઈ અને અબુ ધાબી ફરવા ગયેલા અમદાવાદના સોલા વિસ્તારમાં રહેતા 13 જેટલા ગુજરાતના એક જ પરિવારના લોકો હાલ ત્યાં ફસાયેલા છે. અબુ ધાબી પર થયેલા મિસાઈલ હુમલા અને ત્યારબાદ ફ્લાઈટ્સ રદ થવાને કારણે મુસાફરોની હાલત કફોડી બની છે. જેમાં સિનિયર સિટીઝનોની દવાઓ અને ખાવા-પીવાની સામગ્રી ખૂટી પડતા તેઓ ભારે આર્થિક અને શારીરિક મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. હોટલ સંચાલકો દ્વારા વધારાના નાણાંની માંગ અને મોંઘા વિમાની ભાડાને કારણે લાચાર બનેલા આ પરિવારો હવે ભારત સરકાર પાસે સુરક્ષિત વતન વાપસી માટે આશા છે. મહત્ત્વનું છે કે, આ લોકો 25મી ફેબ્રુઆરીના રોજ દુબઈ ફરવા માટે ગયા હતા અને ત્યાંથી બે-ત્રણ દિવસ રોકાયા બાદ અબુધાબી ગયા હતા. અબુ ધાબીમાં તેને ફ્લાઈટો




કેન્સલ થવાના સમાચાર મળતા તેઓ તુરંત દુબઈ પરત ફર્યાં હતા. જોકે, તેમની ભારત જવાની નિર્ધારિત ફ્લાઈટ્સ અને ત્યારબાદ કરાવેલી બીજી ટિકિટો પણ કેન્સલ થઈ ગઈ છે, જેના કારણે તેઓ હાલ દુબઈમાં ફસાયેલા છે. હાલમાં આ મુસાફરો પાસે પૈસા, રહેવા-જમવાની સગવડ અને પીવાના પાણીની પણ ભારે તકલીફ ઊભી થઈ છે. સૌથી ગંભીર બાબત એ છે કે આ લોકોમાં ડાયાબિટીસ અને બીપીના દર્દીઓ પણ સામેલ છે જેમની જરૂરી દવાઓ હવે ખૂટી ગઈ છે. આ પરિસ્થિતિમાં તેઓ ભારત પરત જવા માટે મદદની પોકાર કરી રહ્યા છે કારણ કે તેમની પાસે હવે ખર્ચ કરવા માટે પણ પૈસા બાકી રહ્યા નથી. દુબઈમાં ફસાયેલા પ્રકાશ પ્રજાપતિએ જણાવ્યું કે, 'અમે 25 તારીખે 13-14 લોકોના ગ્રુપ સાથે દુબઈ ફરવા આવ્યા હતા, જેમાં 8 સિનિયર સિટીઝન અને 2 બાળકો પણ હતા. 28મી તારીખે જ્યારે અમે અબુ ધાબીમાં પાર્લામેન્ટ જોવા ગયા હતા, ત્યારે ઈરાને હુમલો કર્યો. ત્યાંના લોકો તો શાંત હતા અને અમને ગભરાવા ના પાડતા હતા, પણ ભારતથી ચિંતામાં ફોન આવવા લાગ્યા એટલે અમે પેનિક થઈ ગયા હતા. અમે મિસાઈલ ફૂટવાનો અવાજ પણ સાંભળ્યો હતો. ત્યાંની ડિફેન્સ સિસ્ટમ એટલી ઝડપી હતી કે મિસાઈલોને હવામાં જ તોડી પાડી, જોકે, તેનો કચરો નીચે પડવાથી લોકોને નુકસાન થયું હતું. અમે સુરક્ષિત રીતે ગાડી દ્વારા પાછા દુબઈ આવી ગયા, પણ અમારા ફોનમાં ઍલર્ટ વાગતા હતા.

# 'રાજ્ય સરકાર નોકરીદાતા છે, શોષણ કરી શકે નહીં': હોમગાર્ડનું દૈનિક ભથ્થુ પોલીસકર્મીના મિનિમમ પગાર અનુસાર કરવું...

**અમદાવાદ, તા.06**

ગુજરાત હાઈકોર્ટમાં અરજદાર રાજેશ જાની સહિત કુલ 6 અરજદારોએ એડવોકેટ એચ.કે. ઠાકોર અને ઉમેશ.ટી. મિશ્રાના સહયોગથી હોમગાર્ડના દૈનિક ભથ્થાને લઈને અરજી દાખલ કરી હતી. જે જસ્ટિસ મૌલિક શેલતની કોર્ટમાં રજૂ થઈ હતી. જેમાં હોમગાર્ડસને પણ રેગ્યુલર પગાર અને સરકારી નોકરી જેવા જ લાભો આપવાની માગ કરવામાં આવી હતી.

હાઈકોર્ટે અરજદારોની અરજી અંશત: માન્ય રાખતા હુકમ કર્યો છે કે, હોમગાર્ડસને મળતું દૈનિક ભથ્થું 450 રૂપિયાથી વધારીને પોલીસ કર્મચારીઓને મળતા મિનિમમ પગાર અનુસાર કરવું જોઈએ. રાજ્ય સરકારને આ માટે નિર્ણય લેવા એક મહિનાનો સમય આપવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, રાજ્યમાં 53 હજાર જેટલા હોમગાર્ડ્સ છે.

આ કેસમાં અરજદાર વતી રજૂઆત કરવામાં આવી હતી કે,



અત્યારે હોમગાર્ડને દૈનિક ભથ્થું 450 રૂપિયા મળે છે. જે પોલીસ કર્મચારીના મળતા લઘુત્તમ પગાર કરતા ઓછું છે. સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ હોમગાર્ડસના દૈનિક ભથ્થામાં બેઝિક સેલરી, ગ્રેડ-પે, મોંઘવારી ભથ્થું અને વોશિંગ એલાઉન્સનો સમાવેશ કરવો જોઈએ. વર્ષ 2021માં હોમગાર્ડસનું દૈનિક ભથ્થું વધારીને 300 થી 450 રૂપિયા કરવામાં આવ્યું હતું, પરંતુ રાજ્ય સરકાર સુપ્રીમ કોર્ટ અને કેન્દ્રના આદેશને અવગણી શકે નહીં.

રાજ્ય સરકાર વતી દલીલ કરવામાં આવી હતી કે, હોમગાર્ડસને પહેલા 200 રૂપિયા દૈનિક ભથ્થું મળતું હતું. તેને વધારીને 300 રૂપિયા કરવામાં આવ્યું છે. ત્યારબાદ વર્ષ 2021માં 450 રૂપિયા તે સમયના લઘુત્તમ વેતન મુજબ નક્કી કરવામાં આવ્યું હતું. તેમને મેડિકલ ફેસિલિટી મળે છે, આ ઉપરાંત એક ફંડ પણ ઊભું કરવામાં આવ્યું છે. તેમનું મેસ એલાઉન્સ પણ 100થી વધારીને 200 રૂપિયા કરવામાં આવ્યું છે. આમ તેમને દૈનિક 650 રૂપિયા જેટલું દૈનિક ભથ્થું મળે છે.

સુપ્રીમ કોર્ટે જે ચુકાદો આપ્યો હતો તેની સામે કેન્દ્ર સરકારે રીવ્યુ પિટિશન દાખલ કરી હતી. તેની ઉપર ચુકાદો આવવાનો બાકી છે. વળી હોમગાર્ડની સેવા તે સ્વૈચ્છિક સેવા છે. જ્યારે પોલીસની ડ્યુટી અઠવાડિયાના સાતેય દિવસ અને 24 કલાક માટે હોય છે. હોમગાર્ડની જરૂર હોય ત્યારે જ ડ્યુટી ઉપર બોલાવવામાં આવે છે.

જો કે, હાઈકોર્ટે નોંધ્યું હતું કે, સુપ્રીમના ચુકાદાનું પાલન કરવા દરેક રાજ્ય બંધાયેલું છે. વર્ષ 2018માં પોલીસને મળતું મિનિમમ દૈનિક વેતન 631 રૂપિયા હતું. જ્યાં સુધી રાજ્ય સરકાર દ્વારા હોમગાર્ડના જવાનોને દૈનિક મેસના ભથ્થા તરીકે 200 રૂપિયા આપવાની વાત છે, પરંતુ સરકારી વકીલ તેમને આ ભથ્થું મળી રહ્યું છે કે નહીં તે સાબિત કરી શક્યા નથી. રાજ્ય સરકાર કેન્દ્ર અને સુપ્રીમના આદેશોને નકારી શકે નહીં.

આથી હોમગાર્ડનું દૈનિક ભથ્થું 450 રૂપિયાથી વધારીને પોલીસ કર્મચારીઓને જે મિનિમમ પગાર મળે છે તે જ દૈનિક ધોરણે મુજબ આપવું જોઈએ. પોલીસ કોન્સ્ટેબલનેને હાલમાં લઘુતમ 21,000 થી લઈને 25000 રૂપિયા સુધીનો પગાર મળે છે. રાજ્ય એક આદર્શ નોકરી દાતા છે. તે કર્મચારીઓનું શોષણ કરી શકે નહીં. વળી સુપ્રીમ કોર્ટે પણ કેન્દ્ર સરકાર દ્વારા દાખલ કરાયેલ રીવ્યૂ પિટિશન ફગાવી કાઢી છે.

રાજ્ય લોકો ઉપર જુલમ કરી શકે નહીં. આ વાત બંધારણના સમાનતાના અધિકારોનો ભંગ કરનારી છે. રાજ્યની રજૂઆતોથી કોર્ટ સંતુષ્ટ નથી. જેથી એક મહિનાની અંદર રાજ્ય સરકાર નિર્ણય લે કે હોમગાર્ડ્સના 450 રૂપિયાના દૈનિક ભથ્થાને વધારીને પોલીસ કોન્સ્ટેબલને મળતા દૈનિક મિનિમમ વેજ જેટલું કરવામાં આવે.




અમદાવાદના મુખ્યાલય ક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલના કાર્યાલયના સહાયક નિયામક (પોસ્ટલ સર્વિસીસ) શ્રી અલ્પેશ આર. શાહે પ્રથમ ઓલ ઈન્ડિયા પોસ્ટલ પેરા સ્પોર્ટ્સ મીટમાં ગુજરાત પોસ્ટલ સર્કલનું પ્રતિનિધિત્વ કર્યું હતું. આ સ્પર્ધા પોસ્ટ વિભાગ દ્વારા 27-28 ફેબ્રુઆરી, 2026 ના રોજ દુર્ગમાં છત્તીસગઢ પોસ્ટલ સર્કલના સહયોગથી યોજાઈ હતી.

ઉત્તમ રમતગમત અને નિશ્ચય દર્શાવતા, શ્રી શાહે આ કાર્યક્રમમાં ટેબલ ટેનિસમાં બ્રોન્ઝ મેડલ જીત્યો. દેશભરના વિવિધ પોસ્ટલ સર્કલનું પ્રતિનિધિત્વ કરતા પોસ્ટલ કર્મચારીઓએ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

ગુજરાત સર્કલના મુખ્ય પોસ્ટમાસ્ટર જનરલ અને અમદાવાદના મુખ્યાલય ક્ષેત્રના પોસ્ટમાસ્ટર જનરલે શ્રી શાહને તેમની સિદ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતા અને ગુજરાત પોસ્ટલ સર્કલને ગૌરવ અપાવવા માટેના તેમના સમર્પણ અને પ્રયાસોની પ્રશંસા કરી હતી.

પોસ્ટ વિભાગ તેના કર્મચારીઓમાં રમતગમત પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપે છે અને ઓલ ઈન્ડિયા પોસ્ટલ પેરા સ્પોર્ટ્સ મીટ જેવા પ્લેટફોર્મ દ્વારા સમાવેશ, તંદુરસ્તી અને રમતગમતની શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપે છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

